بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧–ઓક્ટોબર–૨૦૧૨**

ઝી ક઼અદા–ઝીલ હજ્જ

હિજરી સન : ૧૪૩૩

વર્ષ : ૦૯, અંક : ૧૦, સળંગ અંક : ૧૦૬



**સ્થાપક અને પ્રકાશક**
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/– |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/– |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/– |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/– |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/– |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/– |


**માનદ તંત્રી**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | જગતભરમાં ઈસ્લામનું અપમાનકર્તાઓને..... | ૦૨ |
| ૦૨ | **હજ્જ વિશે અભ્યાસ કરો ને તમારા....** | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૯ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૨ |
| ૦૫ | હ઼દાઈકે઼ બખ્શિશ | ૧૪ |
| ૦૬ | અવલિયા અલ્લાહની કરામતો | ૧૭ |
| ૦૭ | ક઼ાનૂને શરીઅત | ૧૯ |
| ૦૮ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૪ |
| ૦૯ | બદ્અક઼ીદાને ત્યાં કુર્બાનીમાં દા'વત વિશે હુકમ | ૨૬ |
| ૧૦ | ગુનાહોથી તૌબા | ૨૭ |
| ૧૧ | નબી صلی اللہ علیہ وسلم ના જીવનનું સામાજિક પાસુ | ૩૦ |
| ૧૨ | સ્કૂલ, કોલેજ તથા દુનિયવી શિક્ષણના કાર્યમા... | ૩૪ |
| ૧૩ | કુર્બાનીના જરૂરી ફઝાઈલ તથા મસાઈલ | ૩૬ |
| ૧૪ | અમેરિકી લશ્કરી ટ્રેનિંગમાં ઈસ્લામ વિરૂદ્ધ... | ૪૦ |
| ૧૫ | હજ્જ સંબંધી વિવિધ પ્રશ્નોના જવાબો | ૪૨ |
| ૧૬ | "નરોડા કાંડ" જેવા જજમેન્ટો જ દેશમાં... | ૪૫ |
| ૧૭ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૬ |


## નૂરે નઝર નમાઝ....

(રજૂકર્તા : સીરાજ ક઼ાદરી–અહમદાવાદ)

ખાલિકને ક્યા બનાઈ હૈ નૂરે નઝર નમાઝ
અંધેર થા જહાં મેં, ન હોતી અગર નમાઝ
પળ્હતે હૈં ખૌફે હક્ક઼સે જો બા ચશ્મે તર નમાઝ
ઉનકે લિએ બુઝાએગી નારે સકર નમાઝ
સોએંગે ક઼બ્ર મેં વોહી બે ખૌફ જો યહાં
પળ્હતે હૈં નિંદ છોળ કે વક્તે ફજર નમાઝ
રહતા હૈ જિન કો ફિક્ર નમાઝોં કા રાત દિન
ગોયા વોહ પળ્હતે રહતે હૈં આઠોં પહર નમાઝ
તકબીર ઔર અઝાન તો કાનોં મેં હો ચુકી
બાકી રહી ફક઼ત તેરી અય બે ખબર નમાઝ
ઉનકે લિએ બનાએગી યહ ઘર બહિશ્ત મેં
દુન્યા મેં જિન કે દિલ મેં બનાતી હૈ ઘર નમાઝ
અય બે નમાઝ વ સંગ દિલો સર ઝુકાઓ તુમ
દેખો તો ફિર દિખાતી હૈ ક્યા ક્યા અસર નમાઝ
થોળી સી ઝિંદગી પે તૂ ગાફિલ હૈ કિસ ક઼દર
આ જાએગી ક઼ઝા, તૂ ક઼ઝા અબ ન કર નમાઝ
હાઝિર તૂ હર નમાઝ મેં રખ દિલ કો અય "ફક઼ીર"
કુછ તો સમજ કે તૂ હૈ કહાં ઔર કિધર નમાઝ

તંત્રીલેખ

# જગતભરમાં ઈસ્લામનું અપમાનકર્તાઓને પોષતો દેશ : અમેરિકા

*ઈસ્લામ કી ફિતરતમેં કુદરતને લચક દી હૈ-જિતના હી દબાઓગે ઉતના હી યે ઉભરેગા*

અમેરિકા તથા પશ્ચિમી દેશોની જાણે કે એ નીતિ થઈ ગઈ છે કે થોડા થોડા સમયે ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામ (ﷺ)નું અપમાન કરતુ કોઈ ન કોઈ કરતૂત ખડુ કરતા રહેવું જેથી વિશ્વભરમાં મુસલમાનોની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચતી રહે અને તેઓ અજંપામાં સડકો પર નીકળી આવે, દેખાવો કરે, તોફાનો ખડાં થાય અને પોતે જ તેમાં શહીદ પણ થતા રહે. સારાંશ કે મુસ્લિમોને ચૈનથી જીવવા ન દેવા. અને એવાં અપમાન કરતાં કૃત્યોના જે હાથા બને તેમને રક્ષણ આપવું. જેમ કે બદ્‌બખ્ત સલ્માન રુશ્દી તથા તસ્લીમા નસ્રીન બાંગલાદેશી તેમજ થોડા સમય અગાઉ કુર્આન શરીફનું દહન કરનાર અમેરિકી પાદરી તથા અન્ય પશ્ચિમી દેશોના વિકૃત માનસ ધરાવનારાઓનાં એવાં કરતૂતો જેમ કે ઈસ્લામના પયગંબરનું અપમાનકર્તા કાર્ટુનોનું પ્રકરણ તેમજ અમેરિકી લશ્કરી ટ્રેનિંગમાં ઈસ્લામ વિરુદ્ધ ઉશ્કેરણીની ઘટનાની તો હજી શાહી સૂકાઈ નથી !.....વગેરે. અને હાલમાં જ અમેરિકાની ''સેમ બેસાઈલ'' નામની મૂળ *ઈઝરાઈલી (યહૂદી)* વ્યક્તિએ ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામ (ﷺ)નું અપમાન કરતી ફિલ્મનું નિર્માણ કરીને જગતભરના મુસલમાનોનાં દિલોને રંજાડી મૂક્યાં છે જેના કારણે જગતભરના મુસ્લિમોમાં વિરોધ પ્રદર્શનો અમેરિકા વિરુદ્ધ થઈ રહ્યાં છે. અમો પણ આ કૃત્યને સખત શબ્દોમાં વખોડીએ છીએ અને આ ગુસ્તાખની ધરપકડ કરીને તેને સખત શિક્ષા થવી જોઈએ એવી અમારી માગ કરીએ છીએ.

ખાસ કરીને વિશ્વના અન્ય સ્થળોએ સંયમ રાખીને શાંત વિરોધ તો થઈ જ રહ્યો છે પણ પશ્ચિમ એશિયામાં ઈજીપ્તની રાજધાની કાહિરા, લીબિયાના બેનગાઝી વગેરે સ્થળોએ મામલો હિંસક બન્યો છે, અમેરિકન એલચી કચેરીઓ પર હુમ્લા થયા છે, અમેરિકન રાષ્ટ્રધ્વજોને સળગાવાયા છે. એ જ પ્રમાણે ટયુનીશિયાની રાજધાની ટયુનીસ ખાતે અમેરિકન દૂતવાસ ખાતે અમેરિકન ધ્વજ હટાવી ઈસ્લામિક ધ્વજ લહેરાવાયો તથા ઈરાકમાં અમેરિકન ધ્વજ સળગાવાયો, કુવૈત સિટીના બાયન ખાતે વિરોધમાં દેખાવકારોએ રેલી કાઢી, યમનની રાજધાની સનામાં અમેરિકન દૂતવાસ પર હુમ્લો થયો. આમ વિશ્વભરમાં વિરોધ ફેલાઈ રહ્યો છે છતાં અમેરિકન ગવર્નમેન્ટ તરફથી આ કૃત્ય આચરનાર પર એક્શન લેવાની કોઈ માહિતી નથી !

એટલે સુધી કે સંયુક્ત રાષ્ટ્ર (UNO)ના મહાસચિવ બાન કી મૂને ઈસ્લામને ખોટી રીતે રજૂ કરતી તે વાંધાજનક ફિલ્મની કડક શબ્દોમાં નિંદા કરી છે. તેમણે કહ્યું કે, એમ લાગે છે કે આ ફિલ્મ રક્તપાત શરૂ કરાવવા જાણી જોઈને કરાયેલો પ્રયાસ છે. તેનો ઉદ્દેશ કટ્ટરતાનાં બી વાવવાનો તથા રક્તપાત શરૂ કરાવવાનો છે. *(ગુજરાત ટુડે, ૧૫–૯–૨૦૧૨)*

આશ્ચર્યની વાત એ છે કે મુસ્લિમ દેશોના (અય્યાશ) વડાઓએ આ બાબતે અમેરિકાને કોઈ રજૂઆત કર્યાનું ક્યાંય જાણવા નથી મળ્યું, બલ્કે યમનના રાષ્ટ્રપ્રમુખ હાદીએ નિવેદન પ્રસિદ્ધ કર્યું કે, *''હું સનાના અમેરિકન દૂતાવાસ પર થયેલા આક્રમક હુમ્લા બદલ અમેરિકન રાષ્ટ્રપતિ ઓબામા તથા તેમના દેશની જનતાની માફી માગુ છું....!''* જ્યારે કે અમેરિકનો તરફથી ન જગતના મુસ્લિમોની માફી માગવામાં આવી ન ગુનેહગાર ગુસ્તાખની ધરપકડ થઈ ! એ શું સૂચવે છે ?! એ જ કે અમેરિકા આવા અપમાનકર્તાઓને પોષે છે.

# હજ્જ વિશે અભ્યાસ કરો ને

## • તમારા સુન્ની અક઼ીદાને મજબૂત કરો ! •

તંત્રી લેખ

પ્યારા સુન્ની ભાઈઓ ! તથા બહેનો ! ઘણા દીની ઈલ્મથી અજ્ઞાનતા ધરાવતા ભાઈઓ હજ્જ તથા ઉમરા કરવા મક્કા મોઅઝ્ઝમા તથા ઝિયારતે રોઝાએ રસૂલુલ્લાહ ﷺ માટે મદીના તયબહ જાય છે તો ત્યાં સઊદી નજદી વહાબીઓની સત્તાના હેઠળ વહાબિયતનું ચલણ હોવાથી તથા તેમના અક઼ીદાના પ્રચારની જાળ તેઓ ઠેક ઠેકાણે ભાડુતી માણસો રાખી ફેલાવવા વાત વાતમાં "શિર્ક ! શિર્ક !" કરીને "અહલે સુન્નત વ જમાઅત"ના અક઼ીદા વિરુદ્ધ ઝહેર ઓકતા હોવાથી ઉલઝનમાં પડી જતા હોય છે અને કેટલાક હિંદ તથા પાક.ના વહાબીઓના ચેલાઓ એવા લોકોને એ રીતે સમજાવતા હોય છે કે અરે ભાઈ ! જ્યાંથી ઈસ્લામ ફેલાયો તે પવિત્ર જગાઓએ જે થાય તે સાચુ કે આપણે કરીએ તે સાચુ ?! ત્યારે આવા અજ્ઞાન સુન્ની ભાઈઓ લાજવાબ થઈ જતા હોય છે બલ્કે ઘણા ડગુમગુ થઈ જતા હોય છે, કેમ કે તેમને ઈસ્લામી ઈતિહાસની ખબર નથી કે સેંકડો વરસોથી ઈ.સ. ૧૯૨૫ સુધી ત્યાં સુન્ની હુકૂમત હતી અને સુન્ની અક઼ીદા તથા તરીક઼ા પ્રમાણે સર્વ કામો થતાં હતાં. હાલની નજદી વહાબી સઊદી હુકૂમત એ ઈસ્લામના દુશ્મન અંગ્રેજના સહકારથી સુન્ની તુર્કી ઉષ્માની ગવર્નમેન્ટને હટાવીને જબરદસ્તી ત્યાં કબજો કરીને બેઠેલી છે. સારાંશ કે અમુક લોકો હજ્જમાં જઈને અક઼ીદા બાબતે ઉલઝનમાં સપડાતા હોય છે, જ્યારે કે હજ્જ એક એવી ઈબાદત છે કે તેની શરૂથી અંત સુધીની ક્રિયા અહલે સુન્નતના અક઼ીદાને પુખ્તગી તથા મજબૂતી પૂરી પાડે છે. આવો ! આપણે તેના પર એક નજર દોડાવી નૂરે ઈમાનને જગમગાવી લઈએ.

### ★ હજ્જની ફઝીલતનું બયાન અને ઈલ્મે ગયબની સાબિતી ! ★

તિબ્રાની કબીરમાં અને બઝ્ઝાર ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરે છે કે, તે કહે છે, હું મિનાની મસ્જિદમાં હુઝૂર નબીએ કરીમ ﷺની ખિદમતમાં હાજર હતો. એક અન્સારી અને એક સકફીએ હુઝૂરની સેવામાં હાજર થઈને સલામ અર્ઝ કરી પછી વિનંતિ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ અમે કાંઈક પૂછવા માટે હુઝૂરની મુક઼દસ સેવામાં હાજર થયા છીએ. આપે ઈર્શાદ ફર્માવ્યો, **"જો તમે ઈચ્છો છો તો હું બતાવી દઉં કે તમે શું પૂછવા માટે હાજર થયા છો ? અને જો તમે ચાહો તો હું કાંઈ કહું નહીં, તમે સવાલ કરો."** સહાબીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમને આપ જ બતાવી દો ! ઈર્શાદ ફર્માવ્યો, "તું એટલા માટે હાજર થયો છે કે, ઘરથી નીકળીને બૈતુલ હરામ (હુર્મતવાળા ઘર બૈતુલ્લાહ શરીફ)ના કસ્દ (ઈરાદા)થી જવાના સંબંધી પૂછપરછ કરે અને એ કે તેમાં તારા માટે શું સવાબ છે ? અને તવાફ પછી બે રકાતો પઢવાને, અને એ કે તેમાં તારા માટે શું સવાબ છે ? અને સફા મરવાની વચ્ચે સઈને અને એ કે તેમાં તારા માટે શું સવાબ છે ? અને અરફહની સાંજે વુકૂફને અને તારા માટે તેમાં શું સવાબ છે ? અને જમરાઓની રમી (શયતાનને કાંકરીઓ મારવી)ને અને તેમાં તારા માટે શું સવાબ છે ? અને કુર્બાની કરવાને અને તેમાં તારા માટે શું સવાબ છે ? અને તેની સાથે તવાફે એફાઝાને (પૂછવા આવ્યો છે)." તે માણસે અર્ઝ કરી, **"સોગંદ છે તે જાતની જેણે હુઝૂર રસૂલે ખુદા ﷺને હક઼્ની સાથે મોકલ્યા છે ! હું એટલા માટે જ હાજર થયો હતો કે, આ બાબતોને હુઝૂર**

ﷺથી દર્યાફ્ત કરું."

હુઝૂરે અક્દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જ્યારે તું બયતુલ હરામના પાકા ઈરાદાથી ઘરથી નીકળશે ત્યારે ઊંટના દરેક કદમ (ડગલા) મૂકવા અને દરેક ડગલુ ઉપાડવા પર તારા માટે હસના (નેકી) લખવામાં આવશે અને તારી ખતા મિટાવી દેવામાં આવશે. તવાફ પછીની બે રકાતો એવી છે દા.ત. હઝરત ઈસ્માઈલ عليه السلامના વંશમાંથી કોઈ ગુલામ હોય તેને આઝાદ કરવાનો સવાબ અને સફા મરવાની વચ્ચેની સઈનો સવાબ એટલો બધો છે દા.ત. ૭૦ ગુલામો આઝાદ કરવા બરાબર સવાબ છે. અને અરફાના દિવસે વુકૂફ (અરફાતમાં થોભવાનો) કરવાનો હાલ એ છે કે, અલ્લાહ તઆલા ﷻ આસ્માને દુનિયાની તરફ ખાસ તજલ્લી ફર્માવે છે, અને તમારી સાથે ફરિશ્તાઓ પર મુબાહાત ફર્માવે છે. ઈર્શાદ ફર્માવે છે, મારા બંદા દૂર દૂરથી વિખરાયેલા વાળે મારી રહમતના ઉમેદવાર થઈને હાજર થયા, જો તમારા ગુનાહોની રેતીની રજકણો અને વરસાદનાં ટીપાઓ અને દરિયાના ફીણની બરાબર હોય તો (પણ) હું બધા ગુનાહોની બખ્શી આપીશ. મારા બંદાઓ ! પાછા જાવ, તમારી બખ્શિશ થઈ ગઈ ! અને તેની (બખ્શિશ થઈ ગઈ) જેની તમે શફાઅત કરો. અને જમરાઓ (શૈતાનને કાંકરીઓ મારવાના સ્તંભ) પર રમી (કાંકરીઓ મારવી) કરવામાં, દરેક કાંકરી પર એક એવો કબીરા (ગુનાહ) ભૂંસી નાખવામાં આવે છે જે બર્બાદ કરવાવાળો છે. અને કુર્બાની કરવી તે તારા રબના હુઝૂર તારા માટે ઝખીરો સંગ્રહ (ભંડાર) છે. અને માથુ મૂંડાવવામાં દરેક વાળને બદલે હસના (નેકી) લખવામાં આવશે, અને એક ગુનાહ નષ્ટ કરવામાં આવશે. ત્યાર પછી ખાનાએ કા'બાના તવાફનો એ હાલ છે કે, તું તવાફ કરી રહ્યો છે અને તારા માટે કોઈ ગુનોહ નથી. એક ફરિશ્તો આવશે અને તારા બે ખભાની વચ્ચે હાથ મૂકીને કહેશે, "ભવિષ્યના માટે અમલ કર, અને ભૂતકાળમાં જે કાંઈ હતું તે માફ કરી દેવામાં આવ્યું." *(બહારે શરીઅત, ભાગ : ૬)*

પ્યારા દીની ભાઈઓ ! ઉપરોક્ત હદીષે પાકમાં હજજની બેશુમાર ફઝીલતનું વર્ણન તો છે જ પણ સાથોસાથ એમાં નબી કરીમ ﷺના ઈલ્મે ગયબની ઉઘાડી સાબિતી છે કે નબી પાક ﷺએ ખૂદ સામે ચાલીને કહ્યું કે, "જો તમે ચાહો તો હું જણાવી દઉં કે તમે શું પૂછવા ચાહો છો ?" **આ રસૂલે પાક ﷺ થકી સ્પષ્ટપણે ઈલ્મે ગયબનો દાવો છે ! એટલે કે સહાબીના દિલની વાતથી નબી કરીમ ﷺ વાકેફ છે એનું પોતે જ એલાન કરી રહ્યા છે અને પછી એ વાત જણાવી પણ દીધી!** છતાં તે સહાબીએ એવું નથી કહ્યું કે, "અરે ગયબની વાત તો અલ્લાહ જ જાણે છે ! બીજા માટે સાબિત કરવું શિર્ક છે ! અલ્લાહના આપવાથી પણ કોઈનામાં ઈલ્મે ગયબ હોવાનું માનવું શિર્ક છે ! અને ગયબનો દાવો કરનાર જૂઠો હોય છે !" *(જુઓ વહાબી દેવબંદીઓની કિતાબ તક્વિયતુલ ઈમાન)* કેમ એવું ન કહ્યું ?! એટલા માટે કે તે સહાબી હતા વહાબી ન હતા ! અને અલ્હમ્દુલિલ્લાહ ! આપણો અકીદો સહાબીના જેવો જ છે, વહાબી જેવો નથી ! જેથી જ આપણે નબી પાક ﷺ માટે ઈલ્મે ગયબ અલ્લાહના આપવાથી માનીએ છીએ.

## ★ હજ્જની ફઝીલતની હદીષમાં નબી ﷺના ઈખ્તિયારની સાબિતી ! ★

સહીહ મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત છે કે, હુઝૂર રસૂલે ખુદા ﷺએ ખુત્બો પઢયો, તેમાં આપ ﷺએ ફર્માવ્યું, "હે લોકો ! તમારી પર હજ્જ ફર્ઝ કરવામાં આવી માટે હજ્જ અદા કરો !" એક માણસે અર્ઝ કરી કે, દર વર્ષે યા રસૂલલ્લાહ ! ﷺ હુઝૂર ﷺએ મૌન ધારણ કર્યું. તે સહાબીએ ત્રણવાર એ સવાલ દોહરાવ્યો. પછી હુઝૂર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, **"જો હું હા કહી દેત તો તમારા પર વાજિબ થઈ જાત, અને તમારાથી દર વર્ષે થઈ શકતું નહીં !"** પછી

આપ ﷺએ ફર્માવ્યું, "જ્યાં સુધી હું કોઈ વાતને તમારાથી બયાન ન કરું તમે મારાથી (તેનો) સવાલ કરો નહીં ! આગળના લોકો વધુ પડતા સવાલો અને પછી નબીઓની મુખાલિફત (વિરુદ્ધતા)ના કારણે બર્બાદ થઈ ગયા. એટલા માટે જ્યારે હું કોઈ વાતનો હુકમ આપું તો જ્યાં સુધી શક્ય હોય તેને કરો. અને જ્યારે હું કોઈ વાતથી મના ફર્માવી દઉં, તો તેને છોડી દો !" *(બહારે શરીઅત, ભાગ–૬)*

આ હદીષમાં શબ્દો જુઓ, **"જો હું હા કહી આપત તો તમારા પર વાજિબ થઈ જાત !"** સારાંશ કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺને ઈખ્તિયાર આપેલા છે કે શરીઅતમાં પોતાનો ઈખ્તિયાર વાપરે. **આપે અલ્લાહના અતા કરેલ ઈખ્તિયારના આધારે** પૂછાયેલા પ્રશ્નમાં દર વર્ષે હજ્જ ફર્ઝ હોવાની ના પાડી. વહાબીઓ હુઝૂરે અન્વર ﷺને "તક્વિયતુલ ઈમાન" કિતાબમાં "લાચાર બંદા" દર્શાવે છે એ તેઓની મુનાફિકત પ્રદર્શિત કરે છે, એવું આ બુખારી શરીફની સહીહ હદીષથી જાહેર થાય છે.

## ★ શું આમાં હુઝૂર ﷺની શાનની ઉચ્ચતા નથી ?! ★

હુઝૂર ﷺની વિશિષ્ટ શાન દર્શાવતી કુર્આની આયતો, હદીષો અગણિત છે પણ અહીં કેવળ હજ્જ ઉમરા સંબંધી ચર્ચા હોવાથી એને લગતી એક હદીષ જોઈ લો :–

બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, અબૂ દાઊદ, નિસાઈ અને ઈબ્ને માજહ વગેરેમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે, હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, **"રમઝાન શરીફમાં ઉમરા** (કરવો) **મારી સાથે હજ્જની બરાબર** છે." *(બહારે શરીઅત, ભાગ–૬)*

દિલના કાનથી સાંભળો ! રમઝાન શરીફમાં ઉમરાની ફઝીલત એ છે કે, "નબી કરીમ ﷺ સાથે હજ્જ કર્યા સમાન છે !" આ હદીષ મુબારક દર્શાવે છે કે નબી ﷺ "આપણા જેવા બશર (માનવી) નથી." બલ્કે તેમની શાન અતિ ઉચ્ચ છે કારણ કે નબી ﷺ સાથે હજ્જ કરવી એ એક ઉચ્ચ શાનની તથા મહાન ફઝીલતની વાત છે, એ તો નક્કી થઈ જ ગયું ! કેમ કે જો નબી ﷺ આપણા જેવા જ બશર (માણસ) હોત તો પછી આપણી સાથે સામાન્ય તો અસંખ્ય લોકો હજ્જ કરતા હોય છે તેનાથી આપણી કે હજ્જની કોઈ ફઝીલત કે ઉચ્ચતામાં વધારો નથી થઈ જતો, જ્યારે કે નબી ﷺ ખૂદ ફર્માવે છે કે રમઝાનમાં ઉમરો એ મારી સાથે હજ્જ કરવા સમાન છે, તો જો નબી પાક ﷺ સાથે હજ્જ એ મહાનતાની વાત ન હોત તો શા માટે એની જાહેરાત થઈ ?! સારાંશ કે આ હદીષ નબી કરીમ ﷺની વિશિષ્ટ શાન જાહેર કરે છે. હવે જે વહાબી લોકો قُلْ اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُكُمْ "તમે ફર્માવો જાહેરી દેખાવમાં તો હું તમારી જેવો છું." આયતનું ખોટુ અર્થઘટન કરી "નબીને આપણા જેવા બશર" કહે છે તેઓ તૌબા કરશે ?!

## ★ હાજી ૪૦૦ની શફાઅત કરશે તો નબી ﷺ કેટલાની કરશે ?! ★

હદીષે પાકમાં છે : બઝ્ઝારે હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ થી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, **"હાજી પોતાના ઘરવાળામાંથી ચારસોની શફાઅત કરશે** અને ગુનાહોથી એવો નીકળી જશે જેવો કે તે જ દિવસે માના પેટથી પૈદા થયો." *(બહારે શરીઅત, ભાગ : ૬)*

બીજી હદીષે પાકમાં છે : બઝ્ઝાર અને તિબ્રાની હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે, હુઝૂર ﷺએ ફર્માવ્યું, "હાજીની મગફેરત થઈ જાય છે અને **હાજી જેના માટે ઈસ્તિગફાર (મગફેરતની દુઆ) કરે તેના માટે પણ મગફેરત થઈ જાય છે."** *(બહારે શરીઅત, ભાગ : ૬)*

વિચાર કરો ! હાજી કોણ જેની હજ્જ કબૂલ થઈ હશે તે, પોતાના કુટુંબીઓમાંથી ૪૦૦ વ્યક્તિઓની શફાઅત કરશે ! જેની દુઆ કરશે તેની મગફેરત થઈ જશે ! હવે વિચારો કે હજ્જની ઈબાદત શું છે ? એ નબી કરીમ ﷺએ કરેલા તરીકા પ્રમાણે એટલે કે રસૂલે પાક ﷺની સુન્નત પ્રમાણે સર્વ અમલો કરવાનું નામ છે. તો જે ઈમાનવાળો નબી કરીમ ﷺના તરીકા તથા સુન્નત પ્રમાણે હજ્જ કરે જે મકબૂલ થઈ જાય તો તે પોતાના ઘરની ૪૦૦ વ્યક્તિઓની શફાઅત કરશે, જેની દુઆ કરશે તેની મગફેરત થશે, એવું હદીષે પાકમાં છે. એ પણ વિચારો કે **શફાઅત શા માટે હોય છે ?** એટલે જ કે ઈમાનવાળા બંદાઓને ગુનાહોના કારણે જહન્નમમાં જવાનું હશે તેમની રબથી માફી કરાવી તેમને જન્નતમાં પહોંચાડવામાં આવે ! આ શફાઅત છે. નહીં તો જે ઈમાન વિના કાફિર, મુનાફિક થઈને મરશે તેની તો શફાઅત છે જ નથી ! તેમણે તો હમેશાં જહન્નમમાં સળગવાનું છે.

હવે વિચારો કે જ્યારે એક સામાન્ય હાજી ૪૦૦ જણની શફાઅત કરશે તો પછી નબી ﷺ કેટલા ઈમાનવાળા ગુનેહગારોની શફાઅત કરશે ?! યકીનન ! અસંખ્ય ઈમાનવાળાઓની નબી પાક ﷺ શફાઅત કરશે. તો પછી વિચારો કે જો કોઈનો અકીદો આવો હોય તો કહો કે તે પોતાને નબી ﷺનો ઉમ્મતી કયા મોઢે કહી શકે છે ! જેમ કે એક આયતનું ગલત અર્થઘટન કરતાં વહાબી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ લખ્યું છે કે :–

એટલે કે નબી ﷺ કહે છે કે :–

**"હું તમારા નફા–નુકસાનનો કશો અધિકાર ધરાવતો નથી**........હું પોતે જ ડરુ છું અને અલ્લાહ તઆલાના સિવાય બીજે ક્યાંય આશ્રય સ્થાન પામતો નથી. **મારી પોતાની જ આ સ્થિતિ છે તો બીજાઓને શું બચાવી શકવાનો હતો ?"**...........પછી લખે છે : "..........તમામ પીરોના પીર સરકાર રિસાલત ﷺ રાતદિન અલ્લાહ તઆલાથી ડરતા રહેતા હતા અને એની રહમતના સિવાય બીજે ક્યાંય પોતાનો બચાવ હોવાનું માનતા ન હોતા. ભલા, અન્ય કોઈની તો હવે વાત જ શી કરવાની હોય ?! .......*(તકવિયતુલ ઈમાન, ગુજરાતી પેજ : ૮૨, ૮૩)* વાતની રજૂઆત એ દર્શાવે છે કે **આપણા નબી ﷺ કોઈને લાભ પહોંચાડી શકતા નથી ! તો અન્ય બુઝુર્ગોની તો વાત જ શું કરવી ?!** આ છે વહાબી દેવબંદીની માન્યતા. અલ્લાહની પનાહ !

### ★ નમાઝ તથા હજ્જ નબી ﷺની અદાઓનું જ નામ છે ! ★

વળી હજ્જ શું છે ? એટલુ સમજી લીધા પછી દરેક ઈન્સાફ પ્રિય ઈન્સાન કહી ઉઠશે કે બેશક ! વહાબી, દેવબંદી પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીનું એ લખાણ સદંતર ગલત તથા ઈસ્લામ વિરુદ્ધનું છે જે "સીરાતે મુસ્તકીમ" નામની કિતાબમાં તેમણે લખ્યું છે કે :–

*"ઝિના (વ્યભિચાર)ના વસવસા, પોતાની પત્ની સાથે સંભોગનો ખયાલ અધિક સારો (બેહતર) છે, અને શયખ (પીર) અથવા એના જેવા અન્ય બુઝુર્ગની તરફ, ચાહે રિસાલત મઆબ (હુઝૂર ﷺ) જ (કેમ ન) હોય ! પોતાના ધ્યાનને લગાડવું એ પોતાના બળદ તથા ગધેડાના ખયાલમાં ડૂબી જવા કરતાંય બુરું છે. કેમ કે શયખનો (તથા નબી ﷺનો) ખયાલ તો તા'ઝીમની તથા બુઝુર્ગીની સાથે માણસના દિલમાં ચોંટી જાય છે અને બળદ, ગધેડાનો ખયાલ ન આ પ્રમાણે ચોંટે છે અને ન તા'ઝીમ સાથે હોય છે, બલ્કે તુચ્છ તથા ઝલીલ હોય છે. અને ગૈરની આવી તા'ઝીમ અને બુઝુર્ગી નમાઝમાં રાખવામાં આવે તે શિર્કની તરફ ખેંચીને લઈ જાય છે. (સીરાતે મુસ્તકીમ, પેજ : ૧૩૬, અલ મકતબતુસ્સલફિયા, લાહોર)*

હવે ઈન્સાફથી વિચારો ! દરેક તવાફ બાદ મક઼ામે ઈબ્રાહીમ પર નમાઝ પઢવાનો હુકમ તો કુર્આનમાં છે ! જેથી **મક઼ામે ઈબ્રાહીમ પર નમાઝ પઢીશું તો હઝરત ઈબ્રાહીમ عليه السلام નો ખયાલ નહીં આવે ?!** અને ખયાલ આવશે તો વહાબી અક઼ીદા પ્રમાણે શું થશે તે ફરી ઉપર વાંચી લો !

સૌ પ્રથમ એ પણ જોઈ લઈએ કે સહાબાએ કિરામે નમાઝની હાલતમાં હુઝૂર ﷺની તા'ઝીમ કરી હતી કે નહીં ? તા'ઝીમ સાથે કેવળ ખયાલની વાત તો દૂર રહી બલ્કે **અલ્લાહની ઈબાદત નમાઝમાં નબી કરીમ ﷺની તા'ઝીમ સહાબાએ કિરામે કરેલી છે.** જેમ કે એક પ્રસંગે હુઝૂર ﷺની ગૈર મૌજૂદગીમાં હઝરત અબૂબક્ર સિદીક઼ رضي الله عنه ઈમામત કરતા હતા એ દરમ્યાન હુઝૂર ﷺ તશરીફ લાવ્યા તો સહાબાએ કિરામે હઝરત સિદીક઼ે અકબર رضي الله عنهને ખબર કરવા માટે ડાબા હાથની પીઠ પર જમણો હાથ મારીને અવાજ કર્યો અને હઝરત સિદીક઼ે અકબર ઈમામતના મુસલ્લેથી પાછા હટી ગયા અને હુઝૂર ﷺએ ઈમામત સંભાળી. *(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ : ૯૪)*

સારાંશ કે આ બનાવમાં સહાબાએ કિરામે નમાઝની હાલતમાં નબી ﷺની તા'ઝીમ કરી. જ્યારે કિતાબ ''સીરાતે મુસ્તક઼ીમ''માં વહાબી, દેવબંદી પેશવા જે કહે છે તે તમો ઉપર ફરી વાંચી લેશો. હવે ઈન્સાફથી કહો, **સહાબીઓને શિર્કનું વધુ જ્ઞાન કે વહાબીઓને ?** સહાબીઓનો અક઼ીદો સાચો કે આ વહાબી દેવબંદી દહેલ્વીનો ?! યક઼ીનન ! સહાબીઓ સાચા છે અને વહાબી દેવબંદી દહેલ્વી જૂઠા છે. અરે ! નમાઝની એક એક અદા એ નબી ﷺનું અનુકરણ જ છે, **જો નબી ﷺનું અનુકરણ નમાઝમાં ન કરીએ અને કોઈ નવી રીત આપણા તરફથી અપનાવીએ તો નમાઝ થશે નહીં ! તો ભલા એ કેવી રીતે શક્ય છે કે જેનું અનુકરણ કરીએ તેનો ખયાલ તા'ઝીમની સાથે દિલમાં ન લાવવામાં આવે ?!**

એ જ પ્રમાણે વિચારવામાં આવે કે હજ્જ પણ અલ્લાહની ઈબાદત જ છે તો એમાં પણ જો નબીનો ખયાલ આવ્યો તો તા'ઝીમની સાથે જ આવશે અને અલ્લાહની ઈબાદતમાં ગૈરનો ખયાલ તા'ઝીમ સાથે આવશે તો વહાબી અક઼ીદા પ્રમાણે એ શિર્ક પ્રતિ દોરી જશે ! હજ્જનો આખો તરીક઼ો નબી પાક ﷺની નક઼લનું નામ છે જેમાં કેટલીક ચીજો ફર્ઝ છે, કેટલીક વાજિબ છે, કેટલીક સુન્નત છે. જેમ કે એહરામ વુક઼ૂફે અરફા, તવાફે ઝિયારત.....વગેરે **ફર્ઝ** છે. કેટલીક **વાજિબ** છે જેમ કે મીક઼ાતથી અહેરામ બાંધીને પસાર થવું, સફા મરવાની સઈ કરવી, સઈની શરૂઆત સફાથી કરવી, મુઝદલ્ફામાં રોકાવું, ત્રણ જમરાઓને ૧૦, ૧૧ તથા ૧૨મીએ ત્રણ દિવસ કાંકરીઓ મારવી, હલક઼ કરવું, તવાફે ઝિયારત કરવો, તવાફ હતીમની બહારથી કરવો, તવાફ બાદની બે રકાત.... વગેરે વગેરે. તથા કેટલીક **સુન્નત** છે જેમ કે તવાફે કુદૂમ (મુતમત્તેઅ સિવાય) તવાફને હજરે અસ્વદથી શરૂ કરવું, રમલ, સફા મરવામાં મીલૈન અખ્દરૈન વચ્ચે દોડવું, આઠમીની ફજર પછી મક્કાથી રવાના થવું, નવમીની રાત મિનામાં પસાર કરવી, સૂર્ય નીકળ્યા બાદ અરફાત તરફ રવાના થવું. વુક઼ૂફે અરફા માટે ગુસ્લ, મુઝદલ્ફામાં રાત રહેવું, સૂર્ય નીકળતા પહેલાં ત્યાંથી મિના ચાલ્યા જવું, ઝિલ હજ્જની ૧૦ તથા ૧૧બંને રાતોમાં મિનામાં ગુજારવી... વગેરે વગેરે.

હે મુસલમાનો ! આ સર્વ ફર્ઝ, વાજિબ, સુન્નત કામો એ હુઝૂર ﷺનાં કરેલાં તથા સૂચવેલાં છે, એના અનુકરણ તથા અનુસરણમાં જ હજ્જની ક઼બૂલિયત છે, નહીં તો હજ્જ જ થશે નહીં ! હવે કહો આ બધી પ્રક્રિયા કરતી વખતે નબી કરીમ ﷺનો ખયાલ તા'ઝીમની સાથે આવશે કે નહીં ?! કેમ કે તુચ્છકારમાં નબી ﷺનો ખયાલ લાવે તે તો ''કાફિર'' થઈ જાય ! તો તા'ઝીમથી જ ખયાલ આવશે ને ! તો શું અલ્લાહની ઈબાદતમાં આ રીતે ગૈર ખુદાનો ખયાલ આવ્યો તો શિર્ક તરફ લઈ જશે ?! માનો છો તમે એ

વાતને ?! જો એ વાતને સાચી માનશો તો હજ્જનો કોઈ પણ રુકન એહરામ પહેરવાથી લઈને તવાફ, સઈ, અરફાતની હાજરી, મુઝદલ્ફાથી કાંકરીઓ વીણવી, મિનામાં રોકાવું, શૈતાનોને કાંકરીઓ મારવી, હલક, કુર્બાની....વગેરે કામો નબી ﷺના અનુસરણમાં આપણે કરીશું તો નબી ﷺનો ખયાલ આવતાં શિર્કથી ખરડાય જઈશું ! કેટલો સ્પષ્ટ બોગસ અકીદો આ વહાબી દેવબંદીઓનો છે ! અસ્તગફિરુલ્લાહ !

## ★ હઝરત ઈબ્રાહીમ علیہ السلام તથા હઝરત હાજરા رضی اللہ عنہاની સુન્નતો ★

મુસલમાનો ! હજ્જમાં સઈ કરવી અલ્લાહની ઈબાદત છે અને એ સઈ શું છે ? સફા મરવાની દોડ લગાડવી, તો એ શું છે ? અલ્લાહના ખલીલ હઝરત ઈબ્રાહીમ علیہ السلامનાં પત્નીએ, પોતાના પુત્ર હઝરત ઈસ્માઈલ علیہ السلامના માટે પાણીની તલાશમાં સાત ચક્કર એ રીતે કાપેલા, જે અંગત જરૂરત માટે હતા પણ અલ્લાહને પોતાની નેક બંદીની એ અદા એટલી પસંદ આવી કે તેને હજ્જ જેવી ઈબાદતમાં સામેલ કરી આપ્યું અને કયામત સુધી લોકો એ રીતે સઈમાં સફા મરવા વચ્ચે દોડતા રહેશે અને એમની યાદ જીવંત થતી રહેશે. બતાવો ! સઈ વખતે અલ્લાહની આ નેક બંદી હઝરત હાજરા رضی اللہ عنہا તથા તેમના પુત્ર હઝરત ઈસ્માઈલ علیہ السلام તથા ખલીલુલ્લાહ હઝરત ઈબ્રાહીમ علیہ السلامનો ખયાલ તા'ઝીમ સાથે નહીં આવે ?! જરૂરથી આવશે ! તો શું "સીરાતે મુસ્તકીમ"માં લખ્યું તેમ **એ ખયાલ કરતાં ઝિનાના વસવસા તથા પત્ની સાથે સંભોગનો ખયાલ બેહતર છે ?! બળદ તથા ગધેડાના ખયાલથી એમનો ખયાલ કરવું બુરું છે ? અને એ ખયાલ શિર્ક પ્રતિ ખેંચી જતો હોય તો એ ઈબાદત કઈ રીતે શક્ય થશે ?** મુસલમાનો ! સમજો ! વહાબીઓ પાસે જવાબ માગો !

## ★ શૈતાનને કાંકરી કોણે મારી હતી ?! ★

હજ્જની ઈબાદતમાં રમી કરવી (મિનામાં શૈતાનોને સાત સાત કાંકરી મારવી)એ વાજિબ છે, એનો વાકયો તો એ છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام જ્યારે તેમના ચહીતા પુત્ર હઝરત ઈસ્માઈલ علیہ السلامને રબના હુકમથી કુર્બાની માટે લઈ જતા હતા ત્યારે શૈતાને આ સ્થળે વસવસા નાખવા કોશિશ કરી હતી પણ હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ તેને કાંકરીઓ મારી ભગાડયો હતો. તો આ સુન્નતે ખલીલી હજ્જની ઈબાદતમાં રબ તઆલાએ સામેલ કરી છે કે કયામત સુધી હાજીઓ એનું અનુસરણ કરી (એ જગાએ એ જ દિવસોમાં કે જ્યારે હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ મારી હતી) શૈતાનને કાંકરીઓ મારતા રહેશે. તો **એ વેળા શૈતાન પ્રત્યે નફરત અને હઝરત ખલીલુલ્લાહ علیہ السلام પ્રત્યે મહોબ્બત તથા તા'ઝીમનો ખયાલ નહીં આવે ?** આવશે અને જરૂર આવશે ! તો શું આ ઈબાદત પણ વહાબી, દેવબંદી અકીદા પ્રમાણે શિર્કથી ખરડાય જશે ?! શો જવાબ છે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના ચેલાઓ પાસે ?!

## ★ ઈદે અદહાની કુર્બાની કરવામાં નબીઓનો ખયાલ નહીં આવે ?! ★

ઈદે અદહામાં જાનવરની આપણે કુર્બાની જે કરીએ છીએ એ શું છે ? ખૂદ રસૂલે ખુદા ﷺની ઝબાની સાંભળી લો ! નબી પાક ﷺ ફર્માવે છે : હઝરત ઝૈદ બિન અરકમથી રિવાયત છે કે સહાબાએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ આ **કુર્બાની શું છે ?** ફર્માવ્યું, તમારા પિતા **હઝરત ઈબ્રાહીમ علیہ السلامની સુન્નત** છે. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમારા માટે એમાં શું સવાબ છે ? ફર્માવ્યું, દરેક વાળના બદલામાં નેકી છે. *(ઈબ્ને માજહ)*

વધુ પેજ નં. ૨૩....પર

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

لَنْ تَنَالُوا الْبِرَّ حَتّٰى تُنْفِقُوْا مِمَّا تُحِبُّوْنَ ۬ؕ وَمَا
تُنْفِقُوْا مِنْ شَیْءٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِیْمٌ ﴿٩٢﴾ كُلُّ
الطَّعَامِ كَانَ حِلًّا لِّبَنِیْۤ اِسْرَآءِیْلَ اِلَّا مَا حَرَّمَ
اِسْرَآءِیْلُ عَلٰی نَفْسِهٖ مِنْ قَبْلِ اَنْ تُنَزَّلَ التَّوْرٰىةُ ؕ
قُلْ فَاْتُوْا بِالتَّوْرٰىةِ فَاتْلُوْهَاۤ اِنْ كُنْتُمْ صٰدِقِیْنَ ﴿٩٣﴾
فَمَنِ افْتَرٰی عَلَی اللّٰهِ الْكَذِبَ مِنْۢ بَعْدِ ذٰلِكَ
فَاُولٰٓىِٕكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿٩٤﴾ قُلْ صَدَقَ اللّٰهُ ۫ فَاتَّبِعُوْا
مِلَّةَ اِبْرٰهِیْمَ حَنِیْفًا ؕ وَمَا كَانَ مِنَ الْمُشْرِكِیْنَ ﴿٩٥﴾
اِنَّ اَوَّلَ بَیْتٍ وُّضِعَ لِلنَّاسِ لَلَّذِیْ بِبَكَّةَ
مُبٰرَكًا وَّهُدًی لِّلْعٰلَمِیْنَ ﴿٩٦﴾ فِیْهِ اٰیٰتٌۢ بَیِّنٰتٌ
مَّقَامُ اِبْرٰهِیْمَ ۬ۚ وَمَنْ دَخَلَهٗ كَانَ اٰمِنًا ؕ وَلِلّٰهِ
عَلَی النَّاسِ حِجُّ الْبَیْتِ مَنِ اسْتَطَاعَ اِلَیْهِ سَبِیْلًا ؕ
وَمَنْ كَفَرَ فَاِنَّ اللّٰهَ غَنِیٌّ عَنِ الْعٰلَمِیْنَ ﴿٩٧﴾

### ત.....ર્જુ.....મો.....

(પારા–૪) "કદી પણ પામી શકશો નહીં તમે[૯૪] કામિલ નેકી (નો રુત્બો) જ્યાં સુધી ખર્ચ ન કરો (ખુદાના માર્ગમાં) તે ચીજોમાંથી જેમને તમે પ્રિય રાખો છો અને જે કાંઈ તમે ખર્ચ કરો છો[૯૫] નિઃશંક ! અલ્લાહ તઆલા એને જાણે છે. સર્વ ખાવાની ચીજો[૯૬] હલાલ હતી બની ઈસ્રાઈલના માટે પણ તે જેને હરામ કરી ઈસ્રાઈલે પોતાના પર એનાથી પહેલાં કે નાઝિલ કરવામાં આવી તૌરાત. આપ ફર્માવો, લાવો તૌરાત પછી પઢો એને જો તમે સાચા હોઉ. તો તે આક્ષેપ લગાડે છે અલ્લાહ પર જૂઠો એના પછી, તો એ જ જાલિમ છે. આપ કહી આપો, સાચુ ફર્માવ્યું છે અલ્લાહે[૯૭]. તો અનુસરણ કરો તમે મિલ્લતે ઈબ્રાહીમનું જે દરેક બાતિલથી અલગ થલગ હતા, અને (બિલ્કુલ) ન હતા તેઓ શિર્ક કરનારાઓમાંથી. બેશક ! પ્રથમ (ઈબાદત)ખાનુ જે બનાવવામાં આવ્યું લોકોના માટે તે જ છે જે મક્કામાં છે[૯૯] ઘણુ બરકતવાળુ છે[૧૦૦] હિદાયત (નું ઉદ્‌ભવસ્થાન) છે સર્વ[૧૦૧] જહાનોના માટે. એમાં રોશન નિશાનીઓ[૧૦૨] છે (એમાંથી એક) મક઼ામે ઈબ્રાહીમથી. અને જે પણ દાખલ થાય એમાં, થઈ જાય છે (દરેક ખતરાથી) મહફૂઝ. અને અલ્લાહના માટે, ફર્ઝ છે લોકો પર હજ્જ એ ઘરનો[૧૦૩] જે તાક઼ાત ધરાવે છે ત્યાં સુધી પહોંચવાની અને જે શખ્સ (તેમ છતાં) ઈન્કાર કરે તો બેશક ! અલ્લાહ બેનિયાઝ છે સર્વ જહાનોથી."

### તફસીર.........

૯૪. અલ્લામા બયઝાવી ફર્માવે છે : પોતાની પ્રિય તથા વહાલી ચીજોને ખુદાની રાહમાં ખર્ચ કર્યા વિના તમે નેકીની હક઼ીક઼ત સુધી જે ભલાઈ તથા એહસાનના કમાલના દરજ્જે છે ત્યાં સુધી પહોંચ હાંસલ નથી

કરી શક્તા. بِرّ થી મુરાદ بِرُّ الله છે, એટલે અલ્લાહ તઆલાની રઝા તથા રહમતનો હક્કદાર નથી થઈ શક્તો. મહબૂબ ચીજોમાં માલ સંપત્તિ, શરીર તથા પ્રાણ તથા હોદ્દો તથા સત્તા સર્વ સામેલ છે, એમાંથી જે પ્યારી ચીજ હોય એને અલ્લાહની રાહમાં કુર્બાન કરવાથી જ નેકીમાં કમાલની કક્ષા હાંસલ થઈ શકે છે. જયારે આ આયત નાઝિલ થઈ તો હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ હાજર થયા અને અર્ઝ કરી, ''હે અલ્લાહના પ્યારા રસૂલ ! ﷺ મને સૌથી પ્રિય આ બાગ બરાહાઅ્ છે, હુઝૂર જયાં મુનાસિબ ખયાલ કરો ત્યાં ખર્ચ કરો !'' હુઝૂર ﷺએ ખૂબ જ ખુશી પ્રદર્શિત કરી અને હુકમ આપ્યો કે તમારાં નજીકનાં સગાંઓને આપી દો. આવાં વિવિધ દષ્ટાંતો હદીષોમાં મૌજૂદ છે.

૯૫. સૌથી પ્રિય ચીજ ખર્ચ કરવાથી નેકીમાં કમાલની કક્ષા તો હાંસલ થશે, પરંતુ જો એના સિવાય એનાથી ઉતરતી કોઈ ચીજ ખર્ચ કરશો તો પણ બેકાર નહીં જાય, બલ્કે એના પ્રમાણે તમને એનો બદલો આપવામાં આવશે. તેમજ આ આયતના પ્રથમ હિસ્સામાં ખુદાની રાહમાં સારી તથા પ્રિય ચીજ આપવાનો ઉલ્લેખ કર્યો, પાછલા હિસ્સામાં નિય્યતના ઈખલાસની તરફ ધ્યાન અપાવ્યું. એટલે **અલ્લાહ તઆલા તમારી નિય્યતોને જાણનારો છે, જો તમે રિયા (દેખાડવા) તથા નામના માટે ખર્ચ કર્યો તો તે બેકાર જશે.**

૯૬. યહૂદીઓએ હુઝૂરે અક્દસ ﷺ પર એક અન્ય વાંધો કરવાનો શરૂ કર્યો કે તમે દાવો તો કરો છો મિલ્લતે ઈબ્રાહીમીનો, જયારે કે ઊંટનો ગોશ્ત તથા દૂધ જે શરીઅતે ઈબ્રાહીમીમાં હરામ હતું તેનો તમો હલાલ જાણો છો ! આ આયતમાં તેમના આ વાંધાનો જવાબ છે કે તમારું કહેવું ગલત છે કે આ ચીજો શરીઅતે ઈબ્રાહીમીમાં હરામ હતી, નહીં ! બલ્કે એને તો હઝરત ઈસ્રાઈલ (યાકૂબ) علیہ السلامએ અમુક તબીબો (હકીમો)ના મશ્વરાથી ઉપયોગ કરવી ત્યજી દીધી હતી. અમુક રિવાયતોમાં છે કે હઝરત યાકૂબ علیہ السلامને અર્કુન્નિસાની તકલીફ હતી એટલા માટે પરહેઝના રૂપે તેમણે ઊંટનો ગોશ્ત અને દૂધ છોડી આપ્યું હતું. જો તમે આ વાતને નથી માનતા તો તૌરાત લઈ આવો એનાથી વાસ્તવિક સ્થિતિ જાહેર થઈ જશે. પણ તેમની હિંમત ન થઈ કે કિતાબ લાવે.

૯૭. એટલે કે અલ્લાહનું ફર્માન સાચુ છે, તમારી હેરફેરનો સિક્કો નથી ચાલી શક્તો.

૯૮. હઝરત અબૂઝર ગફ્ફારી رضی اللہ عنہ ફર્માવે છે કે મેં હુઝૂર નબી કરીમ علیہ الصلوٰۃ والسلامથી પૂછયું કે **જમીન પર સૌ પ્રથમ કઈ મસ્જિદ** બનાવવામાં આવી ? તો ફર્માવ્યું, **મસ્જિદે હરામ.** મેં અર્ઝ કરી, **ત્યારબાદ ?!** તો ફર્માવ્યું, **મસ્જિદે અક્સા.** મેં ફરી પૂછયું, એ બંનેના બાંધ કામ વચ્ચે કેટલો સમય ગાળો હતો ? તો ફર્માવ્યું, ચાલીસ વરસ. આ પરથી જાણવા મળ્યું કે મસ્જિદે હરામના પ્રથમ બાંધનાર હઝરત આદમ علیہ السلام અને મસ્જિદે અકસાના પ્રથમ બાંધનાર આપના કોઈ ફરઝંદ હતા. નૂહના તોફાન પછી જયારે આ ઈમારત ધરાશયી થઈ ગઈ તો હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ અલ્લાહ તઆલાના હુકમથી ખાનએ કા'બાનું ફરીવાર બાંધકામ કર્યું અને હઝરત સુલૈમાન علیہ السلامએ મસ્જિદે અકસાનું બાંધકામ કર્યું. ''બયત''થી મુરાદ મુત્લક્ ઘર નથી બલ્કે ઈબાદતખાના છે.

૯૯. અમુક ઉલમાએ લખ્યું છે કે મક્કામાં એક લુગત (શબ્દ) બક્કા પણ આવે છે. મુજાહિદે કહ્યું કે મક્કા તથા બક્કા એક જ શહેરનાં બે નામ છે. ઈમામ માલિક رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, ખાનએ કા'બાની જગાને ''બક્કા'' અને આખા શહેરને ''મક્કા'' કહે છે. મુહમ્મદ ઈબ્ને શહાબથી મરવી છે કે કેવળ ખાનએ કા'બાને નહીં બલ્કે આખી મસ્જિદે હરામને ''બક્કા'' કહેવામાં આવે છે અને બાકીના પૂરા શહેરને ''મક્કા'' કહેવામાં આવે છે.

૧૦૦. એની બરકતોનું શું કહેવું ?! એમાં **એક નમાઝ પઢવામાં આવે તો લાખ નમાઝનો સવાબ મળે છે**, તેમજ તેનો **હજ્જ તથા ઉમરો**

**કરનારાઓ, તેની આસપાસ તવાફ કરનારાઓ પર અલ્લાહ તઆલાની રહમતની જે વર્ષા વરસે છે એનો કોઈ શું અંદાઝો લગાડી શકે છે ?!**

**૧૦૧.** કેમ કે આ તે નબીનો કા'બા છે જે રહ્‌મતુલ્ લિલ્ આલમીન છે એટલા માટે એનો કા'બા પણ સર્વ જહાનનો ક્‌િબ્લો, સર્વ માનવ જગતની ઈબાદતગાહ છે. અને એનાથી પયગામ દુનિયાને સંભળાવવામાં આવ્યો એનામાં સૌના માટે રુશ્દો હિદાયતની રોશની છે.

**૧૦૨.** કા'બાના બયતુલ્લાહ હોવાની નિશાનીઓ છે. દા.ત. **આજ સુધી જે જાલિમે આ ઘરની તૌહીન કરવાનો ઈરાદો કર્યો તેને અલ્લાહના કહેરે નેસ્તો નાબૂદ કરી નાખ્યો.** થોડાક વર્ષો પહેલાં અબરહાનો જે ભયાનક અંજામ થયો હતો તે અરબના એક એક બાળકને ખબર હતી. જેહાલતના (ઈસ્લામ પહેલાંના) દૌરમાં જ્યારે ચોતરફ ખૂનામરકીનું બજાર ગરમ હતું અને કોઈને કોઈ ખૂણે રાહત મયસ્સર ન હતી એ સમયે પણ કા'બાના હરામની હદોમાં જે પ્રવેશી જતો તે દરેક પ્રકારની પકડથી સુરક્ષિત થઈ જતો. એક અન્ય નિશાની તે મુક્‌દ્દસ પથ્થર હતો જેના પર હરમનું બાંધકામ કરનાર ઈબ્રાહીમ عليه السلامના પગનાં નિશાનો અંકિત હતાં.

**૧૦૩. હજ્જની ફર્ઝિયત**ના વિશે સૂરએ બક્‌રહમાં હાશિયામાં વર્ણન થઈ ચૂક્યું છે. **ઈસ્તેતાઅતે સબીલ (માર્ગ માટે શક્તિવાન)થી મુરાદ મુસાફરી ખર્ચ સરસામાન પણ હોય, માર્ગ પણ સલામતીવાળો હોય અને તબિઅત પણ સફરની તકલીફો વેઠી શકે તેવી હોય.**

# સુન્ની દા'વતે ઈસ્લામી થકી હજ્જ ટ્રેનિંગ કેમ્પો યોજાયા

**(અઝ : હાફેઝ અબ્દુર્રહીમ બરકાતી, મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)**

(૧) ઘાંચીવાડ મસ્જિદ, મુા. જંબુસર, તા. ૨–૯–૨૦૧૨ (૨) દારુલ ઉલૂમ ફયઝે ઈમામ અહમદ રઝા–બોડેલી, તા. ૯–૯–૨૦૧૨ (૩) દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, તા. ૧૪–૯–૨૦૧૨ (૪) ચિશ્તિયા મસ્જિદ મદ્રસા–તાંદલજા, વડોદરા, તા. ૧૬–૯–૨૦૧૨ (૫) ઘાંચીવાડ મસ્જિદ–ભાવનગર, તા. ૨૩–૯–૨૦૧૨ (૬) ચિશ્તિયા મસ્જિદ–મદ્રસા–તાંદલજા, વડોદરા, તા. ૬–૧૦–૨૦૧૨ (૭) નાગાણી શાહ તક્‌િયા મસ્જિદ, ધોરાજી, તા. ૨૦–૯–૨૦૧૨, તર્બિયત કર્તા : જનાબ મુહમ્મદ ખાલિદ સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)

## ✪ રમઝાનમાં યાદગારો મનાવાયી ✪

**દયાદરા** : ખાતે મુખ્તારુલ મસાજિદ ઉર્ફે નૂરાની મસ્જિદ ખાતે નીચે મુજબની હસ્તીઓની યાદમાં યાસીન શરીફના ખત્મ રાખ્યા બાદ જે તે હસ્તીના ફઝાઈલ તથા કમાલાત વિશે બયાન **હઝરત મૌલાના સાદિક્ સાબરી દહેગામી સાહબે ઈમાન અફરોઝ બયાન** કર્યું હતું.

- ★ ૦૩–રમઝાન શરીફ : ખાતૂને જન્નત હઝરત ફાતિમાઝ્ઝહરા رضی اللہ عنہا
- ★ ૧૦–રમઝાન શરીફ : ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا
- ★ ૧૭–રમઝાન શરીફ : ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક્‌ા رضی اللہ عنہا
- ★ ૨૧–રમઝાન શરીફ : શોહદાએ જંગે બદર તથા ફતહે મક્કા (૧૯–રમઝાન) મનાવાયો તથા હઝરત અલી શેરે ખુદા (رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن)ની યાદ મનાવવામાં આવી.

**હદીષ** : *હઝરત હસનથી રિવાયત છે, ફર્માવે છે : ઈલ્મે બે પ્રકારના છે. એક ઈલ્મ દિલમાં. આ ઈલ્મ લાભદાયી છે[૧] બીજો ઈલ્મ કેવળ જીભ પર, એ માનવ પર અલ્લાહની દલીલ છે[૨]. (દારમી)*

*હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે મેં નબી ﷺથી ઈલ્મનાં બે પાત્રો મહેફૂઝ કર્યા, એક તો તમારામાં ફેલાવી આપ્યું અને બીજુ જો એને ફેલાવી દઉં તો આ કાપી નાખવામાં આવે, એટલે ગળુ[૩]. (બુખારી)*

*હઝરત અબ્દુલ્લાહથી રિવાયત છે, ફર્માવ્યું, હે લોકો ! જે કોઈ કાંઈ જાણતો હોય તો વર્ણન કરી આપે, અને જો ન જાણતો હોય તે કહી આપે, અલ્લાહ જાણે ![૪] કેમ કે* ***ઈલ્મ એ જ છે કે જેને તમે ન જાણતા હોઉ તો કહી દો, અલ્લાહ જાણે ![૫]***

*અલ્લાહ તઆલાએ પોતાના નબીને ફર્માવ્યું કે ફર્માવી દો ! હું નબુવ્વત પર તમારાથી ઉજરત (વળતર) નથી માગતો અને ન હું બનાવટ કરનારાઓમાંથી છું[૬]. (મુસ્લિમ, બુખારી)*

*હઝરત ઈબ્ને સીરીનથી રિવાયત છે[૭] ફર્માવે છે કે, ઈલ્મ દીન છે જેથી વિચાર કરો કે પોતાનો દીન કોનાથી હાંસલ કરો છો[૮]. (મુસ્લિમ)*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** એટલે કે ઈલ્મે દીનના બે પ્રકાર છે, એક તે જેનું નૂર આલિમના દિલમાં ઉતરી જાય છે જેનાથી દિલ રોશન થઈ જાય અને શરીર આજ્ઞાંકિત થઈ જાય. આ ઈલ્મ આલિમને લાભ પહોંચાડનારો અને અન્ય લોકોને પણ ફાયદો કરશે. એવા આલિમની વઅઝ બલ્કે તેની સોહબત અકસીર છે. એની નિશાની એ છે કે આલિમના દિલમાં ખુદાનો ખૌફ અને મહબ્બતે રસૂલ ﷺ, તથા આંખોમાં ભીનાશ, ઝબાન પર અલ્લાહનો ઝિક્ર રહે છે. સૂફીઓ ફર્માવે છે કે ઈલ્મ વગર તસવ્વુફ (સૂફીપણુ) ફિસ્ક અને તસવ્વુફ વિનાનો ઈલ્મ બેદીની છે.

**૨.** એટલે કે આલિમ જ્યારે કેવળ વાતો તો સારી કરે પણ તેનું પોતાનું દિલ નૂરથી અને શરીર ઈલ્મની અસરથી ખાલી હોય. એ ઈલ્મ કયામતમાં આલિમના ઈલ્ઝામ વેઠવાનો ઝરીયો બનશે કે રબ ફર્માવશે, તું સર્વ કાંઈ જાણતો હતો છતાં ગુમરાહ તથા બદઅમલ શાથી બન્યો ? સૂફીઓ ફર્માવે છે કે જે ઈલ્મમાં તસવ્વુફની ચાસણી ન હોય તે ઈલ્મ લિસાની (જીભ પરનો) તથા શૈતાની વારસો છે. આદમ علیہ السلامનો ઈલ્મ કલ્બી હતો અને શૈતાનનો લિસાની.

**૩.** એટલે કે મને હુઝૂરથી બે પ્રકારના ઈલ્મ મળ્યા, એક "ઈલ્મે શરીઅત" જે મેં તમને બતાવી આપ્યો. બીજો "ઈલ્મે અસ્રાર વ તરીકત વ હકીકત" કે જો તેને જાહેર કરી દઉં તો પબ્લિક સમજશે નહીં અને મને બેદીન સમજીને કત્લ કરી આપે. અથવા એક ઈલ્મે અહકામ બીજો ઈલ્મે અખ્બાર જેમાં જાલિમ હાકિમો તથા બેદીન સરદારોનાં નામો મૌજૂદ છે તેને જો હું બતાવી દઉં તો તેમની પ્રજા મને ખતમ

કરી નાખે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કદીક ઈશારા તથા નિર્દેશની રીતે કાંઈક કહી આપતા હતા, જેમ કે દુઆ માગ્યા કરતા હતા કે, "ખુદા મને હિ.સ. ૬૦ના ફિત્નાઓ તથા લોંડીઓની હુકૂમતથી પનાહ આપ." જેમ કે હિ.સ. ૬૦માં હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہનો વિસાલ થયો અને યઝીદ પલીદ ગાદી પર બેઠો. આ દુઆમાં આ બે બનાવો પ્રતિ નિર્દેશ હતો. આપની એ દુઆ કૂબૂલ થઈ અને હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની વફાતથી એક વરસ પહેલાં ઈન્તેકાલ કર્યો. આ હદીષથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા. એક એ કે શરઈ મસ્અલા બેધડક વર્ણન કરવામાં આવે, પણ તસવ્વુફના રહસ્યો નાઅહલ (અપાત્ર)ને ન બતાવવામાં આવે. બીજુ એ કે ગૈર જરૂરી ચીજો જેના જાહેર થવાથી ફિત્નો ફેલાતો હોય તેને કદી પણ જાહેર કરવામાં ન આવે. ત્રીજુ એ કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ صلی اللہ علیہ وسلمને ગયબી ઈલ્મો અતા ફર્માવ્યા, અને હુઝૂરના થકી સહાબાએ કિરામને પણ. જ્યારે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہના ઈલ્મનો આ આલમ હતો તો ખુલ્ફાએ રાશિદીનના ઈલ્મો તો આપણી સમજથી બહારનાં છે.

૪. આ હદીષ મૌકૂફ છે. એટલે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہનું પોતાનુ ફર્માન છે. મક્સદ એ છે કે **કોઈ આલિમ પોતાની અજ્ઞાનતા જાહેર કરવામાં શરમ ન અનુભવે, જો કોઈ મસ્અલો માલૂમ ન હોત તો ઘડીને ન બતાવે.** આપણી બેઈલ્મી ઈલ્મથી વધીને છે.

રબ ફર્માવે છે : وَمَا أُوْتِيْتُمْ مِنَ الْعِلْمِ إِلَّا قَلِيْلًا ફરિશ્તાઓએ અર્ઝ કરી હતી لَا عِلْمَ لَنَا. હઝરત અલીને જાહેર મિમ્બર પર કોઈ મસ્અલો પૂછવામાં આવ્યો. આપે ફર્માવ્યું, મને ખબર નથી ? તે ગુસ્તાખ બોલ્યો કે આપ બેઈલ્મી છતાં મિમ્બર પર શા માટે ઉભા થયા ?! આપે ફર્માવ્યું કે, હું ઈલ્મના પ્રમાણમાં મિમ્બર પર ચઢયો છું, જો જેહાલતના પ્રમાણમાં ચઢતો તો આસ્માન પર પહોંચી જાત. *(મિર્કાત)*

**૫. એટલે કે પોતાની અજ્ઞાનતા જાણવું પણ ઈલ્મ છે.** પોતાની જેહાલતથી નાવાકેફ હોય એ અજ્ઞાનતાનુ પૂતળુ છે. મુફ્તિયાને કિરામ ફત્વાના અંતમાં લખે છે : اَللّٰهُ وَرَسُوْلُهٗ اَعْلَمُ તે અહીંથી અખ્ઝ કરેલ છે.

**૬.** જ્યારે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم અવ્વલીન તથા આખરીન સૌથી મહાન આલિમ, સમગ્ર જહાનના મુઅલ્લિમ છે, પણ તેમને હુકમ આપવામાં આવ્યો કે જે ચીજનો ઈલ્મ આપને હજી સુધી ન આપવામાં આવ્યો હોય તે નિઃસંકોચ ન બતાવો. જેમ કે હુઝૂરને અસ્હાબે કહફની સંખ્યા પૂછવામાં આવી તો ન બતાવી કેમ કે એનો ઈલ્મ બાદમાં અતા થયો. હઝરત ઉમરને સવાલ કરવામાં આવ્યો કે فَاكِهَة તથા اَوْرَابٌ (મેવા તથા ચારા)માં શું ફરક છે ? ફર્માવ્યું, મને ખબર નથી. હઝરત ઈમામ માલિકે છત્રીસ મસાઈલમાં ફર્માવ્યું, "હું નથી જાણતો." હઝરત ઈમામ અબૂ હનીફાને પૂછવામાં આવ્યું કે دَهْر (દહ્ર) શું ચીજ છે ? ફર્માવ્યું, મને ખબર નથી.

**૭.** આપનું નામ મુહમ્મદ ઈબ્ને સીરીન, કુન્નિયત અબૂબક્ર છે. શાનદાર તાબઈનમાંથી છે. આપના વાલિદ સીરીન, હઝરત અનસના આઝાદ કરેલા ગુલામ હતા. આપ ઘણા જ મહાન આલિમ, ફકીહ, ઈલ્મે તઅબીરના ઈમામ હતા. આપની ઉમર ૭૭ વર્ષની થઈ. હિ.સ. ૧૧૦માં વિસાલ ફર્માવ્યો. બસરાથી લગભગ દસ માઈલ દૂર અશરામાં ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہના કુબ્બામાં આપનો મઝાર છે. ફકીરે (લેખકે) ઝિયારત કરી છે.

**૮.** એટલે કે ઈલ્મે શરીઅત, ઈલ્મે દીન ત્યારે જ બનશે કે શીખવાડનાર ઉસ્તાદ "આલિમે દીન" હશે, **"બેદીન આલિમ"થી હાંસલ થયેલો ઈલ્મ બેદીની જ આપશે. આજે લોકો બેદીનોથી તફસીર તથા હદીષ પઢીને બેદીન થઈ રહ્યા છે.** ફર્માનની સાથે ફયઝાન જરૂરી છે.

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
**મૌલાના સાદિક઼ સાબરી દહેગામી**

**હૈ કલામે ઈલાહીમેં શમ્સો દુહા તેરે ચેહરએ નૂરે ફિઝા કી ક઼સમ**
**ક઼સમે શબે તારમેં રાઝ યહ થા કે હબીબ કી ઝુલ્ફે દોતા કી ક઼સમ**

*(કલામે ઈલાહી = કુર્આન મજીદ, શમ્સ = સૂરએ વ શમ્સ, વદુહા = સૂરએ વદુહા, નૂરે ફિઝા = પ્રકાશ વધારનાર, ક઼સમ = સોગંદ, શબે તાર = અંધારી રાત વલ્લૈલ ઈઝા સજા, દોતા = વળેલી)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ કુર્આને મુક઼દસમાં ખુદા પાકે **وَالضُّحٰی۔وَالشَّمۡسِ** (ક઼સમ સૂર્યની અને ક઼સમ ચાશતની) ફર્માવી આપના નૂરાની ચહેરાની ક઼સમ ફર્માવી છે. જેવું કે *તફસીરે અઝીઝી*, લેખક શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ, પેજ : ૧૮૮, ૨૧૭, *તફસીરે રૂહુલ બયાન*, લેખક : અલ્લામા ઈસ્માઈલ હક્કી, ભાગ : ૬, પેજ : ૭૧૩, *તફસીરે કબીર*, ભાગ : ૮, પેજ : ૫૯૬, લેખક : અલ્લામા ફખ્રુદ્દીન રાઝીમાં દર્શાવેલ છે કે **વશશમ્સ** અને **વદુહા**થી મુરાદ હુઝૂરે પાક علیہ الصلوٰۃ والسلامનો ચહેરો મુબારક છે. બીજા મિસ્રામાં ફર્માવ્યું, ક઼સમે શબે તારમેં રાઝ યે થા કે હબીબ કી ઝુલ્ફે દોતા કી ક઼સમ. કુર્આન શરીફમાં, **واليل اذا سجا** આવ્યું. અર્થ રાતની ક઼સમ ! જયારે છવાઈ જાય. અહીંયાં રાતથી મુરાદ હુઝૂર ﷺની ઝુલ્ફ મુબારકનું છે જેવું કે તફસીરે અઝીઝી, તફસીરે રૂહુલ બયાનમાં છે.

**તેરે ખુલ્ક઼ કો હક઼્ક઼ને અ઼ઝીમ કહા તેરી ખલ્ક઼ કો હક઼્ક઼ને જમીલ કિયા**
**કોઈ તુઝસા હુવા હૈ ન હોગા શહા તેરે ખાલિક઼ે હુસ્નો અદા કી ક઼સમ**

*(ખુલ્ક઼ = આદત, બહુવચન અખ્લાક઼, હક઼્ક઼ = ખુદાએ પાક, અઝીમ = મહાન, ખલ્ક઼ = પેદાઈશ, જન્મ, જમીલ = સુંદર, શહા = મારા આક઼ા, ખાલિક઼ે હુસ્નો અદા = આપના હુસ્ન અને અદાને પેદા કરનાર)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ આપના અખ્લાક઼ને ખુદા પાકે મહાન ફર્માવ્યું કે કુર્આન શરીફમાં છે, **اِنَّکَ لَعَلٰی خُلُقٍ عَظِیۡمٍ** "હે મહબૂબ ! આપના અખ્લાક઼ મહાન છે." *(પારા, ૨૯, સૂરએ ક઼લમ)* અને આપની પયદાઈશને સુંદર દર્શાવી. જેવું કે કુર્આન શરીફમાં છે, **لَقَدۡ خَلَقۡنَا الۡاِنۡسَانَ فِیۡۤ اَحۡسَنِ تَقۡوِیۡمٍ** "નિઃશંક ! અમોએ ઈન્સાનને ખૂબ સુંદર તરીક઼ાથી પેદા કર્યા." અહીંયાં ઈન્સાનથી મુરાદ મુફસ્સિરીન હઝરાતે હુઝૂરે પાક ﷺને લીધા છે. યા રસૂલલ્લાહ ! ﷺ આપ જેવો કોઈ ન થયો છે ન કદી થશે. આપના હુસ્ન, સુંદરતા અને અદાઓના ખાલિક઼ ખુદાની ક઼સમ !

અલ્લાહ પાકે હુઝૂર ﷺના અખ્લાક઼ને મહાન ફર્માવ્યા. જયારે કે દુનિયા વિશે ફર્માવ્યું, દુનિયાનો સામાન થોડો છે. *(કુર્આન)* હઝરત આઈશા رضی اللہ عنہاથી કોઈએ પૂછયું, હુઝૂર ﷺના અખ્લાક઼ કેવા છે ? તો સૈયદા આઈશા સિદીક઼ા رضی اللہ عنہاએ ફર્માવ્યું, શું તમે કુર્આન નથી પઢતા ? હુઝૂર علیہ الصلوٰۃ والسلامના અખ્લાક઼ કુર્આન છે. અર્થ આપનું જીવન ચાલતુ ફરતુ કુર્આન છે.

અલ્લાહ પાકે હુઝૂર ﷺની પયદાઈશને સુંદર બનાવી કે જયારે આપ હઝરત આમિના رضی اللہ عنہاને ભાર

કે તકલીફ માલૂમ ન પડતી હતી જે ગર્ભાવસ્થામાં સ્ત્રીઓને થાય છે. આપ નાફ (દૂંટી) કપાયેલ પૈદા થયા. આપ જ્યારે પૈદા થયા ત્યારે સાફ અને સ્વચ્છ હતા. જ્યારે કે બીજાં બાળકો પેદા થાય છે ત્યારે તેમના બદન પર ગંદકી હોય છે. આપની પયદાઈશ વખતે એક નૂર જાહેર થયું જેના પ્રકાશમાં હઝરત આમિના رضی اللہ عنہاએ શામના મહેલો જોઈ લીધા. આપની પયદાઈશ વખતે મૂર્તિઓ ઉંધી પડી ગઈ અને કા'બા શરીફને વજદ આવ્યું. ઉપરોક્ત શેઅરમાં હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہએ હઝરત હસ્સાનના અશ્આરની તર્જુમાની કરેલ છે.

**વો ખુદાને હૈ મર્તબા તુઝકો દિયા ન કિસી કો મિલે ન કિસી કો મિલા**
**કે કલામે મજીદને ખાઈ શહા તેરે શહરો કલામો બક઼ા કી ક઼સમ**

*(શહર = શહેર, સીટી, કલામે મજીદ = કુર્આન શરીફ, કલામ = વાત, બક઼ા = જિંદગી)*

**અર્થ** : હે બેમિષાલ (અજોડ) આક઼ા ! علیہ الصلوٰۃ والسلام ખુદા તઆલાએ જે મક઼ામ (મર્તબો) આપને આપ્યો છે તે ભૂતકાળમાં કોઈને મળ્યો નથી અને ભવિષ્યમાં કોઈને મળવાનો નથી કે કુર્આન પાકે આપના શહેર, આપના કલામ અને આપના જીવનની ક઼સમ ખાધી છે.

કુર્આને પાકમાં હુઝૂર صلی اللہ علیہ وسلمના સંબંધિત ઘણી ક઼સમોનું વર્ણન છે. અહીંયાં ત્રણનું વર્ણન કરવામાં આવ્યું છે : (૧) મુસ્તફા صلی اللہ علیہ وسلمના શહેરની ક઼સમ : કુર્આને પાકના ત્રીસમાં પારાની સૂરએ બલદની શરૂઆતમાં છે : لَآ اُقْسِمُ بِهٰذَا الْبَلَدِ ۙ وَاَنْتَ حِلٌّۢ بِهٰذَا الْبَلَدِ "મને શહેર (મક્કા)ની ક઼સમ, હે મહબૂબ ! (صلی اللہ علیہ وسلم) જ્યાં આપ બિરાજમાન છો." (૨) કલામની ક઼સમ : وَقِيْلِهٖ يٰرَبِّ اِنَّ هٰٓؤُلَآءِ قَوْمٌ لَّا يُؤْمِنُوْنَ "મને રસૂલના તે કલામની ક઼સમ ! હે મારા રબ ! આ લોકો ઈમાન ન લાવ્યા." *(પારા : ૨૫, સૂરએ ઝુખરુફ)* (૩) બક઼ા—જીવનની ક઼સમ : لَعَمْرُكَ اِنَّهُمْ لَفِىْ سَكْرَتِهِمْ يَعْمَهُوْنَ "હે મહબૂબ ! મને આપના જીવનની ક઼સમ ! આ કાફિરો પોતાના નશામાં આંધળા થઈ રહ્યા છે." *(પારા : ૧૪, સૂરએ હિજર)* وَالْعَصْرِ اِنَّ الْاِنْسَانَ "હુઝૂર (صلی اللہ علیہ وسلم)ના મુબારક જીવનકાળ ની ક઼સમ !" *(પારા : ૩૦, સૂરએ અસ્ર)* لَعَمْرُكَ اِنَّهُمْ لَفِىْ سَكْرَتِهِمْ يَعْمَهُوْنَ વિશે ઝુર્કાની, ભાગ : ૬, પેજ : ૨૩૧માં છે કે ઈબ્ને કય્યિમએ કહ્યું છે કે એનાથી કોઈને મતભેદ નથી કે એનાથી મુરાદ અલ્લાહ તબારક વ તઆલા તરફથી હુઝૂર صلی اللہ علیہ وسلمના જીવનની ક઼સમ છે. ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે અલ્લાહ عزوجلએ હુઝૂર صلی اللہ علیہ وسلمના જીવન સિવાય કોઈના જીવનની ક઼સમ નથી યાદ ફર્માવી. *(બયહક઼ી, ઈબ્ને અબી શૈબા, ઈબ્ને જરીર)*

**તેરા મસ્નદે નાઝ હૈ અર્શે બરીં તેરા મહરમેં રાઝ હૈ રૂહે અમીં**
**તૂ હી સરવરે હર દો જહાં હૈ શહા તેરા મિષ્લ નહીં હૈ ખુદા કી ક઼સમ !**

*(અર્શે બરીં = અર્શે આ'ઝમ, મહરમે રાઝ = ભેદ જાણનાર, રાઝદાર, રૂહુલ અમીન = હઝરત જિબ્રઈલ علیہ السلام, સરવર = સરદાર, મિષ્લ = જેવું)*

**અર્થ** : હે અર્શની ઝીનત આક઼ા ! صلی اللہ علیہ وسلم આપનો મસ્નદે નાઝ (ગૌરવમય સ્થાન) તો અર્શે બરીં છે અને જિબ્રઈલે અમીં علیہ السلام આપના હમરાઝ છે. અને આપ જ બંનેવ જહાનના સરદાર છો. ખુદાની ક઼સમ ! આપ જેવો કોઈ છે જ નથી ! હુઝૂર ગૌષે પાક رحمۃ اللہ علیہ ફર્માવે છે, અહલે સુન્નત આ વાત પર અક઼ીદો રાખે છે કે અલ્લાહ તબારક વ તઆલા પોતાના રસૂલ મુસ્તફા صلی اللہ علیہ وسلمને ક઼યામતના દિવસે પોતાની સાથે અર્શ પર બેસાડશે. *(ગુન્યતુત્તાલિબીન, પેજ : ૧૭૪)*

હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "મારા ચાર વઝીર છે, બે આકાશમાં અને બે પૃથ્વી પર. આકાશના બે વઝીર : હઝરત જિબ્રઈલ અને મીકાઈલ. અને પૃથ્વીના વઝીર : હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર." *(મિશ્કાત શરીફ)*

વઝીર બાદશાહના ખાદિમ હોય છે અને રાઝ જાણનાર પણ, જેથી જિબ્રઈલ علیہ السلام હુઝૂરની બારગાહના

ખાદિમ અને મહરમે રાઝ છે.

**યહી અર્ઝ હૈ ખાલિકે અર્ઝો સમા વો રસૂલ હૈં તેરે મૈં બંદા તેરા**
**મુઝે ઉનકે જવારમેં દે વો જગહ કે ખુલ્દ કો જિસ્કી સફા કી કસમ**

*(અર્ઝ = વિનંતિ, અર્ઝો સમા = આકાશ તથા પૃથ્વી, જવાર = પડોશ, ખુલ્દ = જન્નત, સફા = પાકીઝગી)*

**અર્થ :** હે આકાશ તથા પૃથ્વીના પૈદા કરનાર ! તારી બારગાહમાં મારી એ જ વિનંતિ છે કે હુઝૂર ﷺ તારા રસૂલ છે અને હું પણ તારો બંદો છું. મને જન્નતમાં હુઝૂર ﷺના પડોશમાં એવી જગ્યા આપ કે જેની પાકીઝગીની કસમ જન્નતને આપવામાં આવી છે.

**તૂ હી બંદોં પે કરતા હૈ લુત્ફો અતા હૈ તુઝી પે ભરોસા તુઝીસે દુઆ**
**મુઝે જલ્વએ પાકે રસૂલ દિખા તુઝે અપની હી ઈઝ્ઝો ઉલાકી કસમ**

*(લુત્ફો અતા = મહેરબાની અને બખ્શિશ, ઈઝ્ઝો ઉલા = ઈજ્જત અને બુઝુર્ગી)*

**અર્થ :** હે મારા પરવરદિગાર ! તું જ બંદોઓ પર મહેરબાની અને અતાનો વરસાદ વરસાવે છે, હું તારા પર જ ભરોસો કરું છું અને તારી બારગાહમાં દુઆ ગુજારું છું કે મને હુઝૂરે પાક ﷺના નૂરાની ચહેરાની ઝિયારત અતા કર તને તારી ઈજ્જત અને બુલંદી તથા મર્તબાની કસમ !

**મેરે ગરચે ગુનાહ હૈં હદ સે સિવા મગર ઉનસે ઉમ્મીદ હૈ તુઝસે રજા**
**તૂ રહીમ હૈ ઉનકા કરમ હૈ ગવાહ વો કરીમ હૈં તેરી અતા કી કસમ**

*(ગરચે = અગરચે, હદ સે સિવાય = હદથી વધીને, રજા = આરઝુ, ઉમ્મીદ)*

**અર્થ :** યા ગફૂર ! ﷻ મારા ગુનાહો ભલે હદથી વધારે છે પણ મને હુઝૂર ﷺની શફાઅતની ઉમ્મીદ છે અને તારાથી આરઝૂ છે. કારણ કે તું અરહમુર્રાહિમીન છે ! તું રહીમ છે ! સરકાર علیہ الصلوٰۃ والسلامનો કરમ તેની ગવાહી આપે છે કે તેં હુઝૂર ﷺને રહ્મતુલ્ લિલ્ આલમીન, રહીમ, રઉફ બનાવ્યા. તારી આ અતાની કસમ ! હુઝૂર કરીમ છે. કુર્આન શરીફમાં છે, અલ્લાહની રહમતથી નાઉમ્મીદ ન થાવ ! (પારા : ૧૩, ૨૪)

**યહી કહતી હૈ બુલબુલે બાગે જિનાન કે "રઝા" કી તરહ કોઈ સહર બયાં**
**નહીં હિંદ મેં વાસિફે શાહે હુદા મુઝે શૌખીએ તબ્એ "રઝા" કી કસમ**

*(બાગે જિનાન = જન્નતનો બાગ, રઝા = ઈમામ અહમદ રઝા, સહેર બયાં = જાદુઈ બોલીવાળો, હિંદ = અખંડ ભારત, વાસિફ = તારીફ, પ્રશંસા કરનાર, શાહે હુદા = સિધો રસ્તો દેખાનડાર બાદશાહ, શૌખી = નિડરતા, બેબાકી, તબ્એ રઝા = ઈમામ અહમદ રઝાની તબીઅત)*

**અર્થ :** જન્નતના બાગોની બુલબુલો કહે છે કે ઈમામ અહમદ રઝા જેવા સહર બયાં (જાદૂઈ બોલી બોલનાર) કોઈ નથી. અમને ઈમામ અહમદ રઝાની તબીઅતની બેબાકીની કસમ ! અખંડ ભારતમાં હુઝૂર ﷺની નઅતો લખનાર હુઝૂર ﷺની તારીફ કરનાર અહમદ રઝા જેવો કોઈ નથી. હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅર તહદીષે નેઅમત એટલે કે અલ્લાહની નેઅમતના ચર્ચા રૂપે કહ્યો છે.

એ હકીકત પણ છે કે આજે આખા જગતમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના કલામો પઢવામાં આવે છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہની લખેલ સલામ *"મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ"* આખી દુનિયામાં પઢાય છે અને હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہના કલામમાં ઈશ્કે રસૂલનો સમુદ્ર છલકાય છે જેને જોઈને દુશ્મનો પણ કહેવા પર મજબૂર થયા કે આ'લા હઝરત આશિકે રસૂલ છે.

*મુલકે સુખ્ન કી શાહી તુમ કો **"રઝા"** મુસલ્લમ–જિસ સિમ્ત આ ગએ હો સિક્કે બિઠા દિએ હૈં*

# અવલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ ક઼ાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

## ★ ગયબથી અવાજ આવ્યો ! ★

અને મેં તેમનાથી જ સાંભળ્યું કે અબુલ નજમ અહમદ બિન હુસૈને તેમને ખુરસ્તાનમાં કહ્યું કે મેં અબૂબક્ર કત્તાનીને ફર્માવતાં સાંભળ્યા, હું મક્કાની તરફ જઈ રહ્યો હતો અને દુકાળનો જમાનો હતો. જોયું કે દીનારોથી ભરેલી એક થેલી ચમકી રહી છે. મેં ચાહ્યું કે એને ઉઠાવી લઉં જેથી મક્કા જઈને ફક઼ીરો પર વહેંચી દઉં. એના પર ગયબથી અવાજ આવ્યો, જો એને લીધી તો તમારી ફક઼ીરી છીનવી લેવામાં આવશે !

## ★ જમીન પર પગ મારતાં ઝરણુ વહેવા લાગ્યું ! ★

અમને મુહમ્મદ બિન મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીએ કહ્યું કે તેમનાથી અહમદ બિન યૂસુફ ખય્યાતે કહ્યું કે અબૂ અલી રૂદબારીએ તેમને વર્ણવ્યું કે અબુલ અબ્બાસ ફર્માવતા હતા કે અમે અબૂ તુરાબ નખ્શબીની સાથે જઈ રહ્યા હતા એવામાં આપ રસ્તાથી હટીને એક બાજુ થઈ ગયા. તેમના એક મુરીદે કહ્યું કે મને તરસ લાગી છે ! આપે આપનો પગ જમીન પર માર્યો તો સાફ પાણીનું એક ઝરણુ ફૂટી નીકળ્યું. તે શખ્સે કહ્યું, હું ચાહું છું કે પ્યાલામાં ભરીને પીઉં. તો ફરી પોતાનો હાથ જમીન પર માર્યો અને તેને સફેદ કાચનો પ્યાલો પકડાવી આપ્યો. એ પ્યાલો ખૂબ જ ખૂબસૂરત હતો. એણે પાણી પીધું અને અમને પણ પીવડાવ્યું અને પ્યાલો મક્કા સુધી રહ્યો.

## ★ મારવા ઉગામેલો હાથ હાલી ન શક્યો ! ★

મને મુહમ્મદ બિન અબ્લા સૂફીએ કહ્યું કે અબુલ ફરજ વર્ષાનીએ કહ્યું કે મુહમ્મદ બિન હુસૈન ખલ્દી તરતૂસીએ કહ્યું કે અબ્દુલ્લાહ બિન જલાઅ્ ફર્માવતા હતા કે અમે બગદાદમાં સર્રી સક઼્તીના ઉપરના માળે હતા. જ્યારે કેટલીક રાત પસાર થઈ ગઈ તો તેમણે સાફ સ્વચ્છ કમીસ, શલ્વાર, ચાદર તથા જોડા પહેર્યા અને ઉઠીને બહાર જવા લાગ્યા. મેં પૂછયું, અત્યારે ક્યાં જઈ રહ્યા છો ? જવાબ આપ્યો, ફતહ મૂસલીની ખબર પૂછવા જઈ રહ્યો છું. જ્યારે બગદાદની સડકો પર ચાલી રહ્યા હતા તો પહરેદારોએ તેમને પકડી લીધા અને ક઼ૈદ કરી લીધા. જ્યારે સવાર થઈ તો અન્ય કેદીઓની સાથે તેમને પણ મારવાનો હુકમ આપ્યો. જ્યારે જલ્લાદે મારવા માટે હાથ ઉઠાવ્યો તો તેનો હાથ અટકી ગયો અને તે હાથ હલાવી ન શક્યો. જલ્લાદને મારવા માટે કહેવામાં આવ્યું તો કહેવા લાગ્યો, મારી સામે એક વૃધ્ધ માણસ ઉભો રહીને મને કહી રહ્યો છે કે, એને મારતો નહીં ! જેથી મારો હાથ રોકાય જાય છે અને હાલી નથી શક્તો. લોકોએ જ્યારે વિચાર્યું કે કોણ શખ્સ છે ? તો જોયું કે તે ફતહ મૂસલી હતા ! જેથી તેમણે તેમને ન માર્યા.

## ★ દિરહમ તથા દીનાર વરસ્યા ! ★

અમને શયખ અબ્દુર્રહમાન સલ્લમીએ કહ્યું કે હારિષ ખત્તાબીએ એમને કહ્યું કે મુહમ્મદ બિન ફઝ્લએ તેમને વર્ણન કર્યું કે અલી બિન મુસ્લિમે કહ્યું કે સઈદ બિન યહ્યા બસરી ફર્માવતા હતા કે ક઼બીલા કુરૈશમાંથી અમુક લોકો અબ્દુલવાહિદ બિન ઝયદની પાસે જઈને બેસ્યા કરતા હતા. એક દિવસ તેમણે આવીને કહ્યું કે અમને આર્થિક તંગી તથા મોહતાજીનો ડર લાગે છે. તેમણે આસ્માન તરફ માથુ ઉઠાવ્યું અને

આ દુઆ પઢી :–

اَللّٰهُمَّ اِنِّىْ اَسْئَلُكَ بِاسْمِكَ الْمُرْتَفِعِ الَّذِىْ تُكْرِمُ بِهٖ
مَنْ شِئْتَ مِنْ اَوْلِيَائِكَ وَتُلْهِمُهُ الصَّفِىَّ مِنْ اَحْبَابِكَ
اَنْ تَأْتِيَنَا بِرِزْقٍ مِّنْ لَّدُنْكَ تَقْطَعُ بِهٖ عَلَائِقَ الشَّيْطَانِ
مِنْ قُلُوْبِنَا وَقُلُوْبِ اَصْحَابِنَا هٰؤُلَاءِ فَاَنْتَ الْحَنَّانُ
الْمَنَّانُ قَدِيْمُ الْاِحْسَانِ۔ اَللّٰهُمَّ اَلسَّاعَةَ السَّاعَةَ۔

**અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુક બિઈસ્મિકલ્ મુર્તફિઈલ્લઝી તુક્રિમુ બિહી મન્અવ્લિયાઈક વ તુલ્હિમુહુસ્સફિય મિન્અહ્બાબિક અન્તઅ્તિયના બિ રિઝ્કિમ્ મિલ્લદુન્ક તક્તઉબિહી અ્લાઈકશ્શયતાનિ મિન્કુલૂબિના વકુલૂબિ અસ્હ઼ાબિના હાઉલાઈ ફઅન્તલ્હન્નાનુલ્મન્નાનુ ક઼દીમુલ્ઈસાન. અલ્લાહુમ્મસ્સાઅતસ્સાઅત.**

(અર્થ) : ''યા અલ્લાહ ! હું તને એ બુલંદ નામના વસીલાથી દરખાસ્ત કરું છું જેની સાથે તું તારા જે વલીને ચાહે છે ઈજ્જત બખ્શે છે અને જેને તું પોતાના ચહીતા દોસ્તોના દિલોમાં નાખી દે છે કે તું તારા તરફથી અમને રિઝક઼ મોકલ જેના કારણે અમારાં દિલો અને અમારા સાથીઓનાં દિલોએથી શૈતાની સંબંધ ખત્મ થઈ જાય. તું જ રહમ કરનાર, એહસાન કરનાર છે જેનું એહસાન હમેશાંથી ચાલ્યું આવી રહ્યું છે. યા અલ્લાહ ! અત્યારે જ થાય ! અત્યારે થાય !''

તે કહે છે કે છત પર ખખડાટ સાંભળ્યો. ત્યારબાદ દિરહમ તથા દીનાર વરસવા લાગ્યા. પછી અબ્દુલવાહિદ બિન ઝયદે કહ્યું, અન્યોને છોડીને ખુદાથી માલદારી ચાહ્યા કરો. જેથી તેમણે એ દિરહમ તથા દીનાર લઈ લીધા અને અબ્દુલવાહિદે કાંઈ ન લીધું.

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો તથા બનાવો**

## શું તમે ખેતીના પાકમાંથી ઉશ્ર કાઢો છો ?!

કાર્યાલય

ખેતી કરનારા આટલુ જરૂરથી સમજે અને તે પ્રમાણે ખેતિનો પાક જે આવે તેમાંથી ઉશ્ર કાઢે.

**મસ્અલા** : જે ખેતર વરસાદ અથવા નહેરનાળાનાં પાણીથી (ફ્રી પાણી)થી સિંચાઈ કરવામાં આવે તેમાં ઉશ્ર અર્થાત ''દસમો ભાગ'' (સો કિલોએ ૧૦ કિલો અથવા એની કિંમત) વાજિબ છે અને જેનું સિંચન કોસથી અથવા ડોલથી અથવા વેચાતુ લઈને (મશીન વડે) થાય તેમાં ''વીસમો ભાગ'' વાજિબ છે. (એટલે ૧૦૦ કિલોએ પાંચ કિલો અથવા તેની કિંમત) જો ખેતર અમુક દિવસ વરસાદના પાણીથી તૃપ્ત થયું અને અમુક દિવસ મશીનથી (કોસ, ડોલથી) તો જો મોટાભાગનું વરસાદના પાણીથી હોય તો દસમો ભાગ, નહીં તો વીસમો ભાગ ઉશ્ર વાજિબ થશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા** : તુવેર, મગ, ઘઉં, જવ, જુવાર, બાજરો, ડાંગર અને દરેક પ્રકારના અનાજ અને અળસી, કુસુમ, અખરોટ, બદામ અનેક દરેક પ્રકારના મેવા, કપાસ, શેરડી, ખરબુઝ, તડબૂચ, ખીરા, કાકડી, રેગણાં અને દરેક પ્રકારની શાકભાજી આ સઘળામાં ઉશ્ર વાજિબ છે, ચાહે થોડુ પાકે કે વધારે પાકે. (આલમગીરી) જે માલ આવે તેમાંથી ઉશ્ર કાઢવું વાજિબ.

**મસ્અલા** : ઉશ્ર વાજિબ થવા માટે આક઼િલ, બાલિગ હોવું શર્ત નથી, ગાંડા અને નાબાલિગની જમીનમાં જે કાંઈ પેદા થયું તેમાં પણ ઉશ્ર વાજિબ છે. તેમજ ઉશ્રમાં વર્ષ પૂરું થવુ પણ શર્ત નથી, બલ્કે વર્ષમાં કેટલીકવાર એક જ ખેતરમાં ખેતી થઈ તો દરેક વખતે ઉશ્ર વાજિબ છે. *(બહારે શરીઅત)*

**નોંધ** : ખેડૂતો ધ્યાનથી વાંચે અને ઉશ્ર જરૂરથી ગણીને કાઢે અને ઝકાતના જે હક઼દાર છે તેઓને ઉશ્ર આપી શકે છે.

દરેક મુસ્લિમે જાણવો જરૂરી છે

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## જુમ્આનું બયાન

જુમ્આની નમાઝ ફર્ઝે ઐન છે. (અર્થાત દરેક આકિલ, બાલિગ, આઝાદ, સ્થાયી, મર્દ મુસલમાન ઉપર ફર્ઝ છે.) જુમ્આની ફર્ઝિયત ઝહોરથી વધારે છે અને ફર્ઝ હોવાનો ઈન્કાર કરનાર કાફિર છે. (દુર્રે મુખ્તાર વગેરે)

હદીષ શરીફમાં છે કે જેણે ત્રણ જુમ્આ લગાતાર (જાણીબુઝી) છોડયા તેણે ઈસ્લામને પીઠ પાછળ ફેંકી દીધો તે મુનાફિક છે. તેને અલ્લાહ તઆલાથી કોઈ સંબંધ નથી. *(ઈબ્ને ખુઝૈમા અને હબ્બાન, રઝીન, ઈમામ શાફઈ)*

**મસ્અલો** : જુમ્આની નમાઝ પઢવા માટે છ શરતો છે. જો એમાંથી કોઈ એક પણ શરત ન હોય તો જુમ્આની નમાઝ થશે નહીં.

જુમ્આ માટેની શરતો : (૧) શહેર અને શહેરી વિસ્તાર (૨) બાદશાહ (૩) ઝહોરની નમાઝનો સમય (૪) ખુત્બો (૫) જમાઅત (૬) દરેક મુસલમાન માટે દાખલ થવાની છૂટ.

**પહેલી શરત** : શહેરી અને બહારના શહેરી વિસ્તાર

શહેરનો મતલબ તે જગ્યા છે કે જેમાં ઘણા મહોલ્લા, સ્ટ્રીટો તેમજ બજાર હોય અને તે કોઈ જિલ્લો કે તાલુકાનું સ્થળ કે કસ્બો હોય, વળી, ત્યાં કોઈ હાકિમ, લીડર કે સરદાર હોય કે પોતાની સત્તા કે પ્રભાવથી મઝલૂમને જાલિમથી ન્યાયની રીતે બદલો અપાવી શક્તો હોય, અર્થાત ન્યાય અપાવવામાં પૂરી તાકાત ધરાવતો હોય, પછી ભલે તે ન્યાય ન કરતો, બદલો ન લેતો હોય.

ફનાએ મિસ્ર અર્થાત બહારના શહેરી વિસ્તારનો મતલબ એ જગ્યા છે કે શહેરની આજુબાજુ શહેરના ઉપયોગ માટે બનાવેલ હોય જેમ કે કબ્રસ્તાન, ઘોડાદોડ હરીફાઈનું મેદાન, લશ્કરને રહેવાની જગ્યા, કોર્ટ–કચેરી, સ્ટેશન, બસ સ્ટેશન વગેરે એવી ચીજો શહેરની બહાર હોય તો એને શહેરી વિસ્તાર તરીકે ગણવામાં આવશે અને ત્યાં જુમ્આની નમાઝ જાઈઝ છે. માટે જુમ્આ શહેરમાં પઢવામાં આવે કે કસ્બામાં કે એના આજુબાજુ બહારના વિસ્તારમાં, પરંતુ ગામડામાં જાઈઝ નથી. *(ગુનિયા, બહારે શરીઅત વગેરે)*

**મસ્અલો** : મિસ્ર (શહેર) માટે ત્યાં હાકિમનું રહેવું જરૂરી છે, જો તે ફક્ત ત્યાં શહેરની મુલાકાત માટે જ આવ્યો છે તો તે જગ્યા શહેર તરીકે ગણાશે નહીં, અને ત્યાં જુમ્આ કાયમ કરવામાં આવશે નહીં. *(રદ્દુલ મુહતાર, બહારે શરીઅત)*

**મસ્અલો** : ગામડાનો રહેવાસી શહેરમાં આવ્યો અને જુમ્આના દિવસે એણે શહેરમાં રહેવાનો વિચાર કર્યો તો જુમ્આ ફર્ઝ છે.

**મસ્અલો** : શહેરમાં એકથી વધુ જગ્યાઓ ઉપર જુમ્આ થઈ શકે છે પછી ભલે શહેર નાનું હોય કે મોટું, વળી જુમ્આ બે મસ્જિદોમાં થતી હોય કે તેથી વધારે *(દુર્રે મુખ્તાર વગેરે)* પરંતુ જરૂરત વિના ઘણી જગ્યાઓએ જુમ્આ કાયમ કરવી નહીં કારણ કે જુમ્આ એ ઈસ્લામી નિશાની છે તેમજ જમાઅતોને ભેગી કરનાર છે. વળી ઘણી મસ્જિદોમાં થવાથી તે ઈસ્લામી પ્રભાવ રહેતો નથી જે વિશાળ માનવ મેદનીમાં દેખાય છે. વળી લોકોની અમુક જરૂરિયાત અને તકલીફોને ધ્યાનમાં લઈ એકથી વધુ જગ્યાઓ પર પઢવું જાઈઝ કર્યું છે પરંતુ વિના જરૂરત જમાઅત તોડવી અને મહોલ્લે મહોલ્લે જુમ્આ શરૂ ન કરવી જોઈએ.

એક ઘણી જ જરૂરી બાબત કે જેના તરફ લોકોનું બિલકુલ ધ્યાન નથી તે એ કે જુમ્આને બીજી નમાઝોની જેમ સમજે છે, જેને વિચાર આવ્યો તેણે

નવી જગ્યાએ જુમ્આ પઢવો પઢાવવો શરૂ કરી દીધો. વળી ગમે તે માણસ પઢાવી દે છે ! આ જાઈઝ નથી. કારણ કે જુમ્આ શરૂ કરવાનું કામ ઈસ્લામી બાદશાહ કે તેના નાયબનું છે. વળી જ્યાં ઈસ્લામી બાદશાહત ન હોય ત્યાં સૌથી મોટા સુન્ની સહીહુલ અક઼ીદાના આલિમ ફક઼ીહ હોય તે શરીઅતના હુકમો આપવા માટે બાદશાહની જગ્યાએ ગણાશે માટે તેઓ જ જુમ્આ શરૂ કરાવી શકે છે. એમની રજા વિના થઈ શક્તો નથી.

અને જો એ પણ ન હોય તો જેને બધા લોકો ચાહે તેને ઈમામ બનાવે. પરંતું એક આલિમની હાજરીમાં લોકો પોતે સ્વયં બીજાને ઈમામ બનાવી શક્તા નથી. વળી એ પણ બની શક્તું નથી કે બે પાંચ માણસો કોઈકને ઈમામ બનાવી લે. આવી રીતે જુમ્આની નમાઝ અદા કરવાનું ક્યાંય સાબિત નથી. *(બહારે શરીઅત)*

**બીજી શર્ત** : બાદશાહનું બયાન

બાદશાહથી મતલબ સુલતાને ઈસ્લામ કે તેનો નાયબ છે. તેને સુલતાને (બાદશાહે) જુમ્આ શરૂ કરવા માટેનો હુકમ આપ્યો હોય, બાદશાહ ન્યાયી હોય કે અન્યાયી, જાલિમ જુમ્આ કાયમ કરી શકે છે. એ જ રીતે બળજબરી બાદશાહ બની ગયો છે એટલે કે શરીઅતની રીતે એને ઈમામતનો હક્ક઼ ન હોય, દા.ત. કુરૈશી ન હોય અથવા ઈમામત માટેની બીજી કોઈ શરતોમાંથી ન હોય તો પણ તે જુમ્આ શરૂ કરી શકે છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર વગેરે)*

**ત્રીજી શર્ત** : સમયનું બયાન

જુમ્આની નમાઝનો સમય ઝહોરના સમય મુજબ છે. અર્થાત જે સમયે ઝહોરની નમાઝ માટેનો છે એ જ સમય જુમ્આની નમાઝ માટેનો છે. એ સમયમાં જ જુમ્આ થઈ જવો જોઈએ. જો એટલો વિલંબ કરી જુમ્આ પઢી કે છેલ્લા કાયદામાં તશહહુદ પઢતાં પઢતાં અસરનો ટાઈમ થઈ ગયો તો જુમ્આ થઈ નહીં. હવે ઝહોરની કઝા પઢવી પડશે. (ફિક઼્હની તમામ કિતાબોમાં આ જ પ્રમાણે છે.)

**ચોથી શર્ત** : ખુત્બાનું વર્ણન

**મસ્અલો** : જુમ્આના ખુત્બામાં શર્ત એ છે કે તે સમયની અંદર હોય, બીજું કે નમાઝથી પહેલાં હોય. વળી એટલી જમાઅત (લોકોની હાજરી)માં હોય કે જેટલી જુમ્આ માટે જરૂરી છે અર્થાત ખતીબ સિવાય ઓછામાં ઓછા ત્રણ મર્દ હોય અને એટલા જોરથી હોય કે ઓછામાં ઓછું પોતાની પાસેના માણસો સાંભળી શકે, જો કોઈ ખાસ મજબૂરીનું કારણ ન હોય તો. વળી જો ઝવાલથી પહેલાં ખુત્બો પઢી લીધો કે નમાઝની પછી પઢયો અથવા એકલા એકલા પઢયો અથવા સ્ત્રીઓ, બાળકો સામે પઢયો તો આ બધીય પરિસ્થિતિમાં જુમ્આ અદા થયો નહીં.

**મસ્અલો** : જો નમાઝ અને જુમ્આની વચ્ચે વધારે સમય વહી જાય તો તે ખુત્બો થશે નહીં. (બલ્કે પઢવો પડશે) *(બહારે શરીઅત, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ખુત્બો અલ્લાહના ઝિક્રનું નામ છે માટે જો કોઈએ ફક્ત એકવાર અલ્હમ્દુલિલ્લાહ અથવા સુબ્હાનલ્લાહ અથવા લાઈલાહા ઈલ્લલ્લાહ પઢી લીધું તો ફર્ઝ અદા થઈ ગયો, પરંતું ખુત્બાને એટલો ટૂંકાવવો મકરૂહ છે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : બે ખુત્બા પઢવા સુન્નત છે. વળી લાંબા લાંબા પણ ન હોય બંને મળીને તિવાલે મુફસ્સલથી વધી જાય તો મકરૂહ છે ખાસ કરીને ઠંડીની ઋતુમાં. (સૂરએ હુજોરાતથી લઈ સૂરએ બુરૂજ સુધીની સૂરતોને તિવાલે મુફસ્સલ કહે છે.) *(ગુનિયા, બહાર વગેરે)*

**મસ્અલો** : ખુત્બામાં આ ચીજો સુન્નત છે : (૧) ખતીબનું પાક હોવું (૨) ખતીબે ઉભા રહેવું (૩) ખુત્બાથી પહેલાં ખતીબે બેસવું (૪) ખતીબે મિમ્બર પર હોવું (૫) હાજરજનો તરફ મોં તેમજ કિ઼બ્લા તરફ પીઠ કરવી (૬) હાજરજનોએ ઈમામ તરફ મોં રાખી ધ્યાન રાખવું, ખુત્બા પહેલાં ધીમેથી અઊઝુ પઢવી (૭) એટલા જોરથી ખુત્બો પઢવો કે લોકો સાંભળી શકે. (૮) અલ્હમ્દથી શરૂ કરવો (૯) અલ્લાહ તઆલાની ષના (તારીફ) કરવી (૧૦)

અલ્લાહ તઆલાનું એક હોવું અને રસૂલુલ્લાહ ﷺની રિસાલતની ગવાહી આપવી (૧૧) હુઝૂર પર દુરૂદ શરીફ પઢવું (૧૨) ઓછામાં ઓછી કુર્આન મજીદની એક આયત પઢવી (૧૩) પહેલાં ખુત્બામાં વાઈઝ નસીહત કરવી (૧૪) બીજા ખુત્બામાં હમ્દ, ષના, દુરૂદ શરીફ, શહાદતનું પુનરાવર્તન કરવું (૧૫) બીજા મુસલમાનો માટે દુઆ કરવી (૧૬) બંને ખુત્બા હલ્કા (ટૂંકા) હોવા (૧૭) બંને ખુત્બાઓ વચ્ચે ત્રણ આયતો પઢી શકાય તેટલીવાર બેસવું.

મુસ્તહબ એ છે કે પહેલા ખુત્બા કરતાં બીજામાં અવાજ થોડો ધીમેથી હોય અને ખુલ્ફાએ રાશિદીન અને હુઝૂર ﷺના કાકાઓમાં હઝરત હમ્ઝા અને હઝરત અબ્બાસ رضی اللہ عنہماનાં નામો પણ લેવાં. બેહતર એ છે કે બીજો ખુત્બો આ રીતે શરૂ કરે :–

اَلْحَمْدُ لِلّٰهِ نَحْمَدُهٗ وَنَسْتَعِيْنُهٗ وَنَسْتَغْفِرُهٗ وَنُؤْمِنُ بِهٖ وَنَتَوَكَّلُ عَلَيْهِ وَنَعُوْذُ بِاللّٰهِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَمِنْ سَيِّئَاتِ اَعْمَالِنَا مَنْ يَّهْدِهِ اللّٰهُ فَلَا مُضِلَّ لَهٗ وَمَنْ يُّضْلِلْهُ فَلَا هَادِيَ لَهٗ وَنَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَنَشْهَدُ اَنَّ سَيِّدَنَا وَمَوْلَانَا مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ۔

જો ઈમામની સામે પુરુષો હોય તો ઈમામની તરફ મોં કરીને અને ડાબી જમણી તરફ હોય તો ઈમામ તરફ મોં ફેરવીને બેસી જાય, ઈમામથી નજીક બેસવું અફઝલ (ઉત્તમ) છે પરંતું એ માટે લોકોને ઓળંગી આગળ જવું નાજાઈઝ છે. જો ઈમામ હજુ ખુત્બો પઢવા માટે ગયા નથી અને આગળ જગ્યા ખાલી પડેલી છે તો આગળ જઈ શકાય છે **પરંતું ખુત્બો શરૂ થયા પછી મસ્જિદમાં આવ્યો તો મસ્જિદમાં પેસતાં જ એક છેડે બેસી જાય.** ખુત્બો સાંભળતી વેળા નમાઝમાં કાયદામાં બેસીએ છીએ તેવી હાલતમાં બેસવું. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, ગુનિયા વગેરે)*

**મસ્અલો** : ઈસ્લામી બાદશાહની એવી તારીફ કરવી કે જે ખૂબી એનામાં ન હોય તે **હરામ** છે. દા.ત. 'માલિકે રકાબલ ઉમમ' આ તદ્દન જૂઠ અને હરામ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ખુત્બામાં આયત ન પઢવી અથવા બંને ખુત્બાઓ વચ્ચે ન બેસવું અથવા ખુત્બો પઢતાં પઢતાં વાતચીત કરવી મકરૂહ છે પરંતું જો ખતીબે નેક વાતનો હુકમ આપ્યો અથવા બુરી વાતથી રોક્યા તો વાંધો નથી. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : અરબી સિવાય બીજી કોઈપણ ભાષામાં ખુત્બો પઢવો અથવા અરબી સાથે બીજી ભાષા મિલાવવી ખિલાફે સુન્નત છે, એ જ રીતે ખુત્બામાં શેઅરો પણ ન પઢવા જોઈએ ભલે પછી તે અરબી કેમ ન હોય ! નસીહત અને સારી વાતની પ્રેરણા માટેના એકાદ બે શેઅરો પઢી લેવામાં આવે તો વાંધો નથી. *(બહારે શરીઅત)*

**પાંચમી શરત : જમાઅત**

અર્થાત ઈમામની સિવાય ઓછામાં ઓછા ત્રણ પુરૂષો હોવા જોઈએ, નહીં તો જુમ્આ થશે નહીં. *(હિદાયા, શર્હે વકાયા, આલમગીરી, કાઝીખાન)*

**મસ્અલો** : ત્રણ ગુલામ કે ત્રણ મુસાફિર કે ત્રણ બીમાર કે ત્રણ મુંગા મુક્તદી માણસો હશે તો પણ જુમ્આ થઈ જશે, પરંતું જો ફક્ત સ્ત્રીઓ કે બાળકો હશે તો થશે નહીં. *(આલમગીરી, દુર્રે મુખ્તાર વગેરે)*

**છઠ્ઠી શરત : આમ પરવાનગી**

એનો મતલબ એ કે મસ્જિદનો દરવાજો ખોલી નાખવામાં આવે કે જેથી મુસલમાનને આવવું હોય તે આવી શકે કોઈની રોકટોક ન હોય. જો જુમ્આ મસ્જિદમાં લોકો ભેગા થઈ ગયા અને દરવાજો બંધ કરી જુમ્આ પઢયા તો જુમ્આ ન થયો. *(આલમગીરી)*

**મસ્અલો** : સ્ત્રીઓને મસ્જિદમાં દાખલ થવાથી રોકવામાં આવે તો આમ પરવાનગીની વિરૂદ્ધ ગણાશે નહીં કારણ કે એમના આવવાથી ફિત્નાનો ભય છે. *(રદ્દુલ મુહતાર)*

જુમ્આ વાજિબ થવા માટે ૧૧ શરતો છે, એમાંથી જો એક પણ નહીં હોય તો જુમ્આ ફર્ઝ નથી છતાં

પણ જો પઢશે તો થઈ જશે, બલ્કે પુરૂષ અક્કલવાન અને બાલિગ માટે પઢવી અફઝલ છે અને સ્ત્રીઓ માટે ઝહોરની નમાઝ પઢવી અફઝલ છે.

**શરત નં. ૧** : શહેરમાં રહેતા હોય, મુસાફર ઉપર ફર્ઝ નથી.

**શરત નં. ૨** : : તંદુરસ્ત હોવું, બીમાર ઉપર જુમ્આ ફર્ઝ નથી. બીમારનો મતલબ એ છે કે જુમ્આ પઢવા મસ્જિદ સુધી જઈ શક્તો ન હોય અથવા જો જાય તો બીમારી વધી જશે અથવા સાજા થવામાં મોડુ થશે (ગુનિયા) શૈખે ફાની બીમારના હુકમમાં છે. *(દુર્રે મુખ્તાર, કાઝીખાન, ફત્હુલ કદીર)*

**મસ્અલો** : જે માણસ બીમારની સેવામાં છે અને તેને ખબર છે કે જુમ્આ પઢવા જઈશ તો બીમાર મુસીબતમાં પડી જશે અને એની દેખભાળ કરનાર કોઈ નહીં હોય તો એ સેવક ઉપર જુમ્આ ફર્ઝ નથી. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

**શરત નં. ૩** : આઝાદ હોવું, ગુલામ ઉપર ફર્ઝ નથી, અને એનો માલિક મનાઈ કરી શકે છે. *(આલમગીરી, કાઝીખાન વગેરે)*

**મસ્અલો** : નોકર અને મજૂરને જુમ્આ પઢવાથી રોકી શકાતો નથી પરંતું જો જુમ્આ મસ્જિદ દૂર હોય તો જેટલું કામના સમયમાં નુકશાન થયું છે તેટલી મજૂરી ઓછી આપી શકે છે અને મજૂર એની માંગણી પણ કરી શક્તો નથી. *(આલમગીરી)*

**શરત નં. ૪** : પુરૂષ હોવું. સ્ત્રી ઉપર ફર્ઝ નથી.

**શરત નં. ૫** : બાલિગ હોવું.

**શરત નં. ૬** : અક્કલવાન હોવું (પાગલ ન હોવું તે) આ બંને શરતો ખાસ જુમ્આ માટે જ છે એમ નથી બલ્કે દરેક ઈબાદત વાજિબ થવા માટે અક્કલ અને બાલિગપણુ જરૂરી શર્તમાંથી છે.

**શરત નં. ૭** : આંખોવાળો હોવું આંધળા ઉપર ફર્ઝ નથી, પરંતું તે આંધળા ઉપર ફર્ઝ છે જે શહેરની દરેક ગલી કૂચીઓમાં આસાનીથી ફરે છે અને પૂછયા તેમજ સહાયક વિના જે મસ્જિદમાં ચાહે તેમાં પહોંચી જાય છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**શરત નં. ૮** : ચાલવા ઉપર તાકાત ધરાવતો હોય, લંગડા ઉપર ફર્ઝ નથી. પરંતું એવો લગડો જે મસ્જિદ સુધી જઈ શકે છે તેના ઉપર ફર્ઝ છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**શરત નં. ૯** : કેદમાં ન હોવુ, એટલે કે કેદી ઉપર જુમ્આ ફર્ઝ નથી, પરંતું એવો કેદી કે કંઈ કરજ ભરપાઈ ન કરવાને કારણે કેદ કરવામાં આવ્યો અને એ માલદાર છે અર્થાત કરજ ભરપાઈ કરવાની તાકાત ધરાવે છે તો જુમ્આ એના પર ફર્ઝ છે.

**શરત નં. ૧૦** : ડર, ભય ન હોવો, જો કોઈક બાદશાહ, જાલિમનો ભય છે અથવા ગરીબ, નાદારને પોતાના લેણદારનો ભય છે કે તે કેદ કરી લેશે તો એના ઉપર ફર્ઝ નથી. *(રદ્દુલ મુહતાર)*

**શરત નં. ૧૧** : વાવઝોડું, તોફાન, પાણી, બરફ, કરા કે ઠંડી ન હોવી. અર્થાત આ ચીજો જો એટલી સખત હોય કે એનાથી નુકશાનનો ભય છે તો જુમ્આ ફર્ઝ નથી.

**મસ્અલો** : જુમ્આની નમાઝની ઈમામત તે દરેક પુરૂષ કરી શકે છે કે જે બીજી નમાઝોની કરી શક્તો હોય પછી ભલે તેના ઉપર જુમ્આ ફર્ઝ ન હોય જેમ કે મુસાફર, ગુલામ. *(દુર્રે મુખ્તાર, હિદાયા, કાઝીખાન, ફત્હુલ કદીર)* એટલે કે ઈસ્લામી બાદશાહ કે તેનો નાયબ કે જેને એણે છૂટ આપી, બીમાર હોય કે મુસાફર તો બધા જ જુમ્આની નમાઝ પઢાવી શકે છે અથવા એ ત્રણેએ કોઈ બીમાર, મુસાફર કે ગુલામ કે કોઈ ઈમામતને લાયક આદમીને પરવાનગી આપી હોય અથવા તો જરૂરત પ્રસંગે આમ લોકોએ કોઈક માણસને ઈમામ નક્કી કર્યો હોય તો તે પઢાવી શકે છે પછી ભલે તે બીમાર હોય, મુસાફિર કે ગુલામ જ કેમ ન હોય. એવું નહીં કે પોતાની જાતે પોતે જે ગમે તે માણસ આગળ થઈ ઈમામ બની જાય અને જુમ્આ પઢાવી દે. આ રીતે જુમ્આની નમાઝ થશે નહીં.

**મસ્અલો** : જેના પર જુમ્આ પઢવી ફર્ઝ છે

તેણે શહેરમાં જુમ્આ થઈ જવા પહેલાં ઝોહર પઢવી મકરૂહે તહરીમી છે.

**મસ્અલો** : બીમાર અથવા મુસાફર અથવા કેદી અથવા કોઈ પણ તે કે જેના પર જુમ્આ ફર્ઝ નથી તેવા લોકોએ પણ જુમ્આના દિવસે શહેરમાં જમાઅત સાથે ઝોહર પઢવી મકરૂહે તહરીમી છે ભલે જુમ્આ થઈ ગયા પહેલાં જમાઅત કરે કે પછી. એવી રીતે જેને જુમ્આની નમાઝ પઢવાની ન મળી શકી હોય તે અઝાન અને તકબીર વિના ઝોહરની નમાઝ એકલો એકલો પઢે, જમાઅત એને માટે પણ મના છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ઉલમા ફર્માવે છે કે જે મસ્જિદોમાં જુમ્આની નમાઝ થતી નથી તેમને જુમ્આના દિવસે ઝોહરના ટાઈમે બંધ રાખવી. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

**મસ્અલો** : ગામડામાં જુમ્આના દિવસે પણ ઝોહરની નમાઝ અઝાન અને ઈક઼ામત (તકબીર)ની સાથે જમાઅતથી પઢે. *(આલમગીરી, બહારે શરીઅત)*

**મસ્અલો** : જુમ્આ માટે પહેલેથી જવું, દાતણ કરવું, સારા અને સફેદ કપડાં પહેરવાં, તેલ અને ખુશબોદાર ચીજ લગાડવી, પહેલી સફમાં બેસવું મુસ્તહબ છે અને નહાવુ સુન્નત છે. *(આલમગીરી, ગુનિયા વગેરે)*

**જરૂરી ખુલાસો** : હઝરત ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہએ એવું ફર્માવ્યું છે કે એવી આબાદી જ્યાં એટલા મુસલમાન હોય જેમના પર જુમ્આ ફર્ઝ હોય તેઓ એ વસ્તીની કોઈ મસ્જિદમાં જુમ્આ અદા કરે તો એમાં ન સમાય શકે અને એમને મોટી મસ્જિદ તામીર કરવાની જરૂરત પડે એવી વસ્તી જુમ્આ સહીહ થવા માટે શહેરના હુકમમાં છે અને ત્યાં જુમ્આ ક઼ાયમ કરી શકાય છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ ફર્માવ્યું કે, ''જો કે આ જાહેર મઝહબની રિવાયતોની વિરુદ્ધ છે પણ એને નાજાઈઝ નથી કહી શકતા અને એક મુતાખ્ખેરીન ફુક઼હાની જમાઅતે એને અપનાવેલ પણ છે.'' અને ઈ.સ. ૧૯૮૪થી જામિઆ અશ્રફિયા–મુબારકપુર, યુ.પી.થી આ પ્રકારની આબાદી જ્યાં હોય છે ત્યાં હઝરત ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہની રિવાયત મુજબ જ ફત્વો જારી કરવામાં આવે છે કે ત્યાં જુમ્આ જાઈઝ છે. આ સિવાયની આનાથી કમ આબાદીવાળી જગા માટે જાઈઝ નથી. અને આ'લા હઝરત رضی اللہ عنہએ પોતાના એક ફત્વામાં દર્શાવ્યું છે કે, ''જ્યાં જુમ્આ ચાલુ હોય ત્યાં બંધ કરવામાં ન આવે.'' *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) (વધુ ખુલાસા માટે વાંચો : ''ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૩, પેજ : ૭૦૨, ૭૦૩, નશિસ્ત ફૈસલ બોર્ડ, ૨૩ રબીઉલ આખર હિ.સ. ૧૪૨૨, તા. ૧૬–૭–૨૦૦૧, મર્કઝી દારુલ ઈફ્તા બરેલી શરીફ)*

પેજ નં. ૦૮ નું ચાલુ...

આ કુર્બાની કરવું એ પણ અલ્લાહની ઈબાદત છે તો એવો કોણ મુસલમાન હશે જેને અલ્લાહના હુકમાનુસાર કુર્બાની વેળા દિલમાં પોતાના પ્યારા પુત્ર હઝરત ઈસ્માઈલ علیہ السلامને ઝબહ કરવા તેમના ગળા પર તેજ છરી ચલાવનાર હઝરત ઈબ્રાહીમ علیہ السلام તથા કુર્બાની માટે અલ્લાહના હુકમનું સાંભળી રાજી રહેતાં હઝરત હાજરા رضی اللہ عنہاનો ખયાલ ન આવે ?!

તો શું આ અલ્લાહની ઈબાદત દરમ્યાન પણ નબીઓનો ખયાલ આવે તો એ પણ ઉપર લખ્યા મુજબ બુરુ તથા શિર્ક પ્રતિ લઈ જશે ?! આ વહાબી અક઼ીદો સહીહ માનવામાં આવે તો કોઈ પ્રકારની ઈબાદતો સલામત નથી રહેતી, ચાહે તે તિલાવતે કુર્આન શરીફ હોય કે નબી પાક ﷺ પર, તેમની આલ, અસ્હાબ, અઝવાજ પર દુરૂદ મોકલવું હોય, સૌમાં શિર્ક ભરી જશે ! અલ્લાહની પનાહ ! રબ્બે કરીમ સુન્નીઓને એ ગુમરાહોની ગુમરાહીથી મહેફૂઝ રાખે અને અજાણતામાં વહાબી દેવબંદીઓ તરફ આકર્ષાયેલા લોકોને પણ નેક હિદાયત આપે. (આમીન)

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી

✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

### ★ મસ્જિદમાં અવાજ કરવાવાળા પંખાઓ અને કૂલરોનો મસ્અલો ★

**આજકાલ કેટલાક લોકો જે મસ્જિદોમાં આવે છે તેમને નમાઝથી વધુ પોતાનો આરામ, ચેન, રાહત, ગરમી અને ઠંડીની ચિંતા રહે છે. પોતાની દુકાનો, મકાનો, ખેતીવાડીઓ અને કામધંધાઓમાં મોટી મોટી મુસીબતો ઉઠાવી લેનારાઓ અને તકલીફો સહન કરવાવાળાઓ જ્યારે મસ્જિદોમાં ૧૦ થી ૧૫ મિનિટ નમાઝ પઢવા આવે છે ત્યારે જરા પણ પરેશાની થાય છે કે થોડીક ગરમી કે ઠંડી લાગી જાય તો અકળાઈ ઉઠે છે. જાણે કે આજકાલ લોકો એ મસ્જિદોને આરામગાહ અને એશોઆરામની જગ્યા સમજી લીધી છે.** જ્યાં સુધી શરીઅતે ઈસ્લામિયાએ છૂટ આપી છે ત્યાં સુધી આરામ કરવાથી રોકી શકાતું નથી પરંતુ અમુક સ્થળોએ આ જોઈને ઘણો જ રંજ થાય છે કે મસ્જિદોને અવાજ કરવાવાળા વીજળીના પંખાઓ અને એર કૂલરોથી શણગારી દે છે અને જ્યારે આ બધા પંખાઓ અને કૂલરો ચાલે છે તો મસ્જિદોમાં એક પ્રકારના અવાજનો હંગામો થઈ જાય છે જેથી ક્યારેક તો ઈમામની કિ઼ર્અત અને તકબીરો પણ બરાબર સંભળાતી નથી અથવા ઈમામને આ પંખાઓ અને કૂલરોને કારણે અવાજને ખેંચીને કિ઼ર્અત અને તકબીરોને પઢવું પડે છે.

કેટલીક જગ્યાઓએ તો એ પણ જોવા મળેલ છે કે મસ્જિદોમાં પોતાના એશો આરામને માટે ભારેખમ અવાજોવાળાં જનરેટર રાખી દેવામાં આવે છે, જે સરાસર આદાબે મસ્જિદની વિરુદ્ધ છે. જ્યાં સુધી વીજળી આધારિત પંખાઓ અને કૂલરોનો સવાલ છે તો શરૂઆતમાં (અગાઉ) અકાબિર ઓલમાએ કિરામે તેમને મસ્જિદમાં લગાડવાને મુતલકન મના અને મકરૂહ ફર્માવ્યું હતું.

જેમ કે ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૬, પેજ : ૩૮૪ પર ખૂદ આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત મૌલાના શાહ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہની કલમથી તેની સ્પષ્ટતા થયેલી છે. હવે પછીથી આધુનિક સંશોધનો અને અવામમાં તેની પ્રચલિતતા (વપરાશ)ને કારણે તેની ઈજાઝત આપી દેવામાં આવી. પરંતુ અવાજ કરવાવાળા અને તેમના ખડખડાટ થકી મસ્જિદમાં એક પ્રકારનો હંગામો ઊભો કરી દેનારાં એર કૂલરો અને પંખાઓને લગાડવું તો આદાબે મસ્જિદ અને ખુશૂઅ અને ખુઝૂઅ (એકાગ્રતા) માટે જરૂર મના છે, તેની ઈજાઝત ચોક્કસપણે આપવામાં આવતી નથી. એકદમ ધીમી અવાજવાળા અને જરૂરત મુજબના પંખાઓથી કામ ચલાવી લેવું જોઈએ. એર કૂલરોથી તો મસ્જિદને બચાવી લેવું જ સારું છે કેમ કે તેમાં (કૂલરોમાં) ખાસ કરીને અવાજ વધુ હોય છે આથી સંખ્યાબંધ પંખાઓ અને કૂલરો લગાડીને મસ્જિદમાં ઘોંઘાટ કરવો જોઈએ નહીં.

ભાઈઓ ! ખુદા તબારક વ તઆલાનો ખૌફ રાખો, **ખાનએ ખુદા (મસ્જિદ)ને આરામ અને મનોરંજનનું સ્થળ ન બનાવો.** તે નમાઝ, ઈબાદત અને તિલાવતે કુર્આન માટે છે, શરીરની દેખભાળ માટે નથી ! નફ્સને મારવા માટે છે, નફ્સને આરામ પામવા માટે નથી. મસ્જિદોમાં અવાજ કરવાવાળા વીજળીના પંખાઓ બાબત હુકમ ફર્માવતાં આ'લા હઝરત

رحمۃ اللہ علیہ બયાન ફર્માવે છે : "બેશક ! એવી જગ્યાએ નમાઝ પઢવી મકરૂહ છે." *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૬, પેજ : ૩૮૬)*

આ જ જગ્યાએ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ દુર્રે મુખ્તારનુ આ લખાણ પણ નકલ ફર્માવેલ છે : "જો ખાવાનું હાજર હોય અને તેની તરફ દિલ ખેંચાતુ હોય અને ખાવાની ઈચ્છા હોય તો આવા સમયે નમાઝ પઢવી મકરૂહ છે. એ જ પ્રમાણે **દરેક તે વસ્તુ જે નમાઝમાંથી દિલને ફેરવી દે અને ખુઝૂઅમાં ખલેલ પહોંચાડે."** અધિક આગળ ફર્માવે છે : "ચક્કીની પાસે નમાઝ મકરૂહ છે." રદુલ મુહ્તારમાં છે : "શાયદ ! એનું કારણ એ છે કે ચક્કીનો અવાજ દિલને નમાઝથી હટાવે છે."

તે જ પ્રમાણે તે પંખાઓ જે ખરાબ અને જૂના થઈ જવાને કારણે અવાજ કરવા માડે છે તેને રીપેર કરાવી લેવા જોઈએ અથવા તેને મસ્જિદમાંથી ખસેડી લેવા જોઈએ.

### ★ નમાઝે જનાઝામાં તકબીરના સમયે આસ્માનની તરફ મોઢું ઉઠાવવું ★

આજકાલ ઘણા લોકો એવું કરતા જોવા મળે છે કે જ્યારે નમાઝે જનાઝામાં તકબીર કહેવામાં આવે છે ત્યારે દરેક તકબીરના સમયે ઉપરની તરફ મોઢું ઉઠાવે છે જો કે તેની કોઈ અસ્લ (સાબિતી) નથી. બલ્કે નમાઝમાં આસ્માનની તરફ મોઢું ઉઠાવવું મકરૂહે તેહરીમી છે. *(બહારે શરીઅત)*

અને હદીષ શરીફમાં છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "શું હાલત છે તે લોકોની જે નમાઝમાં આસ્માનની તરફ આંખો ઉઠાવે છે. તેનાથી દૂર રહે અથવા તેમની આંખોને ખેંચી લેવામાં આવશે." *(મિશ્કાત શરીફ, બહવાલા સહીહ મુસ્લિમ, પેજ : ૯૦)*

ખુલાસો એ કે નમાઝે જનાઝા હોય અથવા બીજી કોઈ નમાઝ, જાણી જોઈને આસ્માનની તરફ નજર ઉઠાવવી મકરૂહ છે અને નમાઝે જનાઝામાં તકબીરના સમયે ઉપરની તરફ જોવાનો જે રિવાજ પડી ગયેલ છે તે ખોટો અને આધાર વગરનો છે.

*(આપણા તરફ આ રિવાજ તો નથી પણ કેટલીક જગાએ નમાઝે જનાઝામાં ઈમામ તકબીર કહે ત્યારે કેટલાક મુક્તદીઓ પણ જોરથી "અલ્લાહુ અકબર" કહે છે તો એ ગલત છે, મુક્તદીએ ફક્ત પોતે સાંભળે એટલા જ અવાજમાં જેમ અન્ય નમાઝમાં તકબીર કહે છે તેમ ધીમે કહેવી જોઈએ. –તંત્રી : બરકાતે ખ્વાજા)*

### ★ પતિના તેના પત્નીનો જનાઝો ઉઠાવવાનો મસ્અલો ★

અવામમાં એવું મશહૂર છે કે પતિ તેની પત્નીના મર્યા પછી ન તો તેણીને જોઈ શકે છે, ન તેના જનાઝાને હાથ લગાડી શકે છે અને ન તો કંધો આપી શકે છે, આ વાત ખોટી છે.

સાચી વાત એ છે કે પતિ માટે તેની પત્નીના મર્યા પછી તેનું મોઢું જોવું પણ જાઈઝ છે અને તેના જનાઝાને ઉપાડવું અને કંધો આપવો અને કબ્રમાં ઉતારવુ પણ જાઈઝ છે. *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૪, પેજ : ૯૧)*

*(હા ! ઘણે ઠેકાણે આ નવો રિવાજ ચાલુ થયો છે કે ચારેબાજુ કાંધો આપનારા કાંધો આપે છે ત્યારે મરનારનો કોઈ સગો જનાઝાના આગળના ભાગે વચ્ચે કે પાછળના ભાગે વચ્ચે જનાઝાની નીચે તેને ઊંચકીને ચાલે છે ! જેમાં તે પણ વિના કારણે તકલીફ ઉઠાવે છે અને કાંધો આપનારાઓને પણ તેના લીધે અગવડ પડે છે. તો આવુ કરવુ ઉલમાએ મકરૂહ બતાવ્યું છે, જેથી કોઈએ જનાઝા નીચે આગળ કે પાછળ ન ભરાવું બલ્કે ચાર છેડા પર કાંધ આપવી. તેમજ જનાઝા સાથે ચાલનારાઓએ કલ્માએ શહાદત, ઝિક્ર, દુરૂદ શરીફ કે સલાતો સલામ પઢવું જોઈએ કે શાંતિથી ચાલવું જોઈએ, તેને બદલે શાદીના સરઘસમાં જતા હોય તેમ ઘણા લોકો વાતોમાં મશગૂલ થઈ જાય છે, તો એ બુરું છે. તથા દફનવિધિ વેળા એક તરફ કુર્આન પઢાય છે તો બીજી તરફ કબ્ર ઠીક કરનારા બૂમાબૂમ કરે છે તો એ પણ જાઈઝ નથી. શાંતિથી કુર્આન સાંભળવું વાજિબ છે. –તંત્રી :)*

-કાર્યાલય

# બદ્અક઼ીદાને ત્યાં

## કુર્બાનીમાં દા'વત વિશે હુકમ

શું ફર્માવે છે દીનના મુફ્તી સાહબો આ મસ્અલાના બારામાં કે વહાબી, દેવબંદી, ગૈર મુકલ્લિદ, શીઆ વગેરે અન્ય બદમઝહબોના ઘરે કુર્બાનીમાં જઈને સુન્ની ઈમામ નિય્યત પઢે, સુન્ની કસાઈ ઝબહ કરે પછી તે બદમઝહબના ઘરે એ જ ગોશ્ત દાવતના રૂપે ખાય એ શરીઅતમાં જાઈઝ છે ? કેટલાક લોકો કહે છે કે નિય્યત સુન્નીએ પઢી, ઝબહ પણ સુન્નીએ કર્યું પછી ખાવામાં શું વાંધો છે ? તો શું આવું જાઈઝ છે ?

***પ્રશ્નકર્તા** : અબ્દુર્રહીમ બરકાતી–ભરૂચ*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ **જવાબ** : વહાબી, દેવબંદી, ગૈર મુકલ્લિદ, શીઆ અન્ય બદઅક઼ીદાઓને ત્યાં ન નિય્યત પઢવા જવું જાઈઝ છે ન તેમને ત્યાં ગોશ્ત ખાવો જાઈઝ છે ભલે કોઈ સુન્નીએ ઝબહ કરેલ હોય. એટલા માટે કે (જ્યારે કાફિર, બદઅક઼ીદાના ત્યાં રાંધવામાં આવે ત્યારે) **ગોશ્તના હલાલ થવાના માટે** એ પણ જરૂરી છે કે **ઝબહના સમયથી લઈને જમવાના સમય સુધી (સુન્ની) મુસ્લિમની નજરથી એક પળ માટે પણ ગોશ્ત ગાયબ ન થાય, નહીં તો તેને ખાવું હરામ થઈ જશે.** જેમ કે આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ આ જ પ્રકારના એક સવાલના જવાબમાં ફર્માવે છે : ''આ સૌ (ગોશ્તનું હલાલ હોવું) એ સ્થિતિમાં છે કે ઝબહ થવાના સમયથી લઈને મુસલમાનોના હાથમાં પહોંચતા સુધી મુસલમાનોની નજરથી અદશ્ય ન થયો. અને જો ઝબહ કરીને તેને (કાફિર બદમઝહબને) આપી દીધો અને કોઈ મુસલમાન જોતો ન રહ્યો, તેણે ગોશ્ત પકાવ્યો અને મુસલમાનોને આપ્યો તો હવે એને ખાવું મુદ્દલે હલાલ જ ન રહ્યું.'' *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૮, પેજ–૩૨૩, ૩૨૪)* અને અહીં પ્રશ્નમાં જણાવેલ સ્થિતિમાં તો કેટલીવાર ગોશ્તનું અદશ્ય થવું લાઝિમ થશે. તદ્ ઉપરાંત તેમનાથી (બદ અક઼ીદાઓથી) મેલ જોલ તથા મૈત્રીપૂર્ણ સંબંધો રાખવા પણ શરીઅતમાં મના છે, કેમ કે **કુર્આન હદીષમાં ગુમરાહો તથા બદમઝહબો સાથે મેલજોલ અને મૈત્રીપૂર્ણ વહેવારો કરવાથી મના કરવામાં આવ્યું, બલ્કે તેમનાથી દૂર રહેવાનો ઠેક ઠેકાણે હુકમ આપવામાં આવ્યો.** જેમ કે રબ તઆલાનો ઈર્શાદ છે : يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا عَدُوِّىْ وَعَدُوَّكُمْ اَوْلِيَآءَ ''હે ઈમાનવાળાઓ ! મારા તથા તમારા દુશ્મનોને દોસ્ત ન બનાવો ! *(પારા : ૨૮, સૂરએ મુમ્તહિન–૧)*

અને બીજી જગાએ ફર્માવ્યું છે : وَمَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ''અને તમારામાંથી જે કોઈ એમની સાથે દોસ્તી કરશે તો એ જ જાલિમ છે.'' *(સૂ. તૌબા, આયત : ૨૩, પારા : ૧૦)* અને હદીષે પાકમાં આવ્યું :–

اِيَّاكُمْ وَ اِيَّاهُمْ لَا يُضِلُّوْنَكُمْ وَ لَا يَفْتِنُوْنَكُمْ ''તેમનાથી દૂર રહો અને તેમને તમારાથી દૂર રાખો, ક્યાંક તમને ગુમરાહ ન કરી આપે અને ક્યાંક ફિત્નામાં ન નાખી દે.'' અને ફર્માવવામાં આવ્યું : لَا تُشَارِبُوْهُمْ وَلَا تُوَاكِلُوْهُمْ ''ન તેમની સાથે મળીને ખાવા ખાવ, ન તેમની સાથે મળીને પાણી પીઓ.'' **તો જ્યારે તેમની સાથે ખાવા પીવાની મનાઈ કરી દેવામાં આવી, તો પછી તેમના ઘરે ખાવા માટે જવું અને તે પણ ગોશ્ત ખાવા માટે જવું કઈ રીતે જાઈઝ થશે ?!** અને તેમને ત્યાં નિય્યત પઢવા જવું એ અવામ (પબ્લિક)ના માટે એક નાજાઈઝ માર્ગનો દરવાજો ઉઘાડવું છે. એટલા માટે ઈમામ હવે પછી કદી પણ નિય્યત પઢવા તેમને ત્યાં ન જાય અને અવામને પણ તેમના ત્યાં ખાવા માટે જવાથી શક્ય હોય ત્યાં સુધી રોકવાની કોશિશ કરે. લખનાર : (મુફ્તી) મુહમ્મદમુઝ્ઝમ્મિલ બરકાતી મિસ્બાહી *(ખાદિમે દારુલ ઈફતા : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**નોંધ** : *આ ફત્વા પરથી તે લોકો બોધગ્રહણ કરે જેઓ ગોશ્તવાળી કોઈપણ આઈટમ બિર્યાની, ચિકન, કબાબ, સમોસા વગેરે ગમે ત્યાંથી ખરીદીને ખાય ખવડાવે છે. તેઓ ઉપરોક્ત ઝબહનો ક઼ાયદો સમજી લે. જો એથી વિરુદ્ધ થશે તો મુરદાર ખાવા ખાધેલુ ગણાશે. ગમે તે હોટલમાંથી તૈયાર બિર્યાની તથા તૈયાર દાળ ગોશ્ત, ચિકન પીસ મહેમાનો માટે મંગાવે છે તેઓ ઉપરોક્ત મસ્અલાનો લેહાઝ રાખે અને હરામ મુરદાર ખાવા ખવડાવવાથી બચે. –તંત્રી :*

# ગુનાહોથી તૌબા

કાર્યાલય

દરેક મુસલમાન મર્દ તથા ઔરત પર ગુનાહોથી તૌબા કરવી વાજિબ છે. ફર્માને ઈલાહી છે, يٰٓاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا تُوۡبُوۡۤا اِلَى اللّٰهِ تَوۡبَةً نَّصُوۡحًا "હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી પુખ્તા તૌબા કરો." એક અન્ય ઠેકાણે ઈર્શાદે ઈલાહી છે : وَلَا تَكُوۡنُوۡا كَالَّذِيۡنَ نَسُوا اللّٰهَ "તમે તે લોકોની જેમ ન થઈ જાવ જેઓએ અલ્લાહને ભૂલાવી દીધો છે." તેની મોકલેલી કિતાબોને પીઠ પાછળ નાખી, જાણે તેઓએ પોતાના હાલ પર રહમ નથી કરી. અને પોતે પોતાની જાતને ગુનાહોથી નથી બચાવી અને આખેરતના માટે કોઈ નેકી નથી કરી. ફર્માને નબવી عليه الصلوٰة والسلام છે કે જે શખ્સ અલ્લાહ તઆલાથી મેળાપ પસંદ કરે છે, અલ્લાહ તઆલા તેનાથી મેળાપ પસંદ ફર્માવે છે અને જે અલ્લાહ તઆલાથી મળવું નાપસંદ કરે છે તો અલ્લાહ તઆલા તેને મળવાનું નાપસંદ ફર્માવે છે.

ફર્માને ઈલાહી છે, اُولٰٓئِكَ هُمُ الۡفٰسِقُوۡنَ "એ જ લોકો નાફર્માન, વાયદો ભંગ કરનાર તથા બખ્શિશ અને હિદાયતની રાહથી દૂર છે."

**ફાસિક઼ોના પ્રકાર** : ફાસિક઼ના બે પ્રકાર છે : (૧) ફાસિક઼ કાફિર (૨) ફાસિક઼ ફાજિર

(૧) **ફાસિક઼ કાફિર** : તે છે જે અલ્લાહ અને તેના રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيۡهِ وَسَلَّمَ પર ઈમાન નથી રાખતો અને હિદાયત છોડીને ગુમરાહીનો તાલિબ થાય છે. જેમ કે ફર્માને ઈલાહી છે : فَفَسَقَ عَنۡ اَمۡرِ رَبِّهٖ "અલ્લાહના હુકમની વિરુદ્ધ જાય છે."

(૨) **ફાસિક઼ ફાજિર** : તે છે જે શરાબ પીએ છે, હરામ માલ ખાય છે, બદ્કારીઓ કરે છે, ઈબાદતને છોડીને ગુનાહોમાં જિંદગી વિતાવે છે. પણ અલ્લાહ તઆલાને એક માને છે અને તેની સાથે (કોઈને) શરીક નથી ઠરાવતો. (અને તમામ જરૂરિયાતે દીન પર ઈમાન ધરાવે છે.)

આ બંનેમાં તફાવત એ છે કે **ફાસિક઼ કાફિરની બખ્શિશ મૌત પહેલાં કલમએ શહાદત અને તૌબા વગર અશક્ય** છે. અને **ફાસિક઼ ફાજિરની બખ્શિશ મૌતથી પહેલાં તૌબા અને પ્રશ્ચાતાપ વડે શક્ય** છે. (અને તૌબા વિના મરી જાય તો ગુનાહોની સજા બાદ કે ખુદાની રહમતથી, રસૂલની શફાઅતથી બખ્શિશ થઈ શકે છે.) એટલા માટે કે દરેક તે ગુનાહ જેના સંબંધ નફ્સની ઈચ્છાઓ સાથે છે તેની મગફિરત શક્ય છે. અને દરેક તે ગુનાહ જેનો પાયો ઘમંડ અને અહંકાર પર છે તેની મગફિરત અશક્ય છે. શયતાનની નાફર્માનીનું કારણ પણ તે જ ઘમંડ અને અહંકાર હતું.

જેથી હે ઈન્સાન ! તારા માટે જરૂરી છે કે મૃત્યુ પહેલાં પોતાના ગુનાહોથી તૌબા કરી લે તો શક્ય છે કે અલ્લાહ તઆલા તારા ગુનાહોને માફ ફર્માવી આપે. જેમ કે ફર્માને ઈલાહી છે :–

هُوَ الَّذِىۡ يَقۡبَلُ التَّوۡبَةَ عَنۡ عِبَادِهٖ وَيَعۡفُوۡ عَنۡ كَثِيۡرٍ

"અલ્લાહ તે છે જે પોતાના બંદાઓની તૌબા કબૂલ કરે છે અને તેના ગુનાહોથી દરગુઝર ફર્માવે છે."

હુઝૂર عليه الصلوٰة والسلام એ ફર્માવ્યું, "ગુનાહોથી તૌબા કરનાર તે શખ્સની જેમ છે જેણે કોઈ ગુનાહ જ કર્યો ન હોય."

### ★ ખુદા ગુનાહોને નેકીઓમાં ફેરવી નાખે ★

એક નવયુવાન હતો તે જ્યારે પણ કોઈ ગુનાહ કરતો તો તેને પોતાના દફતરમાં લખી લેતો હતો. એકવાર તેણે કોઈક ગુનાહ કર્યા બાદ જ્યારે દફતર ખોલ્યું તો જોયું કે તેમાં આ આયત સિવાય કાંઈ પણ

લખેલ ન હતું. فَاُولٰٓئِكَ يُبَدِّلُ اللّٰهُ سَيِّاٰتِهِمْ حَسَنَاتٍ ''અલ્લાહ તઆલા તેઓની બુરાઈઓને નેકીમાં ફેરવી નાખે છે.'' શિર્કની જગાએ ઈમાન, બદ્કારીની જગાએ બખ્શિશ, ગુનાહોની જગાએ સુચરિત્રતા અને સદ્કાર્યો લખી દેવામાં આવે છે.

### ★ સાચી તૌબાનો ચમત્કાર ! ★

હઝરત ઉમર رضی اللہ عنہ એક વખતે મદીના મુનવ્વરાની એક ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા. આપે એક યુવાનને જોયો કે કપડાંની નીચે શરાબની બોટલ છુપાવીને આવી રહ્યો હતો. આપે પૂછયું કે હે યુવાન ! બોટલમાં શું લઈને જઈ રહ્યો છે ? યુવાન ખૂબ જ શરમાયો કે હું કેવી રીતે કહું કે આ બોટલમાં શરાબ છે ! તે વખતે તે યુવાને દિલમાંને દિલમાં દુઆ માંગી કે, હે અલ્લાહ ! عزوجل મને હઝરત ઉમર رضی اللہ عنہ સમક્ષ શરમમાં પડવાથી અને બેઈજ્જતથી બચાવ ! મારા ઐબને ઢાંકી લે ! હું ફરી કદી પણ શરાબ પીશ નહીં ! અને હઝરત ઉમરને કહ્યું, આ સિરકો છે ! આપે ફર્માવ્યું, મને દેખાડ તો જરા ! જેથી આપે જોયું તો સિરકો હતો.

હે ઈન્સાન ! જરા વિચાર કર ! એક બંદાએ બીજા બંદાના ડરથી ખુલૂસ દિલે તૌબા કરી તો અલ્લાહ عزوجلએ તેની શરાબને સિરકામાં ફેરવી નાખી. એ જ પ્રમાણે જો કોઈ ગુનેહગાર પોતાના ગુનાહો પર શરમિંદો બનીને તૌબા કરી લે તો અલ્લાહ તઆલા તેની નાફર્માની (ગુનાહો)ની શરાબને ફર્માંબરદારી (નેકીઓ)ના સિરકામાં ફેરવી નાખે છે. (જેમ કે તે યુવાનના મામલામાં થયું જે બુરાઈઓને પોતાના દફતરમાં લખ્યા કરતો હતો.)

### ★ એક ગુનહગાર સ્ત્રીનો પ્રસંગ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે એક રાત્રે હું હુઝૂર علیہ الصلوٰۃ والسلامની સાથે ઈશાની નમાઝ પઢીને બહાર નીકળ્યો. રસ્તામાં મને એક સ્ત્રી મળી. તેણીએ મને પૂછયું કે મેં એક ગુનોહ કરી લીધો છે તો શું તૌબા કરી શકું છું ? મેં પૂછયું, તેં કયો ગુનોહ કર્યો છે ? સ્ત્રી બોલી, મેં વ્યભિચાર કર્યો હતો અને જ્યારે તે વ્યભિચારથી બાળક પેદા થયું તો મેં તેને મારી નાખ્યું. મેં કહ્યું, તું તબાહ થઈ ગઈ ! તારા માટે કોઈ તૌબા નથી ! તે સ્ત્રી બેશુદ્ધ બનીને ગબડી પડી અને હું મારા રસ્તે ચાલવા લાગ્યો. ત્યારે મને વિચાર આવ્યો કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને પૂછયા વગર આ વાત શા માટે કહી દીધી ? જેથી હું આપની ખિદમતમાં આવ્યો અને પૂરો બનાવ અર્ઝ કર્યો. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તમે ખૂબ જ બુરું કર્યું, શું તમે આ આયત નથી પઢી ? وَالَّذِيْنَ لَا يَدْعُوْنَ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ۔۔۔الاٰية ''અને તે લોકો જેઓ નથી પુકારતા અલ્લાહની સાથે કોઈ અન્ય ખુદાને....''

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહે છે કે જેવી મેં આ વાત સાંભળી કે તુરંત હું તે સ્ત્રીની શોધમાં નીકળી પડયો અને દરેકને પૂછવા લાગ્યો કે મને તે સ્ત્રીનું ઠેકાણુ બતાવો જેણે મને મસ્અલો પૂછયો હતો. એટલે સુધી કે બાળકો મને ગાંડો સમજવા લાગ્યા. છેવટે મેં તે સ્ત્રીને શોધી જ નાખી અને તેણીને આ આયત સંભળાવી. જ્યારે હું فَاُولٰٓئِكَ يُبَدِّلُ اللّٰهُ سَيِّاٰتِهِمْ حَسَنَاتٍ સુધી સંભળાવી ચૂકયો તો તે ખુશીથી દીવાની થઈ ગઈ અને કહેવા લાગી કે મેં મારો બાગ અલ્લાહ અને તેના રસૂલના માટે બખ્શી દીધો !

### ★ ઉત્બહનો અજબ પ્રસંગ ★

હઝરત ઉત્બહ ગુલામ رحمۃ اللہ علیہ જેમની ફિત્નાખોરી અને શરાબપાનની દાસ્તાનો કુખ્યાત હતી. તે એક દિવસ જનાબ હસન બસરી رحمۃ اللہ علیہની મજલિસમાં આવ્યા. તે સમયે હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ આ આયત اَلَمْ يَاْنِ لِلَّذِيْنَ اٰمَنُوْٓا اَنْ تَخْشَعَ قُلُوْبُهُمْ لِذِكْرِ اللّٰهِ ની તફસીર બયાન કરી રહ્યા હતા. એટલે કે, ''શું મો'મિનોને માટે તે સમય નથી આવ્યો કે તેઓનાં દિલ અલ્લાહથી ડરે ?''

આપે તે આયતની એવી તશરીહ (ખુલાસો) કરી કે લોકો રડવા લાગ્યા. એક યુવાન મજલિસમાં ઊભો

થઈ ગયો અને કહેવા લાગ્યો, હે મો'મિન બંદા ! શું મારા જેવો ફાસિક઼ તથા ફાજિર પણ જો તૌબા કરી લે તો અલ્લાહ તઆલા ક઼બૂલ ફર્માવશે ? આપે ફર્માવ્યું, હા ! અલ્લાહ તઆલા તારા ગુનાહોને માફ કરી દેશે. જ્યારે ઉત્બહ ગુલામે આ વાત સાંભળી તો તેમનો ચહેરો પીળો પડી ગયો અને તે કાંપતાં કાંપતાં ચીસ પાડીને બેહોશ થઈ ગયા. જ્યારે તેમને હોશ આવ્યો તો હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ તેમની નજીક થઈને આ શેઅર પઢયા :–

**૧.** હે અલ્લાહના નાફર્માન યુવાન ! તું જાણે છે કે નાફર્માનીની સજા શું છે ?

**૨.** નાફર્માનો માટે પુરશોર (ધાંધલ ધમાલ ભરેલી) જહન્નમ છે અને હશ્રના દિવસે અલ્લાહ તઆલાની સખ્ત નારાજગી વેઠવી પડશે.

**૩.** જો તું જહન્નમની આગ માટે તૈયાર છે તો બેશક! ગુનાહ કરતો રહે, નહીં તો ગુનાહોથી રોકાઈ જા !

**૪.** તેં તારા ગુનાહોના બદલામાં તારી જાનને ગિરવી રાખી દીધી છે તેને છોડવવાની કોશિશ કર !

હઝરત ઉત્બહએ ફરીથી ચીસ પાડી અને બેહોશ થઈ ગયા. જ્યારે હોશ આવ્યો તો કહેવા લાગ્યા કે, હે શયખ ! શું મારા જેવા બદ્‌બખ્તની રબ્બે રહીમ તૌબા ક઼બૂલ કરી લેશે ? આપે કહ્યું, દરગુઝર કરવાવાળો રબ ગુનેહગાર બંદાની તૌબા ક઼બૂલ ફર્માવી લે છે. ત્યારે હઝરત ઉત્બહએ માથે ઉઠાવીને રબ તઆલાથી ત્રણ દુઆઓ માંગી :–

**૧.** હે અલ્લાહ તઆલા ! મારા ગુનાહોને માફ અને મારી તૌબા ક઼બૂલ કરી લીધી છે તો એવી યાદ શક્તિ અને બુદ્ધિ શક્તિ વડે મને નવાઝ કે હું કુર્આન મજીદ અને દીનના ઈલ્મોમાંથી જે કાંઈપણ સાંભળ્યું તેને ભૂલી ન જાઉં !

**૨.** હે અલ્લાહ તઆલા ! મને એવો અવાજ બખ્શ કે મારી કિર્અતને સાંભળીને સખ્તથી સખ્ત દિલ પણ મીણ બની જાય.

**૩.** હે અલ્લાહ તઆલા ! મને હલાલ રિઝ્ક અતા ફર્માવ અને એવા તરીક઼ાથી જેની હું કદાપિ કલ્પના પણ ન કરી શકું.

અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત ઉત્બહની ત્રણેય દુઆઓ ક઼બૂલ કરી લીધી. તેમની યાદ શક્તિ, સમજ શક્તિ અને દુરંદેશી (ફરાસત) વધી ગઈ. અને જ્યારે આપ કુર્આનની તિલાવત કરતા તો દરેક સાંભળનાર ગુનાહોથી તૌબા કરી લેતો હતો અને તેમના ઘરમાં દરરોજ એક પ્યાલો સેરવાનો અને બે રોટીઓ (હલાલ રિઝ્ક) પહોંચી જતી. અને કોઈને ખબર ન હતી કે એ કોણ મૂકી જાય છે. અને હઝરત ઉત્બહના જીવનપર્યંત એ જ પ્રમાણે થતુ રહ્યું. આ તે શખ્સનો હાલ છે જેણે અલ્લાહ તઆલાની લગની લગાડી.

اِنَّ اللّٰهَ لَا یُضِیۡعُ اَجۡرَ مَنۡ اَحۡسَنَ عَمَلًا ''બેશક ! અલ્લાહ તઆલા નેક અમલ કરનારાઓના અજર (બદલા)ને બરબાદ નથી કરતો.''

**સવાલ** : કોઈ આલિમને પૂછવામાં આવ્યું કે જ્યારે બંદો તૌબા કરે છે તો તેને પોતાની તૌબા ક઼બૂલ થઈ કે નાક઼બૂલ તેની ખબર પડી શકે છે ?

**જવાબ** : આલિમે જવાબ આપ્યો, એવી સ્પષ્ટ વાત તો નથી પણ કેટલીક નિશાનીઓ છે જેના થકી તૌબાની ક઼બૂલિયતની ભાળ મળે છે. તે પોતે પોતાને ગુનાહોથી પાક રાખે છે, તેના દિલેથી ખુશી અદશ્ય થઈ જાય છે, હરદમ અલ્લાહને મૌજૂદ સમજવા લાગે છે, નેક લોકોથી નજીક અને બુરા લોકોથી દૂર રહેવા લાગે છે અને થોડીક નેઅમતને મહાન સમજે છે. (ખુદાનો ખૂબ જ શુક્ર અદા કરતો રહે છે) અને આખેરત માટે અઢળક નેકીઓને પણ થોડીક જ સમજે છે. પોતાના દિલને દરેક વખતે ખુદા તઆલાના ફર્ઝોમાં વ્યસ્ત અને પોતાની ઝબાનને બંધ રાખે છે. હમેશાં પોતાના ભૂતકાળના ગુનાહોની ચિંતા કર્યા કરે છે અને ગમ તથા પરેશાનીમાં રહ્યા કરે છે.

*(મુકાશફતુલ કુલૂબ)*



# નબી ﷺ ના જીવનનું સામાજિક પાસુ

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

હાદીએ કુલ ખત્મે રુસુલ ﷺની ઝાતે અક્દસ હિદાયતનો શ્રોત છે અને આપના પવિત્ર જીવનની એક એક પળ બંને જહાનમાં કામ્યાબી અને સફળતાની જામિન છે. આપના પવિત્ર જીવનના દરેક પ્રકરણમાં ઈન્સાની જિંદગીના દરેક ક્ષેત્રની સફળતાનો ભેદ છુપાયેલ છે. આપનું મુબારક જીવન ઈન્સાનો માટે એક ઉત્તમ નમૂનો છે જેને અનુસરીને વ્યક્તિગત જીવન જીવવાનો તરીકો, ખાનદાની તથા પારાવારિક જીવનશૈલી મુલ્યો, સામાજિક અને સામૂહિક જિંદગીના માપદંડને અપનાવી એક પવિત્ર, ઉજ્જવળ અને સુખદ સમાજની રચના કરી શકાય છે, સીરતે રસૂલ علیہ الصلوٰۃ والسلامના એ જ વ્યક્તિગત તથા સામૂહિક અને ખાનદાની તથા સામાજિક સુનેહરા પાસાંઓ વિશે જાણીએ અને તેના પર અમલ કરી અને સુખમય અને સફળ જીવન જીવવાની કોશિશ કરીએ.

## ★ પોતાનું કામ પોતે કરવું ★

અલ્લાહ તબારક વ તઆલા પછી આપ ﷺનો મર્તબો સૌથી મહાન અને ઉચ્ચ હતો તેમ છતાં આપ ﷺએ શાહી ઠાઠ અને દુનિયાના બાદશાહોની જેમ શાનો શૌકતની સાથે રહેવાનું પસંદ ન કર્યું અને સાદગીને પસંદ ફર્માવી. આપ ﷺ પોતાના કામ પોતે જ કરતા. અસંખ્ય સહાબાએ કિરામ આપની ખિદમતમાં હાજર રહેતા અને એક ઈશારા પર પોતાની જાન પણ ન્યોછાવર કરવા તત્પર રહેતા તેમ છતાં આપ ﷺ પોતાના કામ પોતે જ કરતા. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼া رضی اللہ عنہا ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ પોતાના લિબાસ મુબારક પોતે સિવતા, નઅલૈન પોતે જ બરાબર કરતા, પાણીની જરૂરત હોતી તો પોતે જ ડોલ વડે પાણી ખેંચી લેતા, બકરીનું દૂધ દોહતા, સારાંશ કે પોતાને જરૂરી કામો પોતે જ કામ કરતા. *(સીરતે ઝિયાઉન્નબી, ભાગ : ૫, પેજ ૩૪૫)*

આપ ﷺની શાન તો એ હતી કે આપ ચાહતા તો આપની સાથે સાથે સોના ચાંદીના પહાડ ચાલત પરંતુ તેમ છતાં આપે આવું સાદગીભર્યું જીવન પસંદ ફર્માવ્યું, એનો હેતુ એ જ હતો કે સામાન્ય ઈન્સાન આપ علیہ الصلوٰۃ والسلامની સીરતે પાકના આ બેઐબ નમૂના જોઈ તેને અપનાવે.

## ★ પરિવારિક જીવન ★

આપ علیہ الصلوٰۃ والسلام અઝવાજે મુતહ્હરાતની સાથે હમેશાં નરમી ફર્માવતા, મહોબ્બતની સાથે બોલતા, દરેક રીતે એમનો ખ્યાલ રાખતા, ક્રોધિત ન થતા, કોઈ એવું કામ થઈ જતું તો નરમી સાથે સમજાવતા, એમને ખુશ કરવા માટે કદીક હસી, મઝાક પણ ફર્માવતા. હઝરત આઈશા સિદ્દીક઼া رضی اللہ عنہا બયાન ફર્માવે છે, એક સફરમાં હું આપ ﷺ સાથે હતી, આપે કાફલાવાળાઓને આગળ નીકળી જવાનો હુકમ આપ્યો, પછી મને કહ્યું, ચાલો ! મારો સાથે દોડની સ્પર્ધા કરો ! હઝરત આઈશા સિદ્દીક઼া رضی اللہ عنہا ફર્માવે છે, તે સમયે હું પાતળી હલ્કી હતી માટે હું દોડમાં આગળ નીકળી ગઈ. અમુક વરસો પછી રસૂલુલ્લાહ ﷺએ ફરી દોડનો મુક઼ાબલો કર્યો, આ સમયે રસૂલુલ્લાહ ﷺ મુક઼ાબલો જીતી ગયા અને ફર્માવ્યું, "આ પહેલી દોડનો બદલો છે !" *(અસ્સીરતુન્ નબવિયા, ભાગ : ૩, પેજ : ૪૪,)*

આપ ﷺની અજોડ સહનશક્તિનું અદ્ભૂત ઉદાહરણ જોઈએ. રહમતે આલમ ﷺ હુજૂરએ આઈશામાં હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاના પ્યાલામાં

જમી રહ્યા હતા, સહાબાએ કિરામ પણ જમવામાં સામેલ હતા. હઝરત આઈશા رضی اللہ عنہاને આ ન ગમ્યું. તેમણે આપ صلی اللہ علیہ وسلمની સામેથી પ્યાલો લઈ એટલા જોરથી જમીન પર ફેંકી દીધો કે પ્યાલો તૂટી ગયો. ત્યાર પછી પોતે ખાણુ પકાવી પોતાના પ્યાલામાં પીરસી દીધું. આપ علیہ الصلوٰۃ والسلامએ હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہاને એક શબ્દ પણ ન કહ્યો, બલ્કે સ્મિત સાથે સહાબાએ કિરામને ફર્માવ્યું, "તમારી મા અત્યંત બાગૈરત છે !" હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا આપનુ વર્તન જોઈ શરમિંદા થયાં અને માફી માંગી. *(ઝિયાઉન્નબી, ભાગ ૫, પેજ : ૩૫૩)*

સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને પણ આપ علیہ الصلوٰۃ والسلام બીવીઓ સાથે સદ્‌વર્તનની તાકીદ ફર્માવતા. હદીષ શરીફમાં છે : અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **"મો'મિનોમાં કામિલ મો'મિન એ છે જેના અખ્લાક઼ સારા હોય અને તમારામાં સૌથી સારો એ છે જે પોતાની પત્નીઓ માટે સારો હોય."** *(તિર્મિઝી શરીફ, બહવાલા અન્વારુલ હદીષ, પેજ : ૩૩૬)*

નિકાહ અને વિવાહનો હેતુ પણ પાકીઝા સમાજનું ઘડતર છે. પરંતુ પતિ, પત્ની બંનેવના સ્વભાવ એક સરખા હોય એ જરૂરી નથી. બંનેવના સ્વભાવ ક્યારેક એકબીજાથી બિલ્કુલ અલગ પણ હોય છે. આવી સ્થિતિમાં પતિની સમજદારી અને સહનશક્તિથી જ ઘરના માહોલ અને દાંપત્ય જીવનમાં સંતુલન જળવાઈ શકે છે, નહીં તો પતિ પત્નીના સ્વભાવમાં મતભેદ હોવાના કારણે આજે પણ અસંખ્ય ઘરો જહન્નમ બનેલ છે જેની ભયાનક લપેટો સમાજમાં પણ અનુભવાય છે. આવા સંજોગોમાં રહમતે આલમ صلی اللہ علیہ وسلمનું જીવન ચારિત્ર પરિવારિક ઝઘડાઓની આગમાં સળગતા ખાનદાનો માટે ઉત્તમ નમૂનો અને ઘરને જન્નત જેમ બનાવવા માટે દીવાદાંડી છે.

### ★ પડોશીઓનો ખ્યાલ ★

આપ صلی اللہ علیہ وسلم પડોશીઓનો ઘણો જ ખયાલ ફર્માવતા, તેમની સાથે દરેક રીતે સદ્‌વર્તન કરતા, પરેશાનીમાં મદદ ફર્માવતા, ઘરમાં કાંઈ રાંધવામાં આવતુ તો જરૂર પડોશીઓને ત્યાં મોકલતા. એકવાર આપ صلی اللہ علیہ وسلم કાશાનએ નબુવ્વત પર તશરીફ લાવ્યા તો સાલન બની રહ્યું હતું, આપે ફર્માવ્યું, "સાલનમાં રસો વધારે કરી લો, પોતાના પડોશીઓનો ખયાલ રાખો."

### ★ બીજાઓની ભૂલો માફ કરવી ★

આપ صلی اللہ علیہ وسلم ઘણા રહમ દિલ અને આજીજીવાળા હતા. કોઈનાથી ભૂલ થઈ જતી તો આપ તેને માફ ફર્માવી દેતા. કોઈ આપની શાનમાં અપશબ્દો ઉચ્ચારતો અથવા કોઈ તકલીફ પહોંચાડતું તો એનાથી બદલો ન લેતા, બલ્કે માફ ફર્માવી દેતા.

હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે, "મેં કદી ન જોયું કે આપ صلی اللہ علیہ وسلم પર કોઈએ જુલ્મ ઝયાદતી કરી હોય અને આપે તેનો બદલો લીધો હોય, આપ صلی اللہ علیہ وسلمએ ન કદી ખાદિમને માર્યો ન કોઈ ઔરતને." *(અશ્શિફા, ભાગ : ૧, પેજ ૧૪૦)*

આપ صلی اللہ علیہ وسلم એક ખરબચડી ચાદર ઓઢી જલ્વા અફરોઝ હતા કે એવામાં એક એઅરાબી (ગામડીયો) આવ્યો અને એટલા જોરથી ચાદર ખેંચી કે ગરદન મુબારક પર નિશાન પડી ગયાં અને બેહયાઈથી કહેવા લાગ્યો, હે મુહમ્મદ ! આપની પાસે અલ્લાહ તઆલાનો જે માલ છે એનાથી મારા આ બંને ઊંટો ભરી દો, (મારા ઊંટો પર એ માલ ચઢાવી દો !) વધુ બેશરમી દાખવતાં બોલ્યો, "એટલા માટે કે એ માલ આપનો કે આપના પિતાનો નથી."

અને આ બદ્‌અખ્લાકી પર આપે સહેજ નારાઝગી વ્યક્ત ન ફર્માવી, બલ્કે જ્યારે આપ صلی اللہ علیہ وسلمએ એને કહ્યું કે ચાદર ખેંચી તેં મને જે તકલીફ પહોંચાડી છે તેનો બદલો હું લઈશ. તે અઅરાબી કહેવા લાગ્યો, "આપ હરગિઝ આમ નહીં કરી શકો !" આપે ફર્માવ્યું : કેમ ?! કહેવા લાગ્યો : એટલા માટે કે આપ બુરાઈનો બદલો બુરાઈથી નથી આપતા." આ સાંભળી આપ علیہ الصلوٰۃ والسلامએ સ્મિત ફર્માવ્યું અને કિસાસ લેવાના બદલે ફર્માવ્યું કે, "એની માંગ પૂરી કરવામાં આવે." *(ઝિયાઉન્નબી, ભાગ : ૫, પેજ : ૩૧૦)*

અબૂ સુફયાન ઈસ્લામ લાવતા પહેલાં આપ علیہ الصلوٰۃ والسلامના જાની દુશ્મન હતા, આપને તકલીફ

પહોંચાડવાનો કોઈ મોકો ન છોડતા. પરંતુ જ્યારે ફત્હે મક્કા થઈ તો આપે એમને એ રીતે માફ ફર્માવી દીધું કે જાણે એમણે કશુય કર્યું જ ન હોય. અબૂ સુફયાન આપની રહમદિલી જોઈ પોકારી ઉઠયા, "યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અમારા મા બાપ આપના પર કુર્બાન ! આપ કેટલા સહનશીલ છો, આપ કેટલા સિલાએ રહમી કરવાવાળા છો, આપ કેટલા કૃપાળુ છો !" *(અસ્સીરતુન્નબ્વિયહ્, ભાગ : ૩, પેજ : ૨૩૬)*

એકબીજાની ખૈરખ્વાહી, ભલાઈ અને માફ કરવાનો જઝબો આપણામાં પેદા થઈ જાય તો સમાજમાં કોઈ એવી ઘટના ન ઘટે, પરંતુ આજે ઈંટનો જવાબ પથ્થરથી આપવામાં આવે છે. બીજા તરફથી પહોંચેલી તકલીફ પર સબ્ર અથવા તેને માફ કરી દેવાનો વિચાર સુદ્ધાં આપણા દિલમાં નથી આવતો. રહમતે આલમ صلی اللہ علیہ وسلم લોકોના જુલ્મ ઝયાદતી પર સબ્ર કરી દુશ્મનોને પણ માફ કરી દીધું. જો આપણે પણ એના પર અમલ કરી જીવન ગુજારીએ તો કદમ કદમ પર સુકૂન અને ઈત્મિનાનની દૌલત નસીબ થાય અને સમાજ જન્નતનો નમૂનો બની જાય.

### ★ બીજા લોકોની ગીબત અને બુરાઈ પસંદ ન કરવી ★

મનુષ્યને પોતાના વખાણ અને બીજા લોકોની બુરાઈ સારી લાગે છે. ચાર લોકોની મેહફિલમાં પાંચમાની અવશ્ય ગીબત અને બુરાઈ થાય છે. આપણી કોઈ મેહફિલ ગીબત વગેરેથી ખાલી નથી હોતી ઈલ્લામાશા અલ્લાહ ! અને એનાથી જ સમાજમાં નફરત ફેલાઈ છે. સરકારે દો આલમ صلی اللہ علیہ وسلمએ એની મનાઈ ફર્માવી. કોઈની નિંદા ન કરતા, કોઈના ઐબ કોઈના સમક્ષ ન બયાન કરતા અને કોઈ આપના સમક્ષ કોઈની ગીબત કરતું તો આપ સખ્તી સાથે મના ફર્માવતા.

હદીષે પાકમાં છે : એકવાર હઝરત સફિય્યા બારગાહે રિસાલતમાં આવ્યાં. આપ નીચા કદના હતાં. તેમના ગયા પછી હઝરત આઈશા رضی اللہ عنہاએ કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم સફિય્યા તો આવાં છે ! તેવાં છે ! (નીચા કદનાં છે !) આપે ફર્માવ્યું, "હે આઈશા ! તેં એવી વાત કરી છે કે તેને દરિયા પર નાખવામાં આવે તો દરિયા પર છવાઈ આવી જાય. *(ઈસ્લામી અખ્લાક઼ો આદાબ, પેજ : ૧૭૯)*

સારાંશ કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلم ન પોતે કોઈની ગીબત કે બુરાઈ કરતા, ન બીજાથી કોઈની ગીબત અને બુરાઈ સાંભળવાનું પસંદ ફર્માવતા અને એનાથી બચવાની તાકીદ ફર્માવતા. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું : "ગીબત ઝિનાથી પણ બદ્તર છે." સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ગીબત ઝિનાથી કઈ રીતે બદ્તર છે ?! ફર્માવ્યું, "ઈન્સાન ઝિના કરે છે પછી તૌબા કરી લે છે તો અલ્લાહ તઆલા તેને માફ ફર્માવી દે છે. પરંતુ ગીબત કરનારને ત્યાં સુધી અલ્લાહ તઆલા માફ નથી કરતો જ્યાં સુધી જેની ગીબત કરી છે એ માફ ન કરી દે." *(મિશ્કાત શરીફ, બાબો હિફ્ઝુલ્ લિસાન, પેજ : ૪૧૫)*

### ★ બીમારની ઈયાદત (ખબરગીરી) માટે જવું ★

કોઈ બીમાર થતું તો સરકાર علیہ الصلوٰۃ والسلام જરૂર તેની ઈયાદત માટે તશરીફ લઈ જતા. તે બીમારના હક્કમાં શિફાયાબીની દુઆ ફર્માવતા. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે : જ્યારે અમારામાંથી કોઈ બીમાર થઈ જતું તો આપ હાથ ફેરવતા અને દુઆ ફર્માવતા, "હે રબ ! આ બીમારીને દૂર ફર્માવ, શિફા અતા ફર્માવ, તું જ શિફા આપનાર છે." *(મિશ્કાત શરીફ, બાબો ઈયાદતિલ મરીઝ, પેજ : ૧૩૪)*

### ★ તા'ઝિયત માટે જવું ★

કોઈનો ઈન્તેકાલ થઈ જતો તો આપ علیہ الصلوٰۃ والسلام જનાઝામાં શરીક થતા, પોતે જ નમાઝે જનાઝા પઢાવતા, મૈયત માટે મગફિરતની દુઆ ફર્માવતા. કોઈ કારણસર જાણ કરવામાં ન આવતી તો ફર્માવતા કે મને જાણ કર્યા કરો. અને તેનું કારણ પણ આપ બયાન ફર્માવે છે : "આ કબ્રો ઝુલ્મત (અંધકાર)થી ભરપૂર હોય છે, અલ્લાહ તઆલા મારી નમાઝના સદકામાં તેમને નૂરથી ભરી દે છે." *(મિશ્કાત શરીફ, બાબુલ મશિય્યી બિલ્ જનાઝતિ, પેજ : ૧૪૫)*

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ જનાઝાની નમાઝ પઢાવી પછી કબ્રની પાસે આવી માથા તરફથી ત્રણવાર માટી

નાખી. *(મિશ્કાત શરીફ, પેજ : ૧૪૯)*

આ બધા કામો પૂર્ણ કર્યા બાદ ઘરવાળાઓની મુલાકાત (આશ્વાસન માટે) માટે તશરીફ લઈ જતા, તેઓને સબ્ર તથા શુક્ર અદા કરવાની સલાહ આપતા અને તેમના દિલના દુઃખનો ખયાલ કરી ઘરવાળાઓને ખાવાનુ મોકલવાનો હુકમ ફર્માવતા જેથી ગમના કારણે ઘરવાળા ભૂખ્યાં ન રહી જાય.

હદીષમાં છે : જ્યારે હઝરત જઅફરની શહાદત થઈ આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, જઅફરના ઘરવાળાઓ માટે ખાવાનુ રાંધો, એટલા માટે કે તેઓને તે મુસીબત પહોંચી છે જે ખાવાનું રાંધવાથી રોકી રાખે છે.

### ★ સલામ તથા મુસાફામાં પહેલ કરવી ★

સલામ કરવું જાહેરમાં બહુ નાનો અમલ છે, પરંતું ફાયદાની દષ્ટિએ તેનું વર્તુળ બહુ વિશાળ છે, એકબીજા વચ્ચે મહોબ્બત વધારવા તથા એકબીજા વચ્ચે ઈજ્જત પેદા કરવાનો આનાથી શ્રેષ્ઠ બીજો કોઈ અમલ નથી. એટલા જ માટે સરકારે દો આલમ صلی اللہ علیہ وسلم તેનું બહુ ધ્યાન રાખતા, સલામ કરવામાં પહેલ કરતા.

મોટા ભાગે સહાબાથી પહેલાં આપ સલામ ફર્માવી દેતા, અને ફક્ત સહાબી જ નહીં બલ્કે જ્યારે નાના બાળકો ક્યાંક મળતાં તેમની સાથે પણ સલામમાં પહેલ ફર્માવતા, જેવું કે હદીષે પાકમાં છે : કેટલાક બાળકો રમી રહ્યા હતા. સરકાર તશરીફ લાવ્યા અને તે બાળકોને સલામ ફર્માવી.

અને જો ક્યારેક સ્ત્રીઓ પાસેથી પસાર થતા તો આકા علیہ الصلوٰۃ والسلام તેમને પણ સલામથી નવાઝતા. હઝરત અસ્મા બિન્તે યઝીદ ફર્માવે છે : સરકાર અમારી પાસેથી પસાર થયા, અમે (હું) સ્ત્રીઓના ટોળામાં હતા, સરકારે અમને સલામ ફર્માવી.

મુલાકાત સમયે સલામ બાદ (મર્દો સાથે) આપ મુસાફો પણ ફર્માવતા હતા કેમ કે તે મહોબ્બતને વધારે છે, જેમ કે હદીષે પાકમાં છે : એક વ્યક્તિએ હઝરત અબૂઝરને પૂછયું, શું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم મુલાકાત સમયે તમારાથી મુસાફો કરતા હતા ? હઝરત અબૂઝર ફર્માવે છે, હા ! જ્યારે પણ મેં આપનાથી મુલાકાત કરી સરકાર علیہ الصلوٰۃ والسلامએ મારાથી મુસાફો ફર્માવ્યો.

આકા صلی اللہ علیہ وسلمનું સલામ તથા મુસાફાને રિવાજ આપવાનો મકસદ (હેતુ) એ હતો કે મુસલમાનો દરમિયાન મહોબ્બત તથા ભાઈચારો હમેશાં રહે, પરંતુ આજે આ મહત્વનું કામ તથા મહત્વની સુન્નત આપણામાંથી લુપ્ત થઈ રહી છે, ન મોટાઓને વિચાર, ન નાનાઓને ફિક્ર ! એટલા જ માટે દિલોનું અંતર દિવસે દિવસે વધી રહ્યું છે. કાશ ! આપણે સરકાર صلی اللہ علیہ وسلمની સીરત પર અમલ કરતા.

### ★ સરકાર صلی اللہ علیہ وسلمનુ મઝાક ફર્માવવું ★

મઝાક (મઝાક જેમાં જૂઠ ન હોય) ઈન્સાનની ફિતરત છે, જેના વગર તેનું જીવન સૂનુ જણાય છે. પરંતુ આ વાત પણ અનુભવથી સાબિત છે કે મઝાક પર મઝાકનો ક્રમ દુશ્મની તથા દૂરી પર જઈ તૂટે છે, આખરે લડાઈ ઝઘડા અને મારામારી સુધી વાત પહોંચી જાય છે. તેનું કારણ એ છે કે મઝાક કરતી વખતે આપણે બીજાની ઈજ્જતનો ખ્યાલ ન કરી, એકબીજાને બેઈજ્જત કરવા તથા તેની હસી ઉડાડવા લાગીએ છીએ, જે પાછળથી લડાઈમાં ફેરવાઈ જાય છે. સરકારે અક્દસ صلی اللہ علیہ وسلم બંદગી તથા તક્વાના શ્રેષ્ઠ મર્તબા પર હતા, પરંતુ ત્યાં ફક્ત બંદગીની વાત ન હતી, આપ પણ પોતાના સહાબા સાથે મઝાક ફર્માવતા પણ જૂઠ તથા ફુઝૂલ વાતોથી પાક, બિલકુલ સાફ તથા સ્પષ્ટ વાતો પર હોતું.

જેમ કે હદીષ શરીફમાં છે : એક સહાબીએ બારગાહે રિસાલતમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મને સવારી માટે ઊંટ અતા ફર્માવો. આકા علیہ الصلوٰۃ والسلامએ મઝાકની રીતે ફર્માવ્યું, હું તમને ઊંટણીના બચ્ચા પર બેસાડીશ ! તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તે તો મારો ભાર નથી ઊંચકી શકતું ! તો બચ્ચા પર કેવી રીતે સવારી કરીશ ?! આકા علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, શું ઊંટ ઊંટણીનું બચ્ચુ નથી હોતું ?!

એવી જ રીતે બીજી હદીષે પાકમાં છે : એક વૃદ્ધ સ્ત્રીને આપે ફર્માવ્યું, વૃદ્ધ સ્ત્રીઓ જન્નતમાં નહીં જાય ! આ સાંભળી તે ગભરાઈ ગયા. આપે સ્મિત કરી ફર્માવ્યું, ગભરાવો નહીં ! જન્નતમાં દાખલ થતા પહેલાં ઘરડી સ્ત્રીઓને જવાન કરી દેવામાં આવશે.

# સ્કૂલ, કોલેજ તથા દુનિયવી શિક્ષણના કાર્યમાં ઝકાતની રકમ વાપરવી કેવી ?

**(અઝ : મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી-મુબારકપુર)**

*કેટલાક કહેવાતા મુસ્લિમ લીડરો તથા સમાજસેવકો વર્તમાન પત્રો, દૈનિક પત્રોમાં જાહેરાતો આપી દુનિયવી એજ્યુકેશનમાં સહાય માટે ઝકાત ફંડ ભેગુ કરીને પછી તેને મરજી મુજબ ખર્ચે છે તો "ઝકાત ફંડ" એ રીતે ભેગુ કરવું અને સ્કૂલ, કોલેજોના બાંધકામ તથા વિદ્યાર્થીની ફી વગેરે ડાયરેક્ટ ચૂકવવી વગેરે વિશે શરીઅતનો હુકમ જાણી લો અને તમે જો શરીઅત વિરુદ્ધ વર્તતા હોઉ તો તૌબા કરી એ કામોથી રોકાઈ જાવ. વળી અમુક દૈનિકમાં જે લોકહિતના નામે ઝકાત ઉઘરાવાય છે ત્યાં તમારી ઝકાત જો સુન્ની મુસ્લિમના હાથમાં ન જાય તો ઝકાત અદા થશે નહીં. કેમ કે એ ફંડ ભેગુ કરનારા નામે મુસ્લિમ દરેક ફિર્કાવાળાને સહાય કરશે કેમ કે તેમનો ધર્મ સદંતર સુલેહકુલ્લી છે. જેથી એ રીતે પણ ઝકાત અદા થશે જ નહીં. તો આવી સુલેહકુલ્લી સંસ્થાઓમાં ઝકાત આપતાં વિચારશો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સવાલ** : અમો અમુક વ્યક્તિઓ મળીને અંજુમન (સંસ્થા) ચલાવીએ છીએ જે આઠમા ધોરણથી લઈને ડોકટર તથા એંજીનીયરિંગના વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓના દુનિયાવી ઉચ્ચ શિક્ષણ સુધીની ફીમાં મદદ કરીએ છીએ અને તેમની સ્કૂલ તથા કોલેજની ફી ચેકના રૂપમાં તેમની સંબંધિત સંસ્થાને મોકલી આપીએ છીએ. એના માટે અમે જે રકમ જમા કરીએ છીએ તે મોટાભાગની ઝકાતની રકમ હોય છે જેને અમો હીલાએ શરઈ કરાવીને બેંકના ખાતામાં જમા કરીએ દઈએ છીએ અને જરૂરત પ્રમાણે ચેક આપીએ છીએ. જે વિદ્યાર્થીઓને આ ફીની રકમ આપવામાં આવે છે તેમનાં માબાપની આર્થિક સ્થિતિ એવી નથી હોતી કે તેઓ ખર્ચ વેઠી શકે. અને કેવળ આઠમા ધોરણનાં બાળકો એવાં હોય છે જેમનામાં અમુક બાલિગ અમુક નાબાલિગ હોય છે, બાકીના સર્વ ધોરણોના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ બાલિગ (પુખ્ત) હોય છે. હવે આપને પૂછવાની બાબતો નીચે પ્રમાણેની છે :–

૧. શું ઝકાતની રકમ હીલાએ શરઈ કરાવ્યા પછી **દુનિયાવી શિક્ષણના કામમાં** ખર્ચ કરી શકાય છે ?

૨. શું આ કામ એ આશયથી કે કૌમ દુનિયવી મામલાઓમાં કોઈનાથી પાછળ ન રહી જાય તો (તેના માટે કરવાથી) મૌલા તઆલાને રાજી કરવાનો ઝરીયો નહીં થાય ?

૩. બાલિગ તથા નાબાલિગ બાળકોના મામલામાં જો કોઈ ફરક હોય તો કૃપા કરીને એને પણ સ્પષ્ટ કરી આપશો.

૪. શું એ રકમ વડે **સ્કૂલ માટે** જમીન અથવા ઈમારત ખરીદી શકાય છે ?

૫. જો નં. ૧ તથા નં. ૪નો **જવાબ નકારમાં હોય તો અગાઉ ખર્ચ થયેલા રૂપિયાનું શું થશે ?** એટલે કે એના હુકમો ઝકાત આપનારાઓ પર થશે કે સંસ્થા (અંજુમન) પર લાગુ થશે, જ્યારે કે અંજુમન ક્યાં ખર્ચ કરે છે એવું ચંદો આપનારા જાણતા હોય.

અંતમાં એક વિનંતિ એ છે કે જવાબમાં આપ કોઈ અરબી લખાણ નકલ કરો તો મહેરબાનીથી તેનો તર્જુમો પણ લખી આપશો.

અમો આપના જવાબની રાહ જોઈએ છીએ અને હાલમાં એ કામ અટકાવીને બેઠેલા છીએ એટલા માટે આપનાથી વિનંતિ છે કે જેટલા બને એટલા જલ્દીથી જવાબ એનાયત કરશો. બૈયનૂ તુજરૂ–વસ્સલામ.

**★ અલ્ જવાબ ★**

**(૧)** ઝકાત હકીકતમાં મુસ્લિમ ફકીરો (ગરીબો)

તથા મિસ્કીનોનો હક્ક છે. કુર્આન મજીદમાં છે : إِنَّمَا الصَّدَقَٰتُ لِلْفُقَرَآءِ وَالْمَسَٰكِينِ ۔۔الآیۃ એટલા માટે **સ્કૂલો અને કોલેજોના કામમાં અથવા દુનિયવી શિક્ષણના કાર્યમાં એને ખર્ચ કરવું** ગરીબો તથા મિસ્કીનોના હક્કને મારવું છે જે **હરામ તથા ગુનોહ છે** અને એના માટે હિલો કરવાની પણ ઈજાઝત નથી. કેમ કે હીલએ શરઈની ઈજાઝત અતિશય મજબૂરી તથા લાચારીની સ્થિતિમાં દીની ઈલ્મો તથા (ખુદાની) કુર્બત માટે છે અને દુનિયવી એજ્યુકેશન ન દીની ઈલ્મોમાંથી છે ન કુર્બતવાળી બાબતોમાંથી છે. દીની મદ્રસાઓમાં ખર્ચ કરવાની ઈજાઝત એ કારણે છે કે આજના દૌરમાં દીની ઈલ્મોથી વિમુખતા તથા બેધ્યાનપણુ સામાન્ય થઈ ચૂક્યું છે કેવળ તોહફાઓ (લિલ્લાહ)ના આધાર પર દીની ઈલ્મોને મહેફૂઝ નથી રાખી શકાતા, અને (ફક્ત લિલ્લાહ પર આધાર રાખવામાં આવે તો) **મદ્રસાઓ બર્બાદ થઈ જાય.** તો આ સ્થિતિ દીની ઈલ્મોની હિફાઝતના માટે અતિશય મજબૂરી તથા લાચારીની થઈ, સાથોસાથ દીની ઈલ્મોની રક્ષા મહત્વ તથા કુર્બતથી છે. **એટલા માટે અહીં (મદ્રસાઓના ખર્ચ માટે) હીલએ શરઈની ઈજાઝત થઈ.** શરીઅતનો કુલ્લિયહ કાયદો છે : الضرورات تبیح المحظورات

એથી ઉલ્ટુ દુનિયવી શિક્ષણની રક્ષા ન કુર્બતવાળી બાબતોમાંથી છે અને ન તો એના માટે ઈઝતેરાર (લાચારી)ની સ્થિતિ જોવા મળે છે જેથી દુનિયવી એજ્યુકેશનને માટે ન એને હીલો કરો ન એને આ પ્રકારનાં કામોમાં ખર્ચ કરો.

**હા ! એ ઈજાઝત છે કે વિધાર્થી આકિલ બાલિગ (સમજબુઝવાળો, પુખ્ત) હોય અને સાથોસાથ ફકીર (ગરીબ) કે મિસ્કીન હોય તો ડાયરેક્ટ ઝકાતની રકમનો માલિક બનાવી આપે અને એને ગુઝારિશ કરે કે તે રકમને તે પોતાના એજ્યુકેશનના માટે ખર્ચ કરે, એના સિવાય અન્ય કોઈ માર્ગ ન અપનાવે.** જેમ કે ચેક કે ડ્રાફટ બનાવીને સ્કૂલમાં મોકલી આપે. (એવું ન કરે) વલ્લાહુ તઆલા અઅ્લમ.

**૨ થી ૫** : આ જઝબો ખૂબ જ સારો છે કે પોતાની કૌમના બાળકોનું ભાવિ સમારવામાં આવે જેથી આપણી કૌમ જીવનની દોડમાં (અન્ય કૌમોથી) પાછળ ન રહી જાય, **પણ એ અમલ ખૂબ જ બુરો છે કે આ ભલી ભાવનાની પૂર્ણતા માટે પોતાની અંગત (ઝકાત સિવાયની) રકમને ખર્ચ કરવામાં કંજૂસાઈ કરવામાં આવે અને ગરીબ તથા મિસ્કીનોનો માલ એમાં ખર્ચી કાઢીને એ બેસહારાઓનો હક્ક મારવામાં આવે.** આપણી કૌમની દુઃખદ બાબત એ છે કે **અઢી ટકા (૨.૫%) રકમથી દુનિયા તથા આખેરતના દરેક કામો કરવા ચાહે છે અને સાડા સત્તાણુ ટકા (૯૭.૫ %) રકમ પોતાની પાસે રાખીને પણ ધરાતી નથી !** ઈસ્લામે બે વ્યવસ્થા સ્થાપિત કરી છે ઝકાત તથા સદકા (વાજિબ)નું બંધારણ અને બીજુ તોહફા અર્પણનું બંધારણ. અને ઝકાત તથા વાજિબ સદકા મુફલિસો તથા નાદારોને ઉપર ઉઠાવવા માટે છે અને તોહફા જેને નફલ સદકા પણ કહે છે, અન્ય ઘણા બધાં સહાયના તથા ભલાઈનાં કામો માટે છે. એટલા માટે ભલાઈ કરનારા તથા સંપત્તિવાન લોકોથી (લિલ્લાહ) ચંદો હાંસલ કરીને સહાયનાં કામો તથા ભલાઈનાં કામોને અંજામ આપવામાં આવે. અત્યાર સુધી ઝકાતની જે રકમો દુનિયાવી શિક્ષણમાં ખર્ચ થઈ ચૂકી છે તે જો કોઈ ફકીર (ગરીબ) થકી હીલા પછી ખર્ચ કરવામાં આવી છે તો એનો તાવાન (બદલો) જિમ્મેદારીમાં વાજિબ નથી, જો કે એવું કરવું બુરું છે. આ રીતે ઝકાતની રકમ દુનિયવી એજ્યુકેશન પાછળ ખર્ચ કરનારા તૌબા કરે અને ભવિષ્યમાં એનાથી બચે. અધિક તેહકીક તથા વિગત માટે ''મજલિસે શરઈ જામિઆ અશ્રફિયા, મુબારકપુર''ના ફૈંસલા જે અશ્રફિયહ માસિકમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે તેનો અભ્યાસ કરે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

*–(અશ્રફિયહ મંથલી–મુબારકપુર, જુલાઈ–૨૦૧૨)*

# કુર્બાનીના જરૂરી ફઝાઈલ તથા મસાઈલ

રજૂકર્તા : **હાફેઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ-દયાદરા**

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે, "અને દરેક ઉમ્મત માટે અમે એક કુર્બાની મુકર્રર કરી કે અલ્લાહનું નામ લે એના આપેલા બેઝબાન ચોપગા પર." *(અલ હજ્જ, ૨૨/૩૪)*

અને રબ ઈર્શાદ ફર્માવે છે : "પોતાના રબના માટે નમાઝ પઢો અને કુર્બાની કરો." *(સૂ. કૌષર)*

હુઝૂરે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, કુર્બાનીના દિવસોમાં માણસનો કોઈ અમલ અલ્લાહ તઆલાના નજીક ખૂન વહાવવાથી (કુર્બાની કરવાથી) વધારે પ્રિય નથી. *(તિર્મિઝી)*

વધુમાં હુઝૂરે અકરમ ﷺ ઈર્શાદ ફર્માવે છે : જેણે ખુશદિલી સાથે સવાબની નિય્યતથી **કુર્બાની** કરી તે જહન્નમની આગથી આડ બની જશે." *(તિબ્રાની)*

હુઝૂરે અકરમ ﷺ ફર્માવે છે કે "જેણે માહે ઝીલહજ્જનો ચાંદ જોયો અને એની નિય્યત કુર્બાની કરવાની છે તો જ્યાં સુધી કુર્બાની ન કરે ત્યાં સુધી વાળ અને નખો ન કાપે." *(મુસ્લિમ શરીફ)* આ 'મુસ્તહબ' છે, એમાં ઘણો સવાબ છે.

હુઝૂરે અકરમ ﷺ ફર્માવે છે : જેનો હાથ પહોંચતો (શક્તિમાન) હોય અને કુર્બાની ન કરે એ કદી પણ અમારી મસ્જિદ (ઈદગાહ)માં ન આવે." *(જામેઉલ અહાદીષ)*

આકાએ કાયનાત ﷺ ફર્માવે છે કે બેશક ! કુર્બાનીના જાનવરોમાં અફઝલ એ જાનવર છે, જે મોઘુ અને તંદુરસ્ત હોય. *(જામેઉલ અહાદીષ)*

હુઝૂરે અકરમ ﷺએ રાત્રે કુર્બાની કરવાની મનાઈ ફર્માવી છે. *(તિબ્રાની)* આ અંધારામાં અપૂર્ણ અજવાળામાં ઝબહ કરવામાં તકલીફ પડવાને કારણે છે પણ જ્યાં લાઈટની એકદમ વ્યવસ્થા છે ત્યાં રાત્રે કુર્બાની કરી શકાશે.

નબીએ અકરમ ﷺએ હઝરત અલી رضی اللہ عنہને હુકમ કર્યો કે કુર્બાનીનાં ઊંટો પાસે ઉભા થઈ જાવ અને એમાંથી મજૂરીના પટે કાંઈ પણ કસાઈને ન આપો. અને ફર્માવ્યું કે બધા જ ઊંટોનો ગોશ્ત, ચામડુ બધું વહેંચી દો. *(જામેઉલ હદીષ)*

હઝરત ઝૈદ બિન અરકમથી રિવાયત છે કે સહાબાએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ આ કુર્બાની શું છે ? ફર્માવ્યું, તમારા પિતા હઝરત ઈબ્રાહીમ علیہ السلامની સુન્નત છે. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમારા માટે એમાં શું સવાબ છે ? ફર્માવ્યું, દરેક વાળના બદલામાં નેકી છે. *(ઈબ્ને માજહ)*

### ★ કુર્બાની શું છે ? ★

ઉશ્ર, ઝકાત તથા ફિત્રાની જેમ કુર્બાની પણ માલી ઈબાદત છે અને હઝરત ઈબ્રાહીમ علیہ السلامની સુન્નત છે જે આ ઉમ્મત માટે બાકી રાખવામાં આવી.

### ★ કુર્બાની કોને કહે છે ? ★

ખાસ જાનવરને ખાસ દિવસો અને સમયે અલ્લાહની રઝા માટે સવાબની નિય્યતથી ઝબહ કરવાને કુર્બાની કહે છે.

### ★ કુર્બાની કોના પર વાજિબ છે ? ★

મુસલમાન, મુકીમ, માલિકે નિસાબ પર વાજિબ છે. કુર્બાની જેવી રીતે મર્દ પર વાજિબ છે એવી જ રીતે ઔરતો ઉપર પણ વાજિબ છે, જો વાજિબ થવાની શર્તો જોવા મળે. માલિકે નિસાબથી મુરાદ એટલો માલ હોવો છે જેટલો માલ હોવા પર સદકાએ ફિત્ર વાજિબ છે. એટલે કે સાડા બાવન તોલા ચાંદી અથવા સાડા સાત તોલા સોનુ અથવા એ બંનેમાંથી કોઈ એકની કિંમતનો માલિક હોય. (વધુ માહિતી માટે બહારે શરીઅત, ભાગ-૧૫) સાડા બાવન

તોલા ચાંદીની કિંમત અત્યારે લગભગ ૩૦ હજાર રૂા. જેટલી થાય છે, જેથી જે શખ્સ એટલા રૂપિયાનો માલિક હોય અને એના પર દેવું પણ ન હોય એના પર કુર્બાની વાજિબ છે. અસલી હાજત સિવાય કોઈ શખ્સ એવા વધારાના સામાનનો માલિક છે કે એની કિંમત સાડા બાવન તોલા ચાંદીની કિંમત બરાબર હોય તો એના પર કુર્બાની વાજિબ છે. કુર્બાની વાજિબ થવા માટે વર્ષનું પૂર્ણ થવું જરૂરી નથી, જો કોઈ કુર્બાનીના દિવસોમાં જ માલિકે નિસાબ થઈ જાય તો તેના પર કુર્બાની વાજિબ છે.

**ચેતવણી** : કુર્બાની દરેક એ શખ્સ પર વાજિબ છે **જે માલે નિસાબનો માલિક હોય,** જો કોઈએ પોતાના નામની કુર્બાની કરવાની જગ્યાએ ઘરના એ લોકોની કુર્બાની કરી જે માલિકે નિસાબ નથી જેમ કે બાળકો અથવા મૃત્યુ પામેલ (મર્હૂમ)ના નામથી કરી અને પોતાના નામથી ન કરી તો ગુનેહગાર થશે, હા ! પોતાના નામની કુર્બાની કરવાની સાથે સાથે ઘરના બીજા લોકોના નામથી અલગ કુર્બાની કરવી ખૂબ જ સારું અને સવાબનું કામ છે. ધ્યાન રહે કે **સાહિબે નિસાબ પર દર વર્ષે કુર્બાની વાજિબ છે.** કેટલાક લોકોનો એ ખયાલ છે કે "પોતાના તરફથી જિંદગીમાં ફક્ત એકવાર કુર્બાની વાજિબ છે ! તો એ બિલકુલ ગલત અને પાયા વગરનું છે." *(અન્વારુલ હદીષ)*

## ★ કુર્બાનીના દિવસો ★

કુર્બાનીના દિવસો ત્રણ છે. **દસમી ઝીલહજ્જની સુબ્હ સાદિક઼થી બારમી ઝીલહજ્જના ગુરૂબ આફતાબ સુધી એટલે કે ત્રણ દિવસ અને બે રાતો,** પરંતું શહેરમાં ઈદની નમાઝથી પહેલાં કુર્બાની નથી થઈ શક્તી, ગામ (દેહાત)માં સુબ્હ સાદિક઼થી જ થઈ શકે છે પરંતું મુસ્તહબ એ છે કે સૂરજ નીકળ્યા પછી કરે. કુર્બાની માટે સૌથી અફઝલ પ્રથમ દિવસ છે પછી બીજો પછી ત્રીજો. કુર્બાનીના સમય બાદ કુર્બાની છૂટી ગઈ તો હવે થઈ શકે નહીં. હા ! જો કુર્બાની માટે જાનવર ખરીદી રાખેલ છે તો એનો સદક઼ો કરે અથવા એક બકરીની કિંમત સદક઼ો કરે. અને જો કુર્બાની માટે જાનવર ખરીદયા બાદ કુર્બાની પહેલાં જાનવરે બચ્ચાને જન્મ આપ્યો, તો કુર્બાનીના દિવસોમાં જ એને પણ ઝબહ કરી દે અને વેચી દીધું તો એની કિંમત સદક઼ો કરી આપે અને જો ન ઝબહ કર્યું અને ન વેચ્યું તો જીવતું સદક઼ો કરી આપે. *(બહારે શરીઅત)*

## ★ કુર્બાનીનું જાનવર ★

ઊંટ પાંચ વર્ષ, ભેંસ બે વર્ષ, બકરી એક વર્ષ અથવા એનાથી વધુ વયનું હોય, એનાથી ઓછુ જાઈઝ નથી. હા ! જો ઘેટાનુ છ મહિનાનું બચ્ચુ એટલું મોટુ માલૂમ પડે કે જોવામાં એક વર્ષનું લાગે તો એની કુર્બાની જાઈઝ છે પરંતું યાદ રાખશો કે છ માસનુ જાઈઝ નથી પણ એનું એટલુ તાજુ હોવુ જરૂરી છે કે દૂરથી જોવામાં એક વર્ષનું લાગે. કુર્બાનીનું જાનવર તાજુ, મોટુ અને ઐબ વગરનું હોવું જોઈએ. જો થોડીક ખામી હોય તો કુર્બાની મકરૂહ થશે અને જો વધુ ખામી હશે તો કુર્બાની થશે નહીં. *(વધુ માહિતી માટે ફતાવા રઝવિય્યહ, ભાગ–૮)* શરીઅતમાં જાનવરની ઉમરનો લિહાઝ રાખવામાં આવ્યો છે, દાંતોનો નહીં. ઘણા લોકો દાંતો પર આધાર રાખે છે, આ એમની ભૂલ છે. માટે ઉમરનો ખયાલ રાખવામાં આવે કે જે જાનવરની ઉમર હોવી જરૂરી છે તે હોવી જોઈએ ભલે દાંતો મોટા હોય કે નાના.

## ★ કુર્બાનીનો તરીક઼ો ★

કુર્બાનીના જાનવરને જમણી બાજુ એ રીતે સુવડાવે કે કા'બા શરીફ સામે એનું માથુ હોય અને ઝબહ કરવાવાળો એનો જમણો પગ એના પાસા પર રાખીને તેજ છરીથી જલ્દીથી ઝબહ કરી દે. ઝબહ કરતા પહેલાં આ દુઆ પઢે :–

**اِنِّـیْ وَجَّهْتُ وَجْهِیَ لِلَّذِیْ فَطَرَ السَّمٰوٰاتِ وَالْاَرْضَ حَـنِیْـفًا وَّمَا اَنَا مِنَ الْمُشْرِکِیْنَ اِنَّ صَلَاتِیْ وَ نُسُکِیْ وَمَـحْـیَایَ وَمَـمَـاتِیْ لِلّٰـهِ رَبِّ الْعَالَمِیْنَ لَا شَرِیْكَ لَهٗ وَبِـذَالِكَ اُمِـرْتُ وَاَنَـا مِـنَ الْـمُـسْـلِـمِیْنَ اَللّٰهُمَّ لَكَ وَ مِنْكَ بِسْمِ اللّٰهِ اَللّٰهُ اَکْبَرْ**

ઈન્ની વજ્જહતુ વજહીય લિલ્લઝી ફતરસ્સમાવાતિ વલઅર્દ હનીફંવ વમાઅના મિનલ મુશ્રિકીન. ઈન્ન સલાતી વનુસુકી વમહયાય વમમાતી લિલ્લાહિ રબ્બિલ આલમીન. લાશરીકલહુ વબિઝાલિક વઉમીરતુ વઅના મિનલ મુસ્લિમીન. અલ્લાહુમ્મલક વમિન્ક બિસ્મિલલાહિ અલ્લાહુ અકબર.

દુઆ પૂરી થતાંની સાથે જ છુરી ચલાવી જાનવરને ઝબ્હ કરી નાખવું. કુર્બાની પોતાના તરફથી હોય તો ઝબ્હ કર્યા પછી આ દુઆ પઢવી :

اَللّٰھُمَّ تَقَبَّلْ مِنِّیْ کَمَا تَقَبَّلْتَ مِنْ خَلِیْلِكَ اِبْرَاھِیْمَ عَلَیْہِ السَّلَام وَ حَبِیْبِكَ مُحَمَّدٍ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمْ

**અલ્લાહુમ્મ તક઼બ્બલ મિન્ની કમા તકબ્બલત મિન ખલીલિક ઈબ્રાહીમ અલૈહિસ્સલામ વહબીબિક મુહમ્મદીન સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.**

જો બીજાના તરફથી ઝબ્હ કર્યું તો **مِنِّی "મિન્ની"**ને બદલે **مِنْ 'મિન્'** બોલી તે વ્યક્તિનું નામ બોલવું જેના તરફથી કુર્બાની હોય. અને ઊંટ, ગાય, ભેંસ જેવું મોટું ભાગીદારવાળું જાનવર હોય તો જેટલા ભાગીદાર હોય તે બધાનાં નામ લેવાં. ઝબહ કરવામાં વધુમાં વધુ ચાર રગ અને ઓછામાં ઓછી ત્રણ રગ પહેલાં કાપવી એથી વધુ કાપવું નહીં બલ્કે (જાનવર) ઠંડુ પડી ગયા પછી કાપવું તે પછી ખાલ ઉતારવી.

કુર્બાનીનું જાનવર જો જાતે ઝબહ ન કરી શકે તો કોઈ સુન્ની સહીહુલ અક઼ીદાથી ઝબહ કરાવે. **જો કોઈ બદઅક઼ીદા અને બેદીનથી જેમ કે વહાબી, દેવબંદી, ગૈર મુક઼લ્લિદ, ક઼ાદયાની વગેરેથી કુર્બાનીનું જાનવર ઝબહ કર્યું તો કુર્બાની થશે નહીં.** એવી જ રીતે **કદીપણ કોઈ બદમઝહબ અથવા બેદીનની સાથે હિસ્સો ન લે બાકી તમારી કુર્બાની પણ બેકાર થઈ જશે** અને ગુનાહનો ભાર તમારા ઉપર આવશે એ અલગ. ખયાલ રહે કે **કુર્બાનીનો ગોશ્ત વગેરે કાફિર, મુશ્રિકને દેવું મના છે.** *(ફતાવા રઝવિય્યહ શરીફ, ફતાવા ફયઝુર્રસૂલ)*

**★ કુર્બાનીનો ગોશ્ત ★**

દિવસ દૂર નથી કે મસ્જિદ તથા મદ્રસામાં કોઈ રહેવા તૈયાર નહીં થાય, અથવા પછી ખૂબ જ નીચી કક્ષાના લોકો ઈમામત કરશે અને છોકરાઓને પઢાવશે અને સારા ઘરોના, સારા દિમાગવાળા અને ચિંતન રાખવાવાળા લોકો આ લાઈનથી દૂર થઈ જશે.'' *(ગલત ફેહમિયાં)*

બલ્કે જોવામાં આવે તો આ વસ્તુની શરૂઆત થઈ ગઈ છે. આજે તમે હાલાત પર નજર કરો તો મોટી સંખ્યામાં લોકો ઈમામત અને પઢાવવાનું કામ છોડી કારોબારમાં પરોવાઈ ગયા છે અને હજી કેટલાક સારા કારોબાર અને સારી રોજગારીની તલાશમાં છે. જો માહોલમાં સુધારો ન આવ્યો તો આવનારા સમયમાં શું થશે તે કાંઈ કહી શકાતું નથી. ફસાદી તથા નફસપરસ્ત અને નાલાયક તથા નીચ પ્રકારના લોકો સતત પોતાનાં પ્રિય કામોમાં વ્યસ્ત રહીને ઈમામો તથા ઉલ્માને નાહક્ક઼ તકલીફ પહોંચાડી રહ્યા છે. અલ્લાહ સારી હિદાયત આપે. આમીન.

**ફાયદો** : હુઝૂર એ બે તાજાં કાળા તથા સફેદ ઘેટાંઓની કુર્બાની ફર્માવી, એક પોતાના તરફથી અને બીજી પોતાની ઉમ્મત તરફથી *(જામેઉલ અહાદીષ)* સુબ્હાનલ્લાહ ! હુઝૂરે અકરમ નો કરમ તો જુઓ કે પોતે પોતાની ઉમ્મત તરફથી કુર્બાની કરી અને આ મોક઼ા પર પણ ઉમ્મતનો ખયાલ કર્યો, માટે જે મુસલમાનથી થઈ શકે એ હુઝૂરે અકરમ ના નામથી કુર્બાની કરે તો ઘણી જ ખુશનસીબીની અને સઆદતમંદીની વાત છે.

## ★ ઝબહ વખતે શું કરવું ? ★

પોતાની કુર્બાનીનું જાનવર જો પોતે ઝબહ ન કરી શકે તો કમસે કમ ઝબહ વખતે સવાબની નિય્યતે હાજર રહે કે એ મુસ્તહબ છે. તે વખતે વાજિબ અદા કરવાની નિય્યત દિલમાં હોય અને સાચા દિલથી એ ખયાલ હોવો જોઈએ કે હું રાહે ખુદામાં જેવી રીતે આજે જાનવર કુર્બાન કરી રહ્યો છું, તો કાલે જો દીનને જરૂરત પડી તો અલ્લાહના રાહમાં મારી જાન પણ કુર્બાન કરીશ. તેમજ એ ઈરાદો હોવો જોઈએ કે જાનવરને ઝબહ કરવાની સાથોસાથ પોતાના નફસે અમ્મારા (ગુનાહ પ્રતિ દોરનાર નફસ)ને પણ ઝબહ કરી રહ્યો છું તથા હવેથી તમામ ગુનાહોથી બચતો રહીશ.

કુર્બાનીને કેવળ એક રસમ અથવા ગોશ્ત પામવાનો ઝરીયો ન સમજે બલ્કે એમાં જે બોધપાઠ તથા નસીહતો છુપાયેલી છે એમાં વિચારણા કરે અને એનાથી આખેરતની ભલાઈ તથા અલ્લાહની નિકટતા (કુર્બ) હાંસલ કરે. એ પણ યાદ રાખશો કે કુર્બાની કેવળ અલ્લાહના માટે અને સવાબની નિય્યતથી હોય, રિયાકારી કે મોટાઈ જાહેર કરવાને માટે ન હોય, કેમ કે રિયાકારી એવી લઅનત છે કે નેકીને નષ્ટ કરી નાખે છે અને આબિદને સવાબને બદલે ગુનાહનો હક્ક઼દાર કરી દે છે.

## ★ હિસ્સાવાળી સંયુક્ત કુર્બાની ★

કેવળ સુન્ની સંસ્થામાં જ હિસ્સાવાળી કુર્બાનીમાં નોંધણી કરાવે જયાં શરીઅતના ક઼ાનૂનોનો લેહાઝ રાખીને કુર્બાની થતી હોય. કોઈ બદઅક઼ીદાને ત્યાં ન નોંધાવે, નહીં તો કુર્બાની થશે નહીં તેમજ પોતે ગુનેહગાર થશે. બીજું કે કોઈ વહાબી ઓળખીતા કે કહેવાતા સગાનું નામ પણ પોતાના હિસ્સા સાથે ન નોંધાવે, નહીં તો સર્વ ભાગીદારોની કુર્બાની થશે નહીં. અને આ મુજબની ઈજાઝતની સાથે જે તે રકમ જમા કરે કે, **''મેં મારા કુર્બાનીના જાનવરની ખરીદીથી લઈને ઝબહ સુધી તથા પછીના ખર્ચાઓ જેવા કે ભાડુ, ઘાસચારો, કસાઈની મજૂરી વગેરે તથા તેનો ગોશ્ત, ચામડુ વગેરે જેને ચાહે આપવાનો તથા જો રકમ બચી જાય તો તેને કોઈ પણ જાઈઝ કામમાં ખર્ચ કરવાનો દરેક પ્રકારનો અધિકાર સંચાલકોને આપ્યો.''** જેથી ઈન્શાઅલ્લાહ ! બંને પક્ષો (કુર્બાની કરાવનાર તથા કરનારા) ગુનાહથી બચી જશે, નહીં તો જરા સરખી નિષ્કાળજી ગુનાહમાં ફેંકી શકે છે.

*–(સુન્ની દાવતે ઈસ્લામી મંથલી, નવેમ્બર–૨૦૧૨ ના આધારે)*

# અમેરિકી લશ્કરી ટ્રેનિંગમાં ઈસ્લામ વિરૂદ્ધ ભડકાવનારી તાલીમ !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

પાછલા દિવસોમાં અમેરિકી ફોજી જનરલ માર્ટિન ડેમ્પ્સેના જાહેર કરી દેવાથી જગતભરના મુસ્લિમોને ઉલઝનમાં નાખી દીધા છે. દુનિયાના કોઈ દેશમાં વ્યક્તિગત રીતે અમુક લોકો કોઈ ધર્મ વિરૂદ્ધ નફરત પેદા કરતા ખયાલો પ્રદર્શિત કરે એ આશ્ચર્યની વાત નથી, પરંતું એક દેશના નિયંત્રણ હેઠળ ટ્રેનિંગ પામનારી ફોજના દિમાગ તથા વિચારોમાં ઈસ્લામ વિરૂદ્ધ નફરતમય ભાવનાઓ બેસાડવાની કોશિશ કરવી એ અતિશય અફસોસનાક છે. બતાવવામાં આવે છે કે આર્મી લેફટન્ટ કોલ. મેથ્યુ એ. ડૂલે (**Army Lt. Col. Mathew A. Dooley**)ને ઓગષ્ટ ૨૦૧૦ થી ફોજીઓના ટ્રેનિંગ ક્લાસ લેવાની જિમ્મેદારી સોંપવામાં આવી હતી. તેમણે જુલાઈ–૨૦૧૧માં ૨૮ પેજીસમાં જંગી અમલી પોલીસીના હેઠળ એક મોડેલ તૈયાર કર્યુ જેને **"So What Can we Do ?"** "તો આપણે શું કરવું જોઈએ ?"ના નામથી રજૂ કર્યુ. મિ. ડૂલે પોતાનું વિવાદાસ્પદ મોડેલ રજૂ કરતાં પહેલાં લખે છે :–

**This model asserts Islam has already declared war on the west, and the United States specifically, as is demonstrable with over 30 years of violent history. It is therefore, illogical to continue along our current global strategy models that presume there are always possible options for common ground and detent with Muslim Umma without waging near “Total War”. (Pate : 7)**

**અનુવાદ** : *" પાછલાં ત્રીસ વરસના હિંસાત્મક બનાવોને લક્ષમાં રાખીને આ મોડેલ સ્વીકાર કરે છે કે ઈસ્લામે અગાઉથી જ પશ્ચિમ તથા ખાસ કરીને અમેરિકાની વિરૂદ્ધ યુધ્ધ છેડી દીધેલું છે, જેથી વર્તમાન વૈશ્વિક અમલી પોલિસીવાળા મોડેલને હજી અપનાવી રાખવું બુધ્ધિપૂર્ણ નથી જેના મુતાબિક "સંપૂર્ણ જંગ" છેડયા વિના પણ મિલ્લતે ઈસ્લામિયા (ઈસ્લામી રાષ્ટ્રો)ની સાથે સંબંધો વિકસાવવાના સંભવિત સંયુક્ત આધારો મૌજૂદ છે."*

વિચારો ! કેટલી બિન પાયાદાર રીતે એક પૂર્વગ્રહભરી સોચને ઉછેરવામાં આવી, તદ્ઉપરાંત એ જ "સત્ય વિરૂદ્ધ હક઼ીક઼ત"ના આધાર પર ક઼ત્લ અને ખૂન ખરાબાને ઉત્તેજન આપનારી પોલિસી પણ બનાવવામાં આવી રહી છે ! દુનિયાનો દરેક ઈન્સાફપસંદ વ્યક્તિ એ વાતની ગવાહી આપશે કે ઈસ્લામે કદી પણ કોઈ ક઼ૌમ અથવા જાતિ પર જુલ્મ તથા અત્યાચારની ઈજાઝત નથી આપી. આ એવી હક઼ીક઼ત છે જે ઈતિહાસના પાનાંઓ પર સૂર્યની જેમ ચમકી રહી છે, શર્ત એ છે કે પૂર્વગ્રહના ચશ્મા ઉતારી હક્ક઼ સ્વીકારવાના આશયથી એનો અભ્યાસ કરવામાં આવે.

મિ. ડૂલે પોતાનું અમાનુષી આક્રમક મોડેલ રજૂ કરતાં જે તજવીજ આપે છે એને લખતાં કલમ ધ્રૂજી રહી છે અને આંખો અશ્રુભીની છે, દિલ પર પથ્થર મૂકી મિ. ડૂલે જેવા શૈતાનના વિચારો વાંચો.

**This would leave open the option once again to taking war to a civilian population wherever necessary (the historical precedents of Dresden, Tokyo, Hiroshima, Nagasaki being applicable to the Mecca and Medina destruction DP in phase ill. (page : 8)**

**અનુવાદ** : *આ પરિસ્થિતિ એકવાર ફરી યુદ્ધના*

*વર્તુળને ઈન્સાની વસ્તીઓ સુધી લઈ જવાના દરવાજા ખોલી રહી છે. (જેવી ઐતિહાસિક ઘટનાઓ ડ્રેસ્ડીન, ટોકીયો, હિરોશીમા, નાગાસાકીમાં થઈ હતી) મક્કા અને મદીનાને તબાહ કરવા માટે એના પર જ અમલ થવો જોઈએ. (પેજ–૮)*

એટલે કે **હિરોશીમા અને નાગાસાકીને જે રીતે એટમબૉમ દ્વારા તબાહ કરી દેવામાં આવ્યાં હતાં એ જ પ્રમાણે જરૂરત પડતાં મુસલમાનોના ધાર્મિક કેન્દ્રો મક્કા અને મદીનાને પણ તબાહ કરી દેવાં જોઈએ.** મઆઝલ્લાહ ! ષુમ્મ મઆઝલ્લાહ ! આને **આતંકવાદી સોચ વિચાર** ન કહીએ તો શું કહીએ ? ઈસ્લામના આ બંનેવ પવિત્ર સ્થળોની બેહુર્મતી કરવા માટે આવી નાપાક પોલિસીઓ બનાવવી એ જ **સૌથી મોટો આંતકવાદ** છે.

પોતાના વિવાદાસ્પદ મોડેલના અંતમાં ઘણા જ ભારપૂર્વક રીતે કહે છે :–

**It is therefore time for the United States to make our true intention clear. The barbaric ideology will no longer be tolerated. Islam must change or we will facilitate its self-destruction. (Page : 28)**

**અનુવાદ** : *"જેથી સમય આવી ગયો છે કે અમેરિકા પોતાનું અસલી લક્ષ પ્રગટ કરી દે. જાલિમાના વિચારશૈલી હવે સહેવામાં નહીં આવે. ક્યાં તો ઈસ્લામ પોતાને બદલી લે અથવા પછી અમે એવાં પગલાં ભરીશું કે તે પોતે જ તબાહ તથા બર્બાદ થઈ જાય." (પેજ–૨૮)*


મિ. ડૂલેનું આ એ સ્વપ્ન છે જે કયામત સુધી પૂર્ણ નહીં થાય, કારણ કે ઈસ્લામ જ આખરી દીન છે અને નિશ્ચિત રીતે તેને કમાલ (પૂર્ણતા) અને ઉચ્ચતાની સીમાઓ સુધી પહોંચવાનું છે, એ કડવી હકીકત મિ. ડૂલે જેવા નાસમજ લોકોએ સ્વીકારવી જ પડશે કે ઈસ્લામ આજે પણ ફેલાય રહ્યો છે અને ફેલાતો રહેશે ત્યાં સુધી કે ઈસ્લામ વિશ્વના સર્વ બાતિલ ધર્મો પર સર્વોપરી થશે.

ઈતિહાસ સાક્ષી છે કે આથી પહેલાં પણ વિશ્વની મહાસત્તાઓએ ઈસ્લામી જગતને બર્બાદ કરવાની કોશિશો કરી પરંતું દરેકવાર ઈસ્લામ એક નવા હોંસલા સાથે ઉભર્યો છે. બગદાદમાં ઈસ્લામી કલ્ચરની તબાહીથી કોણ વાકેફ નથી ? સ્પેનમાં ઈલ્મી કેન્દ્રોની બર્બાદી કોણ નથી જાણતું ? એટલા માટે મિ. ડૂલે જેવા લોકો સાંભળી લે કે અમારે ઈસ્લામના રક્ષણ અંગે કોઈ ચિંતા કરવાની જરૂર નથી, પરંતું અફસોસ એ વાતનો છે કે એક નામ માત્રના ભણેલા પણ ગણેલા નહીં એવા લેક્ચરરે કેવી બેદર્દીની સાથે ન્યાય અને ઈન્સાફનું ગળુ દબાવવાની કોશિશ કરી છે ?! એક વરસમાં મિ. ડૂલેના શૈતાની વિચારો ઉઘાડા પડી ગયા અને ચેરમેન ચીફ ઓફ સ્ટાફ જનરલ ડમ્પ્સે સુધી જ્યારે મિ. ડૂલેના શૈતાની વિચારોની ખબર પહોંચી તો તેમણે તુરંત જ ટ્રેનિંગ કોર્સમાંથી તેને હટાવી દીધા અને એક પરિપત્ર જારી કર્યો કે સંપૂર્ણ ટ્રેનિંગ કોર્સની નવેસરથી ચકાસણી કરી આવા લેક્ચરથી એને પાક કરવામાં આવે. જનરલ કહે છે :

**It was totally objectionable, against our values and it wasn't academically sound.**

**અનુવાદ** : *"આ નિશ્ચિત રૂપે અસ્વીકાર્ય છે, આપણી સંસ્કારિક મર્યાદાઓના વિરૂદ્ધ અને ટ્રેનિંગના આધારે પણ ઉચિત નથી."*

ચાલો આપણે માની લીધું કે ઈસ્લામ વિરૂદ્ધ નફરત ફેલાવતુ લેક્ચર દેશની પોલિસીમાં સામેલ નથી, પરંતું આનાથી એક વાત તો સ્પષ્ટ થઈ ગઈ કે આંતકવાદ વિરૂદ્ધ જંગમાં કેવી ગંદી માનસિકતાવાળા લોકો ભાગ લઈ રહ્યા છે. એક સારી વાત એ છે કે એક ફોજીએ જ્યારે જનરલ ડેમ્પ્સેનું ધ્યાન આ તરફ દોર્યું તો તેમણે ન કેવળ મિ. ડૂલેના મોડેલને કોર્સમાંથી કઢાવી નાખ્યું બલ્કે એની પાછળના તથ્યોની તેહકીકાત કરવાના પણ આદેશ આપી દીધા છે. મેનેજર જનરલ ફ્રેડરિક રોર્ડશમની જાહેરાત અનુસાર ૨૪ મે ૨૦૧૨ પહેલાં આ તપાસ સંપૂર્ણ થઈ જશે. જેથી વર્તમાન કશ્મકશમાં આપણે ઉમ્મીદ કરીએ છીએ કે તપાસનો રિપોર્ટ સામે આવી ગયા પછી કુસૂરવાર લોકોને યોગ્ય સજા આપવામાં આવે જેથી હમેશાંના માટે આ ધૃણાજનક પ્રકરણ બંધ થઈ જાય. *(જામે નૂર, ઓગસ્ટ–૨૦૧૨)*



# હજ્જ સંબંધી
## વિવિધ પ્રશ્નોના જવાબો

શું ફર્માવે છે દીનના ઉલમા તથા શરીઅતના મુફતીઓ નીચેના મસ્અલામાં કે :

**(૧)** ઘણા હાજીઓ પોતાના એહરામનાં કપડાં લોન્ડ્રીમાં ધોવડાવે છે જ્યાં એ કપડાં સાથે કાંઈક અધિક પ્રબંધ હોય છે, કેમ કે એ કપડાં જ્યારે ધોવાયને પાછાં આવે છે તો ખુશ્બુદાર હોય છે. એવાં એહરામનાં કપડાં વાપરવા વિશે શો હુકમ છે ?

**(૨)** આજકાલ હાજીઓના રહેઠાણની સંપૂર્ણ વ્યવસ્થા ગવર્નમેન્ટ કરે છે અથવા ટૂરવાળા કરે છે. ઉચ્ચ કક્ષાના રહેઠાણમાં ક્યાંક ક્યાંક ફર્શ, ગાદલા, ચાદરો તથા તકિયા મળે છે જેમાં પહેલેથી જ ખુશ્બુ લાગેલી હોય છે એનો ઉપયોગ કરવો કેવું છે ? જો મના છે તો હાજીઓ શું કરે ?

**(૩)** આ પ્રગતિશીલ યુગમાં વિવિધ પ્રકારના ખુશ્બુદાર સાબુ તથા શેમ્પૂ રિવાજ પામેલ છે તો શું મુહરિમ (એહરામવાળો) એવો સાબુ તથા શેમ્પૂ વાપરી શકે છે ? જ્યારે કે એહરામની હાલતમાં ખુશ્બુનો વપરાશ શરીઅતની રૂએ મના છે.

**(૪)** જો એહરામની હાલતમાં ઘામાંથી લોહી વહે તો શું એહરામ તૂટી જશે ?

**(૫)** એહરામની હાલતમાં પેટ, હાઈડ્રોસીલ, મસા વગેરેનું ઓપરેશન કરાવ્યું તો શો હુકમ છે ?

**(૬)** એહરામની હાલતમાં ટિશ્યૂ પેપરનો ઉપયોગ કરવો કેવો ?

**(૭)** એહરામની હાલતમાં કપડાંથી મોં લૂછવું કેવું ?

**(૮)** બે પટ્ટીવાળી સ્લીપર ન પહેરી તો શું જુર્મ છે ? (જ્યારે કે પગની ઉભરેલ હાડકુ ખુલ્લુ હોય અથવા બંધ હોય)

**(૯)** એહરામની હાલતમાં વીંટી, ઘડિયાળ ચશ્મો પહેરી શકાય કે નહીં ?

**(૧૦)** એહરામની હાલતમાં પ્યાજ ખાવા કેવું ?

**(૧૧)** જો ઉમરાના એહરામની નિય્યત કર્યા બાદ સ્ત્રીને (હૈઝ) માસિક આવી જાય અને એ જ હાલતમાં તેણી તવાફ પણ કરી લે તો શો હુકમ છે ?

**(૧૨)** જો તવાફ દરમ્યાન માસિક આવી જાય તો શું કરે ?

**(૧૩)** એહરામની હાલતમાં હસ્તમૈથુન કર્યું તો શું હુકમ છે ?

**(૧૪)** એહરામની હાલતમાં તાવીઝ પહેરવું કેવું ?

**(૧૫)** જો હજના એહરામ બાદ સ્ત્રીને માસિક આવી જાય અને એ જ હાલતમાં તેણી તવાફે ઝિયારત કરી લે તો શું હુકમ છે ?

**(૧૬)** રૂહે અફઝા શરબત તથા એ પ્રકારનાં અન્ય શરબતો એહરામમાં પી શકાશે ?

**(૧૭)** સ્ત્રીએ તવાફ કર્યો, પછી હૈઝ (માસિક) આવી ગયું અને તેણી તે એહરામ ખોલ્યા વિના મદીના મુનવ્વરા ચાલી ગઈ (નમાઝે તવાફ પઢી ન હતી) પછી પાક થયા બાદ મદીના મુનવ્વરાથી ફરીથી એહરામ બાંધ્યો અને આવીને ઉમરો કર્યો, તો હવે શું હુકમ છે ?

પ્રશ્નકર્તા : *મુહમ્મદ રિઝવાનખાન (શાઈરે નઅત) પ્રિન્સિપાલ હાશમિયા સ્કૂલ, ઝકરિયા મસ્જિદ પાસે, મુંબઈ–મહારાષ્ટ્ર*

**:: અલ્જવાબ ::**

**(૧)** એહરામની હાલતમાં એવાં ખુશ્બુદાર કપડાં ઉપયોગમાં લેવાં જાઈઝ નથી કેમ કે એ કપડાંમાંથી ખુશ્બુ ફેલાવાનો મતલબ એ છે કે એના પર ખુશ્બુનો છંટકાવ થાય છે અથવા ખુશ્બુ લગાડવામાં આવે છે અથવા તેને કોઈક રીતે ખુશ્બુમાં જમાવવામાં આવે છે, અને જો એ ખુશ્બુ અધિક પ્રમાણમાં હોય તો **દમ વાજિબ** છે અને થોડી હોય તો **સદકો આપે.** એવું જ ફતાવા હિંદિયામાં છે.

**(૨)** એહરામની હાલતમાં આવા તકિયા, ગાદલા,

અઝ : **મુહક્કિકે મસાઈલે જદીદા, હઝરત મુફતી મુહમ્મદ નિઝામુદીન રઝવી**
(સદર મુફતી જામિઆ અશ્રફિયહ–મુબારકપુર)

ચાદરો તથા ફર્શ વગેરેનો ઉપયોગ કરવું **મના** છે, જ્યારે કે એમનાથી ખુશ્બુ ફૂટીને કપડાં કે એહરામનાં કપડાંમાં લાગે અથવા તે ખુશ્બુ એમાં પણ વસી જાય કે **એ જુર્મ છે.** હવે જો ખુશ્બુ **અધિક લાગે તો દમ** છે અને **ઓછી લાગે તો સદકો** છે અને જો કાંઈ ન લાગે તો કાંઈ (વાજિબ) નથી, અને ખાસ આ સ્થિતિ મના પણ નથી છતાં પણ બચે તો બેહતર છે.

મુહરિમે જોઈએ કે ગાદલા પર ચાદર બિછાવે અને તકિયા પરથી કવર કાઢીને તેના પર પોતાનુ કોઈ કપડુ રાખી દે અથવા હોટલ માલિકને યોગ્ય વ્યવસ્થાના માટે કહે. એનું દષ્ટાંત શરીરમાં ખુશ્બુ લગાડવાનો મસ્અલો છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**(૩)** મુહરિમે સગંધીદાર સાબુ તથા શેમ્પુ હાથ, શરીર કે માથા પર ન લગાડવું જાઈએ કેમ કે એ શરીઅતની રૂએ મકરૂહ તથા નાપસંદીદા છે અને એના કારણે એવું કરનાર પર **સદકો** વાજિબ થશે. કારણ એ છે કે સાબુ તથા શેમ્પુમાં થોડીક ખુશ્બુ મિલાવવામાં આવે છે અને સાબુ કે શેમ્પુ વાપરનારને જોઈને લોકો એવું નથી સમજતા કે એણે ખુશ્બુ લગાડી છે બલ્કે એવું જ સમજે છે તથા કહે છે કે સાબુ લગાડયો છે, શેમ્પુનો ઉપયોગ કર્યો છે. હા ! જો કોઈ સાબુ અથવા શેમ્પુમાં ખૂબ જ અધિક પ્રમાણમાં તે જ ખુશ્બુ સામેલ હોય અને તેને શરીર પર લાગેલુ જોઈને લોકો એવું સમજે અથવા કહે કે ખુશ્બુ લાગી છે તો **દમ** વાજિબ થશે. વલ્લાહુ તઆલા અઅલમ.

**(૪)** ઝખ્મથી લોહી વહેવાથી એહરામના સહીહ હોવામાં કોઈ અસર નથી પડતી, એ જ કારણે એહરામની હાલતમાં નસમાંથી ખરાબ લોહી વહાવવું, પછના લાગડવું (લોહી ચૂંસાવવું) તથા ખત્ના કરાવવું જાઈઝ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**(૫)** એહરામની હાલતમાં પેટ, હાયડ્રોસીલ, મસા, કીડની, હૃદય, મગજ વગેરેનું ઓપરેશન કરાવવાથી શક્ય ત્યાં સુધી બચે, નહીં તો મજબૂરીથી હાલતમાં ઈજાઝત છે અને **દમ** લાઝિમ થશે.

કારણ એ છે કે આ રીતના ઓપરેશનમાં ડોકટર ઓપરેશનની જગાએ શર્મગાહના વાળ ડૂંટીની નીચે સુધી સાફ કરી નાખે છે પછી જરૂરી કાર્યવાહી પછી ઓપરેશન કરે છે અને એહરામમાં ડૂંટી નીચેના વાળ સાફ કરવાથી **દમ** વાજિબ થાય છે, જ્યારે કે ઓપરેશનની જગ્યાના વાળ સાફ કરવાથી કેવળ **સદકો** વાજિબ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**(૬)** એહરામની હાલતમાં ટીશ્યું પેપરનો ઉપયોગ જાઈઝ છે, કેમ કે આદત મુજબ એના વડે ચહેરો કે મોં નથી છુપાવવામાં આવતું. ફુકહાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن ના ખુલાસાઓથી જાહેર થાય છે કે જે ચીજો વડે આદત પ્રમાણે ચહેરો કે મોંઢુ છુપાવવામાં આવે છે તે જ ચીજો વડે ચહેરો કે મોઢું છુપાવવું જાઈઝ છે, જેમ કે કપડુ તથા પંખો વગેરે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**(૭)** એહરામની હાલતમાં કપડા વડે મોઢું લૂછવું નાજાઈઝ તથા ગુનોહ છે અને લૂછનાર પર સદકો વાજિબ છે. જેમ કે દુર્રે મુખ્તારમાં છે :

''એહરામ બાંધી લીધો તો હવે પૂરા ચહેરાને ન છુપાવે ન થોડાક ચહેરાને, જેમ કે મોં તથા હડપચીને. હા ! ખાનિયહમાં છે કે પોતાના નાક પર પોતાનો હાથ રાખવામાં કોઈ વાંધો નથી. *(અલા હામિશ રદ્દુલ મુહતાર, પેજ–૭૫, ૭૬, ભાગ–૨, ફસ્લ ફિલ્ અહરામ)* વલ્લાહુ તઆલા અઅ્લમ.

**(૮)** પગની પીઠ પર જે ઉભરાયેલ હાડકુ છે જ્યાં જોડાની દોરી બાંધવામાં આવે છે એને એહરામની હાલતમાં ખુલ્લુ રાખવુ **વાજિબ** છે અને છુપાવવું **હરામ.** એટલા માટે એહરામની હાલતમાં બે પટ્ટીવાળી સ્લીપર અને હવાઈ ચપ્પલનો જ ઉપયોગ કરવો જોઈએ અને જો કોઈ કારણે તે ન મળે, કોઈ તકલીફના કારણે એડી તથા આંગળીને છુપાવવી જરૂરી હોય તો જોડાને ઉપરથી એટલો કાપી નાખે કે તે ઉભરાયેલા હાડકાને ન છુપાવે અને જો કોઈ (એને) કાપ્યા વિના બાર કલાક અથવા એનાથી વધુ સમય જોડા અથવા ચામડાનાં મોજાં પહેરી લે તો એના પર **દમ** વાજિબ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**(૯)** એહરામની હાલતમાં અંગૂઠી (વીંટી) પહેરવી જાઈઝ છે. કાંડા પર ઘડિયાળ બાંધી શકાય છે જેમ કે કમરમાં જરૂરી કાગળો વગેરે રાખવાના માટે પટ્ટી બાંધી

શકે છે. નંબરના ચશ્મા પણ વાપરવા જાઈઝ છે કે એ ચહેરો નથી છુપાવતો, ન એના માટે એની બનાવટ હોય છે, એનુ કામ નજીક તથા દૂરની ચીજોને સાફ સાફ દેખાડવું છે. વલ્લાહુ તઆલા અઅ્લમ

**(૧૦)** એહરામની હાલતમાં પ્યાજ ખાવા જાઈઝ છે અને બચે તો બેહતર છે કે જેથી એની ગંધથી કોઈને તકલીફ ન થાય. હા ! જો પ્યાજ ખાઈને તુરંત મસ્જિદે હરામમાં જવાનો ઈરાદો હોય તો મકરૂહ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**(૧૧)** માસિકની હાલતમાં સ્ત્રી ઉમરાનો તવાફ કરી લે તો એના પર **દમ** વાજિબ છે, એ જ હુકમ જનાબતમાં તથા બેવુઝૂ તવાફનો પણ છે, અને જો પાક થતા સુધી મક્કા મોઅઝ્ઝમામાં રહી તો ફરીથી એ તવાફ કરી લે તો **દમ** સાકિત થઈ (ઉઠી) જશે. દુર્રે મુખ્તારમાં છે :

**وفی الفتح : لو طاف للعمرة جنبا اور محدثا فعلیه دم كذا لـو ترك من طوافها شوطالانه لامدخل للصدقة فی العمرة۔**

તર્જુમો : ''ફત્હુલ કદીરમાં છે કે જો જનાબતની હાલતમાં અથવા બેવુઝૂ ઉમરાનો તવાફ કર્યો તો એના પર **દમ** વાજિબ છે. એ જ પ્રમાણે ઉમરાના તવાફનો એક ચક્કર પણ છોડી આપ્યો તો **દમ** જ વાજિબ છે, કેમ કે ઉમરામાં સદકાની કોઈ દખલ નથી.'' *(બાબુલ જનાબાત મિન કિતાબુલ હજ્જ)* વલ્લાહુ તઆલા અઅ્લમ.

**(૧૨)** તવાફ દરમ્યાન હૈઝ (માસિક) આવી જાય તો સ્ત્રીએ જોઈએ કે તુરત જ તવાફ ત્યજીને બહાર આવી જાય અને ફરી જ્યારે પાક થઈ જાય તો તવાફ પછી ફરી સઈ કરે, અને જો તેણીએ તવાફ ચાલુ રાખ્યો તો દમ આપે અથવા પાક થયા પછી એ તવાફને દોહરાવી લે. કારણ એ છે કે માસિકની હાલતમાં તવાફ મુત્લકન્ જુર્મ છે ચાહે માસિક પહેલેથી હોય અથવા તવાફ દરમ્યાન આવી જાય. ઉપર વર્ણવેલ બંનેવ ફિકહી જુઝયાઓનો ઉમૂમ બંને સ્થિતિઓને સમાવે (લાગુ પડે) છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**(૧૩)** એહરામની હાલતમાં હસ્ત મૈથુન કર્યું અને વિર્ય સ્ખલન થઈ ગયું તો **દમ** વાજિબ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**(૧૪)** તાવીઝ પહેરવું જાઈઝ છે અને ગળા તથા બાવડા પર બાંધવું મકરૂહ છે. એવું જ બહારે શરીઅત ' બયાને એહરામ'માં છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**(૧૫)** માસિકની હાલતમાં તવાફ અને ખાસ કરીને તવાફે ઝિયારત હરામ છે. સ્ત્રી માટે ફર્ઝ છે કે માસિકના જમાનામાં મસ્જિદે હરામ શરીફમાં ન જાય અને તવાફથી બચે. પાક થઈ જાય ત્યારે તવાફે ઝિયારત કરે ભલે તે ૧૨ મી ઝીલહજ્જ પછી પાક થાય, અને જો તેણીની ફલાઈટનો સમય નજીક હોય તો મોઅલ્લિમને વિનંતિ કરીને સમયમાં વધારો કરાવે. અને જો માસિકની હાલતમાં તવાફે ઝિયારત કરશે તો ગુનેહગાર થશે. તેણી પર એના કારણે **'બુદનહ'** લાઝિમ થશે, એટલે **ઊંટ** અથવા **ગાયની કુર્બાની કરે.** હા, એની સાથે એનો અંતિમ ફર્ઝ પણ અદા થઈ જશે અને તેણી વાળ કતરાવીને હલાલ થઈ જશે. અને જો કોઈ સ્ત્રીએ એવું કરી લીધું તો બારગાહે ઈલાહીમાં સાચા દિલથી તૌબા કરવાની સાથે જ **બુદનહ** પણ આપે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**(૧૬)** રૂહે અફઝા શરબત કે અન્ય કોઈપણ ખુશ્બુદાર શરબત એહરામની હાલતમાં પીવું **મકરૂહ** છે. એને એકવાર પીવાથી **સદકો** લાઝિમ થશે, અને ત્રણવાર પીવાથી **દમ** લાઝિમ થશે. જો સખત તરસ લાગી હોય અને પાણી ન હોય તો એકવાર મોં લગાડીને જેટલું પીવું હોય પી લે અને સદકએ ફિત્ર જેટલા રૂપિયા હરમમાં ફકીરને આપી દે.

આ રીતની મજબૂરી (ઉઝર)ના કારણે પીવામાં કરાહત તો ન થશે છતાં સદકો આપવો પડશે, અને વારંવાર પીવામાં **દમ** વાજિબ થશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**(૧૭)** એ સ્ત્રી દમ આપે કે જ્યારે પહેલા ઉમરાના પછી વાળ કપાવીને એહરામની બહાર ન થઈ હતી તો તેણીને બીજા ઉમરાની ઈજાઝત ન હતી.

અને તેણીએ પ્રથમ ઉમરાનો એહરામ ખોલતાં પહેલાં કોઈ એવું કામ કર્યું જે એહરામની હાલતમાં હરામ અથવા મકરૂહ છે તો એના કારણે એના પર અલગથી દમ અથવા સદકો વાજિબ થશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

# "નરોડા કાંડ" જેવાં જજમેન્ટો જ દેશમાં શાંતિ રચી શકે !

તંત્રીલેખ

૨૮ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોટા નરોડા પાટિયા (અમદાવાદ) હત્યાકાંડમાં ૯૭ નિર્દોષ, નિઃસહાય મુસ્લિમોની કત્લેઆમના આરોપીઓને ખાસ ડેઝિગ્નેટેડ જજ ડો. જ્યોત્સાબહેન યાજ્ઞિકે આકરી જન્મટીપની સજા ફટકારતાં જણાવ્યું કે, "આ હત્યાકાંડ ભારતના બંધારણના ઈતિહાસમાં કાળીટીલી સમાન છે. હિચકારા ધૃણાસ્પદ હુમલામાં સ્ત્રીઓ, અપંગો અને ૨૦ દિવસનાં બાળક સહિત બાળકોની હત્યા તથા ગેંગ રેપ જેવી ઘટનાઓ લોકશાહીની પરાકાષ્ટાના અપમાનજક ગણી શકાય. આરોપીઓનું કૃત્ય એટલું ગંભીર છે કે તેમને સજામાં મળતી દયાની જોગવાઈને પણ કોઈ સ્થાન નથી. દેશના બંધારણમાં આવું કૃત્ય કેન્સર સમાન છે. સમાજમાં કાયદો સર્વોપરી છે, જો કાયદાનો અમલ કરવામાં ન આવે તો દેશમાં જંગલ રાજનું શાસન સ્થાપિત થઈ જાય. સભ્ય સમાજમાં આ હિચકારી શરમજનક ઘટના વર્ષો વર્ષ સુધી ભૂંસી શકાય તેવી નથી. આવા બનાવથી બિનસાંપ્રદાયિક દેશ પર માઠી અસર પહોંચી છે. સમાજમાં આવા બનાવો ન બને તે માટે કાયદાના સ્થાપિત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને કસૂરવાળારોને માફી આપી શકાય નહીં. એક જ દિવસમાં એક જ સ્થળે ૫૮ વ્યક્તિનું ખૂન કરવામાં આવ્યું હતું, લોકશાહીમાં આ એક કાળુ પ્રકરણ છે. માનવીય જીવન જીવવાના અધિકારોનો ભંગ કરીને માણસોને વ્યથા, મહાવ્યથા પહોંચાડવા પૂર્વયોજિત કાવતરું ઘડાય તેને કદાપિ માફ કરી શકાય નહીં કે પછી સજા ઓછી કરી શકાય નહીં...." આવા અવલોકન સાથે જજ સાહેબાએ ૩૨ આરોપીઓ પૈકી બનાવના મુખ્ય કાવત્રાખોર ભાજપના ધારાસભ્ય અને તાત્કાલિન "બાળ અને મહિલા વિકાસ મંત્રી" ડો. માયાબેન કોડનાનીને ૨૮ વર્ષની સજા ફટકારી જ્યારે બજરંગદળના નેતા બાબુ બજરંગીને જીવે ત્યાં સુધી જેલ કારાવાસની સજા, ૭ આરોપીઓને ૩૧ વર્ષની અને ૨૨ આરોપીઓને ૨૧ વર્ષની સજા ફટકારીને સોપો પાડી દીધો હતો. જાલિમોના પગ તળેથી જમીન આ ચુકાદો સાંભળતાં સરકી ગઈ હતી ! તેમનાં સગાંમાંથી કોઈકે ચક્કર આવ્યા તો કોઈનું હાર્ટફેઈલ થયું !..... અહીં આશ્ચર્ય તથા દુઃખ એ વાતનું છે કે જ્યારે સત્તાના શૈતાનનું ભૂત દિમાગ પર સવાર થાય છે ત્યારે કેવી કેવી વ્યક્તિઓ જાલિમ બની જાય છે. માયાકોડનાની પોતે ગાયનેકોલોજીસ્ટ ડોકટર હતાં અને ડો. તો દયાની મૂર્તિ સમાન હોય છે, તે તો બાળકોના જન્મ પર બાળક તથા સ્ત્રીઓની ખૂબ કાળજી લે છે. જ્યારે આ ડોકટરે તરસમાં બાળકોએ પાણી માંગતાં તેમના પર પેટ્રોલ તથા જ્વલનશીલ પદાર્થ નાખી તેમને જીવતાં સળગાવનારાઓ તથા સગર્ભા સ્ત્રીનું પેટ ચીરીને તેને જીવતી સળગાવનારાઓ તથા નિઃસહાય નિર્દોષ સ્ત્રીઓ પર જાહેરમાં બળાત્કાર કરીને સળગાવનારાઓની આગેવાની કરી ! વળી ઉપરથી લોકશાહી રાજ્યના પ્રધાનમંત્રી પણ બન્યાં ! તે પણ "બાળ અને મહિલા વિકાસ મંત્રી !" શું આ હોદાની વ્યક્તિ આટલી ક્રૂર હોઈ શકે છે ?! અને ખરેખર એવું જ થયું છે ! જેથી જ તો કોર્ટે તેણીને ૨૮ વર્ષની કારાવાસની સજા ફટકારી. આ કેસમાં ૩૨૭ જેટલા સાક્ષીઓએ જુબાની આપી છે અને ૧૫૦૦ જેટલા દસ્તાવેજો રજૂ થયા છે. પાણીની ટાંકી પાસે એક ખાંચા જેવી સાંકડી જગ્યામાં ૫૮ માણસો જેમાં સ્ત્રીઓ, બાળકો, અપંગો હતાં તેમને વિના વાંકે જીવતાં સળગાવી દેવાયાં, નૂરાની મસ્જિદ પર હુમ્લો કરી તેને સળગાવી, કુર્આન શરીફ સળગાવ્યું, લાચાર મહિલાઓની છેડતી, બળાત્કાર, છેલ્લે ખૂનો થયાં હતાં. એક દાર્શનિક પુરાવાનું કહેવું છે કે ટોળાએ મને આગ ચાંપી મારા ઘરમાંથી યુવાન દીકરીને બહાર ખેંચી જઈ તેના પર ટોળાએ સામૂહિક બળાત્કાર ગુજારી તલ્વારોના ઘા ઝીંકી ત્યાં જ ધારી દીધી હતી. એક બહેને જણાવ્યું કે, મેં મારા કુટુંબના આઠ સભ્યોને ગુમાવ્યા છે. ટોળા તથા પોલીસે સૌથી પહેલાં શરૂઆત મારા પતિ મુહમ્મદ યૂસુફને ઢોર માર મારીને કરી હતી. મારા પતિએ ઘરમાં આવી ક્યાંક જતા રહેવાનું કહેતાં હું મારાં બાળકો, બહેન અને મમ્મીને લઈને પાછળ આવેલી ચાલીમાં એક હિંદુ બહેને થોડો સમય રહેવા છૂટ આપતાં ત્યાં ગઈ પણ લોકોએ ત્યાં રહેવા ન દેતાં મારી મમ્મી, બાળકો, બહેન, એમનાં છોકરાઓ કુલ આઠ લોકોને ટોળાએ જ્વલનશીલ પ્રવાહી નાખી જીવતાં સળગાવી દીધાં.... આવા અનેક કંપાવી દેનારા બનાવો આ હત્યાકાંડના છે, ત્યારે ઉપરોક્ત ચુકાદો ભલે દસ વર્ષે આવ્યો પણ "દેર આયદ દુરુસ્ત આયદ" કહી શકાય છે, અને આવા જજમેન્ટો જ દેશમાં શાંતિનું સામ્રાજ્ય સ્થાપી શકે છે કેમ કે આવી સજાઓથી જાલિમ પ્રકૃતિના માનવોમાં એક ડરની ભાવના પેદા થશે જેથી જુલ્મો કરતાં વિચાર કરશે. આ સમયે હિંદના ન્યાયતંત્રને મુબારકબાદ છે !

## બરકાતે ખ્વાજાની ટપાલ........ કાર્યાલય

### ★ જશ્ને ચૌમે વિલાદતે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ★

**પેટલાદ** : મુકામે ૧૦ શવ્વાલુલ મુકર્રમ હિ.સ. ૧૪૩૩ તા. ૨૯–૮–૨૦૧૨ બુધવારે રઝા મુસ્લિમ વેલ્ફેર ટ્રસ્ટ તરફથી દારુલ ઉલૂમ કાદરિયા રઝવિય્યહ ખાતે હઝરત મુફતી મુહમ્મદ કલીમ અશરફ મિસ્બાહી સાહબની સદારતમાં જશ્ને વિલાદતે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં પેટલાદની વિવિધ મસ્જિદોના ઈમામ સાહબોએ હાજરી આપી શાને આ'લા હઝરતમાં શાનદાર બયાનો કર્યા તથા શાઈર હઝરાતે આ'લા હઝરતની શાનમાં આ'લા શેઅર પઢયા હતા. *(સ્થળ સંકોચનને કારણે રિપોર્ટ લાંબો હતો જે ટૂંકાવીને રજૂ કર્યો. –તંત્રી)*

**વસ્તી ખંડાલી** : મુકામે તા. ૨૫–૮–૨૦૧૨ના રોજ "મેહફિલે નઅતે પાક"નો શાનદાર પ્રોગ્રામ થયો જેમાં મુંબઈથી મશહૂર નઅતખ્વાં જનાબ ખાલિદ રઝા સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પોતાના અનોખા અંદાઝમાં નઅતે પાક તથા મન્કબતના ગુલદસ્તા પેશ કરી હાજરજનોનાં ઈમાનમાં તાજગી ભરી દીધી હતી. યુવાનોમાં અનેરો ઉત્સાહ પ્રેરાયો હતો. *(રજૂકર્તા : ઈરફાનભાઈ–વસ્તી ખંડાલી)*

**કાવી** : જનાબ માસ્તર સુલેમાન ઈસા દોલા (બરેલ્વી)ના પુત્ર મુહમ્મદ જુનૈદને ત્યાં પુત્ર જન્મ થયો જેનું નામ **"અહસન રઝા"** રાખવામાં આવ્યું જેની ખુશીમાં માસ્તર સાહબ તરફથી રૂા. ૧૧૧/– **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**ને મળ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તેમના **પૌત્રને તથા સર્વ કુટુંબીજનોને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન)** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**દયાદરા** : હાફેઝ ઈકબાલ દિવાન મછાસરાવાળાનો તા. ૨૮–૮–૨૦૧૨ના રોજ કેટલાક સમયની માંદગી બાદ ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં મર્હૂમને આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : ખાતે તા. ૨૯–૮–૨૦૧૨ મંગળવારે ઉષ્માનગની સુલેમાન પાદરવાળાનો થોડાક સમયની માંદગી બાદ યુવાન વયે ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં મર્હૂમને આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા )*

સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

**કાવી** : જનાબ માસ્તર સુલેમાન ઈસા દોલા (બરેલ્વી) તરફથી તેમના અહલિયા મર્હૂમા શરીફાબેનના ઈસાલે સવાબ અર્થે **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**ને રૂા. ૩૧૧/– મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં આ ખૈરાતને કૂબૂલ કરે અને મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**નબી ﷺના જીવનચરિત્ર પર અણમોલ કિતાબ !. સીરતુલ મુસ્તફા ﷺ**

લેખક : શૈખુલ હદીષ હઝરત અલ્લામા અબ્દુલ મુસ્તફા આ'ઝમી સાહબ

*(ગુજરાતીમાં, પેજ : ૭૪૬, રૂા. ૨૧૦ ટપાલ ખર્ચ સહિત)*

પ્રસ્તુત કિતાબ મેળવવા માટે સંપર્ક કરો :– **રઝવી કિતાબ ઘર** મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન : ૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા થકી

| કામનો પ્રકાર | સ્થળ | કોના તરફથી ? |
|---|---|---|
| **બોરીંગ કામ** (ઓગસ્ટ–૨૦૧૨) | નાની સુલ્તાનપુર તા. કપડવંજ | હાફેઝ મૂસા ઝંઘારવી (પ્રેસ્ટન) મર્હૂમા અહલિયાના ઈસાલે સવાબ અર્થે |
| **બોરીંગ કામ** (ઓગસ્ટ–૨૦૧૨) | મિરા નગર અંકલેશ્વર | એક મુસ્લિમબહેન–ભરૂચ તરફથી મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે |

**નોંધ** : જેઓ મસ્જિદ–મદ્રસા કે જાહેર વપરાશ માટે પાણીની વ્યવસ્થા માટે બોરીંગ કરાવવાની **જરૂરત ધરાવતા હોય તેઓ પણ** અને જેઓ મર્હૂમોના સવાબ અર્થે **બોરીંગ કામ** તથા **મસ્જિદ–મદ્રસાના બાંધકામ** તેમજ **સંચાલનમાં સહાય કરવા ઈચ્છતા હોય** તેઓ અમારો સંપર્ક કરી શકે છે. મોબાઈલ : 09427464411 (દયાદરા)

## ★ ઉર્સે સૈયદ નૂરાની رحمۃ اللہ علیہ મનાવાયો ★

**પેટલાદ** : મુકામે ૨૦ શવ્વાલ હિ.સ. ૧૪૩૩ તા. ૮–૯–૨૦૧૨ના રોજ મોહસિને અહલે સુન્નત હઝરત સૈયદ નૂરાનીબાવા رحمۃ اللہ علیہનો ઉર્સ મુબારક હઝરત સૈયદ મુહમ્મદ યૂસુફ નૂરાનીબાવા مدظلہ العالیની સરપરસ્તીમાં શાનો શૌકતથી મનાવાયો. બોડેલી, પાવીજેતપુર, કરજણ, સાધલી, થામ, ભરૂચ, કંબોલી, જંબુસર...વગેરેથી તથા યુ.કે.થી હાફેઝ આદમ કંબોલ્વી, મુહમ્મદ ઝુલ્ફિકાર માંગરોલી તેમજ હોલન્ડથી પણ હઝરતના મુરીદો, ચાહકો, અકીદતમંદો બહોળી સંખ્યામાં આવ્યા હતા. ઝહોરબાદ જુલૂસ સલાતો સલામ સાથે હઝરતના ઘરેથી દરગાહ શરીફે પહોંચ્યું ત્યાં કુર્આનખ્વાની, સલાતો સલામ, ગુલપોશી બાદ દુઆ સાથે વિસર્જન થયું હતું. **દયાદરા** મુકામે પણ "ઉર્સે નૂરાની" નિમિત્તે યાસીન શરીફનો ખત્મ રાખવામાં આવ્યો હતો તેમજ **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે ખત્મે કુર્આન શરીફ રાખીને ઈસાલે સવાબ કરવામાં આવ્યો હતો. *(રજૂકર્તા : નૂર મુહમ્મદ–થામ)*

# હિસ્સાવાળી કુર્બાનીમાં ભાગ લેશો !

**એક હિસ્સાના**

**રૂા. ૧૬૦૦ અથવા રૂા. ૧૮૦૦**

**:: સંપર્ક કરો ::**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરા**
મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**:: વાંકાનેર ખાતે સંપર્ક કરશો ::**
**કારી શાહિદ રઝા અકબરી કોઠીવાળા**
**મો. ૯૯૨૫૬ ૫૫૨૬૬**

**:: ભરૂચ ખાતે સંપર્ક કરશો ::**

| | |
|---|---|
| તારીકભાઈ શેખ–ભરૂચ | મો. ૯૪૦૮૭૩૬૯૬૫ |
| મુઈનભાઈ શેખ–ભરૂચ | મો. ૯૮૭૯૭૫૩૨૧૬ |
| હાફેઝ અબ્દુર્રહીમ સાહબ | મો. ૯૪૨૭૮૩૪૯૫૪ |
| યૂસુફભાઈ શેઠ–દયાદરા | મો. ૯૪૨૭૪૩૭૫૯૦ |
| શફીભાઈ ખંભાતવાલા | મો. ૯૯૦૪૫૯૬૬૮૨ |

**આ સંમતિ સાથે નામ નોંધાવશો** : "મેં મારા કુર્બાનીના જાનવરની ખરીદીથી લઈને ઝબહ સુધી તથા પછીના ખર્ચાઓ જેવા કે ભાડુ, ઘાસચારો, કસાઈની મજૂરી વગેરે તથા તેનો ગોશ્ત, ચામડુ વગેરે જેને ચાહે આપવાનો તથા જો રકમ બચી જાય તો તેને કોઈ પણ જાઈઝ કામમાં ખર્ચ કરવાનો દરેક પ્રકારનો અધિકાર સંચાલકોને આપ્યો." *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા*

# હજ્જ સંબંધી ત્રણ કિતાબોનો સેટ (૧-પેકેટમાં)

**મા'મૂલાતે હરમૈન : ૧. હજ્જ શા માટે કરશો ?**
**૨. હજ્જ કેવી રીતે કરશો ? ૩. આદાબે મદીના**

**હદિયો : રૂા. ૧૦૦/-**

જેમાં એક હાજીએ જાણવા જેવી સર્વ વિગતો દર્શાવેલી છે અને હજ્જના અગત્યના તથા બારીક બારીક મસાઈલ પણ દર્શાવ્યા છે તેમજ મદીના પાકના આદાબ પણ વર્ણવ્યા છે જેને વાંચવા જરૂરી છે, જેથી સહીહ તરીક઼ાથી હજ્જ તથા ઝિયારત થઈ શકે.

સંપાદક : **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** (ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

પ્રકાશક : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા),**
મુ. દયાદરા, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
નોંધ : **ઉર્દૂ તથા અંગ્રેજીમાં પણ આ કિતાબ મળી શકે છે.**

## ★ નઅતે પાકની કિતાબ મંગાવો ★

કિતાબનું નામ : **સફીનએ બખ્શિશ** (ગુજરાતીમાં, પેજ : ૮૮, હદિયો : રૂા. ૧૦/–)

અઝ : તાજુશ્શરીઅહ્ જાનશીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મુફતી **મુહમ્મદ અખ્તર રઝા અઝહરી** مدظلہ العالی

પ્રકાશક : **અલ રઝા મજલિસ કમિટી**, જૂની દીવાદાંડી પાસે, મરીન એન્જીનિયરીંગ સામેની ગલીમાં, પોરબંદર

# કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**આયોજિત જમવા રહેવા સાથે**

## ૩ × ૨ લકઝરી બસ દ્વારા

**બસ ઉપડવાની તારીખ : ૧૧/૧૧/૨૦૧૨, રાત્રે : ૧૦.૦૦ વાગ્યે.**

**પ્રવાસના સ્થળો : ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, ફતેપુર–સીક્રી, બરેલી, હલદ્વાનિ, નૈનિતાલ, હરિદ્વાર, કલીયર શરીફ, મસૂરી, દિલ્હી, જયપુર, મીરાદાતર અને પરત ધોળકા**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૫,૦૦૧/– | રૂા. ૨,૭૦૧/– | ૧૨ |

**બસ ઉપડવાનું સ્થળ :** તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, **ધોળકા**

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૦૯૨૪૫૧૨૨**

**નોંધ : ૧.** રૂા. ૧૦૦/– ગાઈડખર્ચ તથા યાત્રીવેરો વગેરે યાત્રીકોએ અલગથી આપવાનો રહેશે. **૨.** હલદ્વાનિથી નૈનિતાલ અને હરિદ્વારથી મસૂરી સ્વખર્ચે જવાનું રહેશે. **૩.** નૈનિતાલ અને મસુરી પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે. **૪.** તા. ૨૩/૧૧/૨૦૧૨ના રોજ સવારની ચા તેમજ જમવાનું સ્વખર્ચે રહેશે. **૫.** રૂા. ૨૦૦૧ ડિપોઝીટ ભરી આપની મનપસંદ શિટ બુક કરાવો. **૫.** બેંક, એલ. આઈ.સી. અને જી.આઈ.સી. ના કર્મચારીશ્રીઓને એલ.ટી.સી. મળશે. એલ.ટી. સી. મેળવનારે એક આખી ટીકીટે રૂા. ૫૦૦/– વધુ ચૂકવવાના રહેશે.